અંદાજપત્ર પ્રકાશન - ૪૦

सत्यमेव जयते

ગુજરાત સરકાર

# કામગીરી અંદાજપત્ર

## ૨૦૨૪-૨૦૨૫

## વન અને પર્યાવરણ વિભાગ

વન અને પર્યાવરણ વિભાગ,

સચિવાલય, ગાંધીનગર

૨૦૨૪
સરકારી મુદ્રણાલય અને લેખનસામગ્રી,
રાજકોટ.

**સંજીવ કુમાર,** આઈ.એ.એસ.
**અગ્ર સચિવ**

સત્યમેવ જયતે

**ક્રમાંકઃ**
**ગુજરાત સરકાર**
**વન અને પર્યાવરણ વિભાગ**

## આમુખ

વહીવટી સુધારા કમિશને ભલામણ કરી હતી કે, વિકાસ કાર્યક્રમોનો સીધો હવાલો સંભાળતા ખાતા અને સંગઠનોએ કામગીરી અંદાજપત્ર પદ્ધતિ દાખલ કરવી. ગુજરાત સરકારે આ ભલામણ સ્વીકારી અમલમાં મુકેલ છે. જેના ભાગરૂપે વન અને પર્યાવરણ વિભાગ તેનું સને ૨૦૨૪-૨૦૨૫ નું કામગીરી અંદાજપત્ર રજૂ કરે છે .

આ વિભાગનું કામગીરી અંદાજપત્ર તૈયાર કરવા પાછળનો મુખ્ય ઉદેશ વિભાગને સુપરત કરવામાં આવેલ પ્રવૃતિઓનો ચિતાર આપવાનો છે. તે સંદર્ભમાં રાજયમાં વન વિસ્તારમાં વૃદ્ધિ થાય, જંગલ અને જંગલ બહારના વિસ્તારમાં વૃક્ષ આચ્છાદિત વિસ્તારનો વિકાસ થાય, સાથે સાથે હયાત વનો અને વૃક્ષ આચ્છાદિત વિસ્તારોનું સંરક્ષણ અને વનપેદાશોનો વિકાસ થતો રહે, વન્યજીવ પ્રાણી સંરક્ષણ તેમજ પર્યાવરણની માવજત સાથે જૈવિક વિવિધતા જળવાઇ રહે. આ જૈવિક વિવિધતાનું સંરક્ષણ અને પર્યાવરણના રક્ષણ માટેના કાયદા દ્વારા લોકોમાં તેની અભિરુચિ વધે અને તેનું યોગ્ય પાલન થાય તે માટેની યોજનાઓની પ્રગતિ અને હવે પછી હાથ ધરવામાં આવનાર પ્રવૃતિઓની વિગતોનો આ કામગીરી અંદાજપત્રમાં સમાવેશ કરવામાં આવેલ છે .

સરકાર દ્વારા રાજયના લોકોની પ્રકૃતિ પ્રત્યેની અભિરુચિ વધે તે માટેના મેળા, ઇકોફેર પ્રદર્શન, સ્પર્ધાઓ, કેમ્પ તેમજ યુવાવર્ગ - વિદ્યાર્થી જગતમાં પર્યાવરણ પ્રત્યે જાગૃતિ અને ચેતના વધે તેવા પ્રયત્નો વિવિધ યોજનાઓ દ્વારા હાથ ધરવામાં આવે છે .

આ વિભાગમાં ઉક્ત વિષયોની નીતિનું ઘડતર તેમજ ખાતાના વડા, બોર્ડ, કમિશન, સંસ્થાઓ, વિવિધ એજન્સીઓ દ્વારા તેનું અમલીકરણ થાય તે માટેની કામગીરી વન અને પર્યાવરણ વિભાગને સોંપવામાં આવેલ છે .

રાજયમાં વન અને વન પેદાશોના તેમજ પર્યાવરણના જતન અને અભિવર્ધન માટે વિભાગ હેઠળના ખાતાના વડાઓ તેમજ બોર્ડ, કમિશન, સંસ્થાઓ અને વિવિધ એજન્સીઓ મારફત અમલમાં મૂકાયેલી યોજનાઓનો સને ૨૦૨૪-૨૫નો અંદાજ તેમજ સને ૨૦૨૩-૨૪ના સુધારેલ અંદાજ નો સમાવેશ કરવામાં આવે છે. આ વિગતો વહીવટી તંત્ર હેઠળના ખાતાના વડાઓના સહયોગથી તૈયાર કરવામાં આવેલ છે .

તારીખઃ-૨૩/૦૧/૨૦૨૪

Sanjeev
**(સંજીવ કુમાર, IAS)**

બ્લોક નં. ૧૪, આઠમો માળ, સરદાર ભવન, સચિવાલય, ગાંધીનગર-૩૮૨૦૧૦, (ગુજરાત)
ટેલી. નં. (૦૭૯) ૨૩૨૫૧૦૫૧, ૨૩૨૫૧૦૫૩, ફેક્સઃ (૦૭૯) ૨૩૨૫૨૧૫૬, ઈ-મેઈલઃ **secfed@gujarat.gov.in**

## સબંધિત માંગણી નંબરો અને મુખ્ય સદરો.

| માંગણી નંબર | મુખ્ય વિભાગ | મુખ્ય સદર |
|---|---|---|
| ૨૫ | વન અને પર્યાવરણ વિભાગ | ૩૪૫૧ – સચિવાલય આર્થિક સેવાઓ<br>૪૦૭૦ – અન્ય વહીવટી સેવઓ પર મૂડી ખર્ચ |
| ૨૬ | વન | ૨૦૪૯ – વ્યાજની ચુકવણી<br>૨૪૦૬ – વન નિર્માણ અને વન્યપ્રાણી જીવન<br>૪૪૦૬ – વન નિર્માણ અને વન્યપ્રાણી જીવન અંગે મૂડી ખર્ચ જોગવાઇ. |
| ૨૭ | પર્યાવરણ | ૨૨૧૫ - પાણી પુરવઠો અને સ્વચ્છતા<br>૩૪૩૫ – પરિસ્થિતિ વિજ્ઞાન અને પર્યાવરણ |
| ૨૮ | વન અને પર્યાવરણ વિભાગને | ૭૬૧૦ – સરકારી કર્મચારીઓ વગેરેને લોન, લગતું અન્ય ખર્ચ વગેરે |
| ૯૫ | ખાસ અંગભૂત યોજના | ૨૪૦૬ - વન નિર્માણ અને વન્યપ્રાણી જીવન<br>૪૪૦૬ – વન નિર્માણ અને વન્યપ્રાણી જીવન અંગે મૂડી ખર્ચ જોગવાઇ. |
| ૯૩/૯૬ | આદિજાતિ વિસ્તાર પેટા યોજના | ૨૪૦૬ – વનનિર્માણ અને વન્યપ્રાણીજીવન<br>૪૪૦૬ – વન નિર્માણ અને વન્યપ્રાણી જીવન અંગે મૂડી ખર્ચ જોગવાઇ.<br>૨૫૭૫ – અન્ય ખાસ વિસ્તાર કાર્યક્રમો |

# સને ૨૦૨૪-૨૦૨૫ના વર્ષનું કામગીરી અંદાજપત્ર

## વિષય સૂચિ


| ક્રમાંક | વિભાગ/કચેરીનુંનામ | પાનાનં. |
|---|---|---|
| ૧. | વન અને પર્યાવરણ વિભાગ (ખુદ) | ૧ |
| ૨. | અગ્ર મુખ્ય વનસંરક્ષકશ્રીની કચેરી, ગાંધીનગર. | ૫ |
| ૩. | ગુજરાત રાજય વન વિકાસ નિગમ લિમિટેડ, વડોદરા. | ૨૫ |
| ૪. | ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ, ગાંધીનગર. | ૩૧ |
| ૫. | ગુજરાત ઇકોલોજી કમિશન, ગાંધીનગર. | ૩૯ |
| ૬. | ગુજરાત પર્યાવરણ પ્રબંધન સંસ્થાન (ગેમી), ગાંધીનગર. | ૫૩ |
| ૭. | ગીર ફાઉન્ડેશન, ગાંધીનગર. | ૬૯ |
| ૮. | ગુજરાત કલીનર પ્રોડકશન સેન્ટર, ગાંધીનગર. | ૮૯ |
| ૯. | ગુજરાત બાયોડાયવર્સિટી બોર્ડ, ગાંધીનગર. | ૯૫ |

# વન અને પર્યાવરણ વિભાગ

# (ખુદ)

# સને ૨૦૨૪-૨૫ના વર્ષનું કામગીરી અંદાજપત્ર

વન અને પર્યાવરણ વિભાગમાં રાજ્યનાં વન ખાતાને લગતી યોજનાકીય કામગીરી, વનો અને વન્યપ્રાણી જીવનને લગતા જુદા-જુદા કાયદાઓનું અમલીકરણ તેમજ મહેકમને લગતા અગત્યના નિર્ણયો લેવામાં આવે છે, તેમજ પર્યાવરણ અભિગમ અન્વયે તે અંગેના સર્વે સંશોધન વગેરે બહુજન સમાજમાં પ્રણાલિગત કરવા અંગેનું માળખું કેવી રીતે તૈયાર કરવું તે અંગેની પ્રાથમિક તબક્કાની વિચારણા તેમજ પ્રદૂષણ નિયંત્રણ અંગેના અમલ માટે નીતિ નિયમો ઘડવા વગેરે બાબતો હાથ ધરાય છે.

સરકારે નિયત કરેલ નીતિ અને હુકમો પ્રમાણે સંબંધિત ખાતાઓના વડા મારફત કામગીરી બજાવવામા આવે છે કે કેમ, તે અંગે સમયાંતરે વિભાગના અગ્ર સચિવશ્રી તેમજ નાયબ સચિવશ્રીઓ સાથે વિભાગના વહીવટી નિયંત્રણ હેઠળના ખાતાના વડાઓની બેઠકો યોજવામાં આવે છે. જેમા ખાતાઓના વડાઓ મારફતે થયેલ કામગીરી અને પ્રગતિની સમીક્ષા કરવામાં આવે છે તેમજ ખાતાઓના વડા મારફત રજૂ કરવામાં આવતા પ્રશ્નો અંગે જરૂરી સૂચનો અને માર્ગદર્શન આપવામાં આવે છે. ખાસ કરીને તેમની કામકાજની પદ્ધતિ વધુને વધુ લોકાભિમુખ થાય તે માટે પણ જરૂરી સૂચનો કરવામાં આવે છે.

આ વિભાગ હેઠળ નીચે મુજબનાં ખાતાના વડા/બોર્ડ/કોર્પોરેશન તેમજ અન્ય સંસ્થાઓ કાર્યરત છે :

(૧) અગ્ર મુખ્ય વન સંરક્ષકશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.

(૨) ગુજરાત રાજ્ય વન વિકાસ નિગમ લિ., વડોદરા.

(૩) ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ, ગાંધીનગર.


(૪) ગુજરાત ઈકોલોજી એજ્યુકેશન એન્ડ રિસર્ચ ફાઉન્ડેશન (ગીર ફાઉન્ડેશન), ગાંધીનગર.

(૫) ગુજરાત ઈકોલોજી કમિશન, ગાંધીનગર.

(૬) ગુજરાત પર્યાવરણ પ્રબંધ સંસ્થાન (ગેમી), ગાંધીનગર.

(૭) ગુજરાત બાયોડાવર્સીટી બોર્ડ, ગાંધીનગર.

## વન અને પર્યાવરણ વિભાગનું વહીવટી માળખું



# અગ્ર મુખ્ય વન સંરક્ષકશ્રીની
# કચેરી,
# ગુજરાત રાજય,
# ગાંધીનગર

## :: પ્રસ્તાવના ::

ગુજરાત રાજયમાં વન વિસ્તારનું પ્રમાણ કુલ વિસ્તારના ૧૧% જેટલું હોવા છતાં જૈવિક વિવિધતાની દ્રષ્ટિએ ગુજરાત આગવું સ્થાન ધરાવે છે. ગુજરાત રાજયના દક્ષિણ વિસ્તારમાં ૨૫૦૦ મી.મી. અને પશ્ચિમ વિસ્તારમાં આવેલ કચ્છના રણમાં ૨૫૦ મી.મી. સરેરાશ વરસાદ પડતો હોવા છતાં વનસ્પતિ, વનો અને વન્યજીવો અંગે ખૂબજ વિવિધતા જોવા મળે છે. સને ૨૦૨૩-૨૪ માટે કુલ જોગવાઇ રૂા.૧૯૭૮૭૩.૬૬ લાખ કરવામાં આવેલ. જે પૈકી સામાન્ય વિસ્તાર માટે રૂા.૧૫૪૯૬૫.૧૦ લાખ તેમજ આદિજાતિ વિસ્તાર પેટાયોજના હેઠળ રૂા.૩૭૨૯૦.૭૯ લાખ અને એસ.સી.એસ.પી. માટે રૂા.૫૬૧૭.૭૭ લાખની જોગવાઇ કરવામાં આવેલ હતી. સને ૨૦૨૪-૨૫ માટે કુલ સુચિત જોગવાઇ રૂા.૨૫૨૩૬૮.૨૦ લાખ છે. સામાન્ય માટે રૂા.૨૦૩૯૪૪.30 લાખ તેમજ આદિજાતિ વિસ્તાર પેટા યોજના હેઠળ રૂા.૪૨૬૬૦.00 લાખ અને ખાસ અંગભૂત યોજના હેઠળ રૂા.૫૭૬૪.00 લાખ સૂચિત જોગવાઇ છે.

રાજયના વિકાસની સાથે પર્યાવરણના જતન માટે વનોનું રક્ષણ અને સંવર્ધન જરૂરી છે. વન્યપ્રાણીના સંરક્ષણ અને જતન માટે રાજયે નોંધપાત્ર કામગીરી કરેલ છે. જેથી એશિયાઇ સિંહ ગુજરાતનું ગૌરવ છે. રાજયે મીયાવાકી (વનકવચ) પદ્ધતિથી તથા એગ્રો ફોરેસ્ટ્રીથી સામાજીક વનીકરણને વેગવંતુ બનાવવામાં હરણફાળ ભરી છે. વનોને સમૃધ્ધ કરી પર્યાવરણનું રક્ષણ કરવા માટે વન વિભાગે કરેલ પ્રયત્નોના પરિણામ ઘણા સારા છે. જેમાં સહભાગી વન વ્યવસ્થા મુખ્ય છે. છેલ્લા કેટલાક વર્ષોમાં થયેલા કામોને લીધે પ્રજાજનો અને અધિકારી-કર્મચારીઓ વચ્ચેના સંબંધ સુમેળભર્યા બન્યા છે. જેથી પ્રજાના સહકાર અને સુમેળભર્યા વાતાવરણમાં વનોને લોકો માટે અને લોકો વડે સમૃધ્ધ કરવાનું કામ થઇ શક્યુ છે. જેના પરિણામે ફોરેસ્ટ સર્વે ઓફ ઇન્ડીયા-૨૦૨૧ના અહેવાલ પ્રમાણે ગુજરાતમાં વન આચ્છાદિત વિસ્તાર ૧૪૯૨૬ ચો.કી.મી. થવા પામેલ છે. જે ભૌગોલિક વિસ્તારના ૧૧.03% વૃક્ષાચ્છાદિત વિસ્તાર નોંધાયેલ છે.

- <u>**વન્યપ્રાણી :**</u>
  - **વન્યપ્રાણી વ્યવસ્થા અને વિકાસ :**

ગુજરાત રાજ્ય જૈવિક વિવિધતાની દ્રષ્ટિએ ખુબ જ સમૃધ્ધ છે. ગુજરાત રાજ્યમાં ૨૪ અભ્યારણ્યો ૪ રાષ્ટ્રીય ઉદ્યાનો તથા ૧ કન્ઝર્વેશન વિસ્તાર જાહેર કરી વિવિધ વન્યપ્રાણીઓનું સંરક્ષણ કરવા, તેમના વસવાટ, મેનેજમેન્ટ પ્લાન તૈયાર કરી તે આધારે વન્યપ્રાણીઓના નિવાસની જાળવણી, સુધારણા, ખોરાક પાણીની વ્યવસ્થા રેસ્કયુ તેમજ સારવાર જેવી વિવિધ કામગીરી ઉપરાંત વન્યપ્રાણી-માનવ વચ્ચે હુમલાના બનાવો પ્રસંગે વળતર ચુકવણી, પ્રજાના વિવિધ વર્ગોને વન્યપ્રાણી વિષયક જ્ઞાન પ્રદાન કરવા સારૂ શીબીરોનું આયોજન ઉપરાંત પ્રવાસી સુવિધાઓ વિકસાવવાની કામગીરી પણ આ યોજના હેઠળ આવરી લેવામાં આવેલ છે. આ ઉપરાંત ઈકો ડેવલપમેન્ટ યોજના, ઈકો ટુરીઝમ, પ્રાણી વિદ્યા વિષયકની કામગીરી, વિશ્વ વિખ્યાત ગીર અભયારણ્ય, રાષ્ટ્રીય ઉધ્યાન

તેમજ બૃહદ ગીર વિસ્તારમાં સિંહના લાંબા ગાળાના સંરક્ષણ અને સંવર્ધનની યોજના માટે પ્રોજેક્ટ લાયન- લાયન@ ૨૦૪૭ : વિઝન ફોર અમૃતકાળ અમલમાં છે.

રાજયમાં નોંધપાત્ર કહી શકાય તેવો દેવળીયા તથા આંબરડી સફારી પાર્ક હાલમાં છે તથા નળીયા માંડવી ખાતે નવીન સફારીની કામગીરી હાલમાં ચાલુ છે. વધુમાં સને ૨૦૨૪-૨૫ દરમિયાન અન્ય નવીન સફારી પાર્ક વિકસાવવાની કામગીરી પણ હાલ ગતીમાં છે. ગુજરાત રાજ્યમાં મહદ અંશે કુદરતી નિવાસ સ્થાન ધરાવતા વન્ય પ્રાણીઓની સંખ્યામાં તબક્કાવાર રીતે વૃધ્ધિ થઇ રહેલ છે. તેમને જાળવવા તથા સંરક્ષણ આપવા સારૂં લુપ્ત થતાં વન્યજીવોની કામગીરી સરકારશ્રી તરફથી હાથ ધરવામાં આવી છે.

રાજયમાં વન્યપ્રાણીઓના સંરક્ષણ અને સંવર્ધન પ્રત્યે લોક જાગૃતિ અને લોક શિક્ષણના ભાગરૂપે દર વર્ષે કરુણા અભિયાન, વિશ્વ વન્યપ્રાણી દિવસ, સિંહ દિવસ, વ્હેલ શાર્ક દિવસ, વન્યપ્રાણી સપ્તાહ વિગેરેની ઉજવણીઓ કરવામાં આવે છે. વન્યજીવ સમૃધ્ધિના વૈવિધ્ય પૂર્ણ વારસાના જતન માટે વન્યજીવોના સંરક્ષણ અને સંવર્ધનમાં સ્થાનિક લોકોનો સહકાર મળી રહે, પ્રજામાં વન્યજીવો પ્રત્યેની જાગરૂકતામાં વધારો થાય, વન્યજીવોની જીવન પધ્ધતિ, ખોરાક, સ્વભાવની વિશેષતાઓ, વન્યજીવ પ્રત્યે યોગ્ય વ્યવહાર અને વર્તણૂંક અંગેની સચોટ માહિતી લોકોને મળે અને માનવ-વન્યપ્રાણી ઘર્ષણમાં ઘટાડો થાય તે આશયથી પ્રચાર-પ્રસાર કરી લોકોમાં રહેલ ગેરસમજણ/ભ્રમ દૂર કરી તેમનો રોષ શાંત કરવા જેવી મહત્વની કામગીરી કરવામાં આવે છે.

વન્યપ્રાણીઓના સંરક્ષણના કામો માટે નીચે દર્શાવેલી યોજનાઓમાં સને ૨૦૨૪-૨૫માં ચાલુ બાબતમાં રૂા.૩૬૪૧૬.૯૦ લાખની સૂચિત જોગવાઇ કરવામાં આવેલ છે.

૧. રાષ્ટ્રીય ઉધાનો અને અરણ્યોની વ્યવસ્થા અને વિકાસ
૨. વન વિસ્તારની બહાર વન્ય સુષ્ટિનો વિકાસ
૩. ગીર ફાઉન્ડેશન અને ઇન્દ્રોડા પાર્કને સહાય આપવાની યોજના
૪. પરિસ્થીતી વિષયક વિકાસ (ઇકો ડેવલોપમેન્ટ)
૫. પરિસ્થીતી વિષયક પ્રવાસન (ઇકો ટુરીઝમ)
૬. વન્ય પ્રાણી સંગ્રહાલય અને રાષ્ટ્રીય ઉધાનોનો વિકાસ
૭. વાઇલ્ડ લાઇફ જીનોમીકસ એન્ડ ડી.એન.એ.બેકિંગ ફેસીલીટીઝ યોજના
૮. બાયોડાયવર્સીટી બોર્ડ

❖ <u>વન્યપ્રાણી યોજનાઓની સૂચિત નવી બાબતો :</u>

➢ **નવા વન્યપ્રાણી આકર્ષણ વિકસાવવા,**

- પીરોટન આઇલેન્ડ ટાપુનો વિકાસ, હાફેશ્વર થી કેવડીયા સુધી નેચર ટ્રેઇલ, મહત્વની ઇકો-ટુરીઝમ સાઇટનો વિકાસ તથા મહત્વના પ્રવાસન સ્થળો નજીક નવા સફારીની રચના થકી નવા વન્યપ્રાણી આકર્ષણ વિકસાવવા માટે **રૂ.૨૫૦૦ લાખની જોગવાઇ** સુચિત કરેલ છે

➢ **વન્ય પ્રાણી વિકાસની મહત્વની તાંત્રીક જરૂરીયાતો સંતોષવા**

- પ્રાણી માનવ ઘર્ષણ ઘટાડવા ક્વિક રીસ્પોન્સ ટીમ, શહેરી વિસ્તારમાં આવેલ વેટલેન્ડનો વિકાસ તથા રાજ્યના પુર્વપટ્ટીના વન વિસ્તારને તૃણભક્ષી પ્રાણીઓથી સમૃદ્ધ બનાવવા બ્રીડીંગ સેન્ટરની કામગીરી માટે વર્ષે **રૂ.૮૭૫ લાખની જોગવાઇ** કરવામાં આવેલ છે.
- પક્ષી સારવાર કેન્દ્ર બિલાસીયા અને બોડકદેવના વ્યવસ્થાપન માટે **રૂ.૧૦૦ લાખની જોગવાઇ** કરવામાં આવેલ છે.

➢ **જરૂરી માળખાકીય સુવિધા-મહેકમ**

- આગામી વર્ષમાં કાર્યરત થનાર નવીન સફારીની માળખાકીય સુવિધા માટે કાયમી મહેકમ તથા આઉટ સોર્સીંગ દ્વારા સુચારૂ વ્યવસ્થાપન માટે નવી બાબત તરીકે **રૂ.૧.૦૦ લાખની ટોકન જોગવાઇ** કરવામાં આવેલ છે.

➢ **જરૂરી માળખાકીય સુવિધા- બાંધકામ**

- રાજ્યમાં અંતરીયાળ વિસ્તારમાં ફરજ બજાવતા સ્ટાફ માટે ટ્રાન્ઝીટ હોસ્ટેલ-તલાલા, બાંધકામની કામગીરી માટે નવી બાબત તરીકે **રૂ.૨૦૦ લાખની જોગવાઇ** કરવામાં આવેલ છે.
- કેન્દ્ર સરકારશ્રી દ્વારા ઇન્દ્રોડા પાર્ક માટે મંજુર થયેલ માસ્ટર પ્લાન મુજબ **ઇન્દ્રોડા પાર્કના આધુનિકરણ** માટે **રૂ.૨૦૦૦ લાખની જોગવાઇ** કરવામાં આવેલ છે.
- સાસણ અને જુનાગઢ વચ્ચે આઈકોનીક બોટનીકલ ગાર્ડન માટે **રૂ.૨૦૦ લાખની જોગવાઇ** કરવામાં આવેલ છે.

❖ <u>વિકાસ અને વ્યવસ્થા :</u>

➢ **વન વ્યવસ્થા અને વિકાસ**

વન વ્યવસ્થા અને વિકાસ યોજના હેઠળ વિવિધ મોડેલોમાં વનીકરણ કરવામાં આવે છે. આ યોજના હેઠળ સને ૨૦૨૩-૨૪માં આ યોજના હેઠળ રૂ.૩૫૫૫૫.૨૨ લાખની નાણાંકીય જોગવાઇ સામે ૨૩૦૨૪ હેકટરના લક્ષ્યાંક સિદ્ધ કરવામાં આવેલ છે. સને ૨૦૨૪-૨૫માં ચાલુ બાબત માટે આ યોજના હેઠળ રૂ.૪૦૫૦૧.૦૦ લાખની નાણાંકીય સુચિત જોગવાઇ કરવામાં આવેલ છે.

વન વિસ્તાર પર મોટા પાયે ડ્યુ થતા કુપોમાં વનોની ગીચતા આધારે વિવિધ મોડલ હેઠળ વનીકરણ કરવામાં આવે છે. તે ઉપરાંત ભુમિ અને ભેજ સંરક્ષણતે લગત કામો, જુના વાવેતરોની જાળવણીમાં વાડ રીપેરીંગ, કુદરતી રોપાને કટ-બેક અને પ્રૂનીંગની કામગીરી વન વિસ્તારમાં ગામમાં મોટાભાગના લોકોની આર્થિક આજીવિકા જંગલ ઉપર આધારીત હોય છે તેવા કુટુંબોને કલસ્ટરના આયોજનમાં સામુહિક કે વ્યક્તિગત લાભો આપી તેઓની આજીવિકાના સંશાધનો ઉભા કરી આવા કુટુંબોનું જંગલ ઉપરનું ભારણ ઘટાડવું, ફળાઉ રોપાનું ઉછેર કરી વિતરણ તેમજ વિવિધ જાતના વૃક્ષોના રોપા ઉછેરવાથી વન પેદાશ મળતું રહેશે. ગ્રામિણ વસ્તી ઘરઘથ્થુ બળતણ માટે મહદ અંશે જલાઉ લાકડું ઉપયોગમાં લે છે. પોતાના મકાનોના બાંધકામ અને ખેતી વિષયક ઓજારો બનાવવા માટે પણ તેમને ઓછા ઘેરાવવાળા લાકડાની જરૂર પડે છે, વસ્તીમાં વધારો થવા સામે આ માંગમાં નોંધપાત્ર વધારો થયો છે. તેથી જલાઉ અને નાના ઇમારતી લાકડાના પ્રાપ્તિ સ્રોત વિકસાવવાના હેતુથી આ યોજના હેઠળ વૃક્ષોનું વાવેતર કરવામાં આવે છે.

પવિત્ર ઉપવન, વિલુપ્ત થતી પ્રજાતિનું વાવેતર, ડ્રોનથી બીજનો છંટકાવ કરી વાવેતર થકી પાંખા થયેલ વિસ્તારને હરીયાળુ બનાવવાની કામગીરી કરવામાં આવે છે. તથા સાગ એ અતિ કિંમતી ઇમારતી લાકડાની જાત છે અને તેની બજાર કિંમત ઘણી જ ઉંચી છે. ખેર પણ કિંમતી જાત છે. જે કાથો બનાવવા માટેની કાચી સામગ્રી પુરી પાડે છે. વાંસ ગરીબના ઇમારતી લાકડા તરીકે ઓળખાય છે. અને ટોપલા બનાવવા અને ઝુંપડા બાંધવા માટે ગ્રામજનો તરફથી એની મોટી માંગ છે. તેથી વનોનું આર્થિક મુલ્ય વધારવા સાગ, ખેર અને વાંસ મીશ્ર વાવેતર, તથા સેડ બેઅરીંગ વાવેતર કરવાની કામગીરી કરવામાં આવે છે.

જે તે સ્થળ વિસ્તારને અનુરૂપ વિવિધ જાતના રોપાઓનું વાવેતર કરવામાં આવે છે.આ યોજનામાં યોગ્ય જાતનું વાવેતર કરીને સઘન ભૂમિ અને ભેજ સંરક્ષણ કામો હાથ ધરવા, રણની રેતીને આગળ વધતી અટકાવવા માટે રણના પવનોની સામે આડશ તરીકે કામ આવે તેવી રક્ષણપટી ઉભી કરવા, દરિયા કિનારા પાસેની સાંકડીપટ્ટી છુટી અને ખસતી રેતીની બનેલી છે. આ રેતના પટને સ્થાયી કરવા અને જમીનને ખાસ પવનોથી રક્ષણ પુરૂ પાડવા, સૌરાષ્ટ્રમાં બોડા ડુંગરો અને ઉજ્જડ સમતલ અને કોતર જમીનમાં ટપક સિંચાઇ પધ્ધતિથી વાવેતર કરવા તથા ખૂબ માંગ હોય તેવી ગૌણ વન પેદાશોની ઉતારો આપતી જાતોનો ઉછેર કરી વાવેતર કરવાનું આયોજન હાથ ધરાય છે. જેમાં ડેન્સ ફોરેસ્ટ વાવેતર, ગેપ ફોરેસ્ટ, વાવેતર રણકાંઠે વાવેતર, દરિયા કાંઠે વાવેતર, ટપક સિંચાઇ પધ્ધતીથી વાવેતર વિગેરે વિવિધ પ્રકારના મોડેલો હેઠળ વનીકરણની કામગીરી હાથ ધરવામાં આવે છે.

- **રસ્તા અને મકાનો**

વન વિભાગમાં ચાલતાં તમામ કામો સમયસર થાય તે માટે હયાત વન રસ્તાઓને મરામત કરાવીને જરૂર જણાય ત્યાં નવા રસ્તા બનાવવાનું આયોજન છે. મહત્વના વન રાજયના અંતરીયાળ

વિસ્તારોમાં આવેલાં છે. જયાં રહેણાંકની કોઇ વ્યવસ્થા નથી. આવા સ્થળોએ કર્મચારી/અધિકારીના રહેણાંકના મકાનો, કચેરીના મકાનો, મકાનો રીપેરીંગ તથા ઘાસ અને અન્ય વનપેદાશોને એકઠું કરી સંગ્રહ કરવા ગોડાઉનની જાળવણી જરૂરી છે. જેના માટે સને ૨૦૨૩-૨૪માં કુલ રૂા.૨૭૦૦.૦૦ લાખની જોગવાઇ કરેલ. જૈ પૈકી સામાન્ય વિસ્તાર માટે રૂા.૧૭૫૦.૦૦ લાખ અને આદિવાસી વિસ્તાર માટે રૂા.૯૫૦.૦૦ લાખ જોગવાઇ કરવામાં આવેલ. જ્યારે સને ૨૦૨૪-૨૫ ચાલુ બાબતમાં રૂા.૨૮૦૦.૦૦ લાખની જોગવાઇ સુચિત કરવામાં આવેલ. જૈ પૈકી સામાન્ય વિસ્તાર માટે રૂા.૧૮૦૦.૦૦ લાખ અને આદિવાસી વિસ્તાર માટે રૂા.૧૦૦૦.૦૦ લાખ જોગવાઇ કરવામાં આવેલ છે.

➢ **ચેર વિસ્તારના વ્યવસ્થાપન**

સમગ્ર દેશમાં ગુજરાતમાં સૌથી લાંબો ૧૬૦૦ કી.મી.નો દરીયા કિનારો આવેલ છે. ગુજરાત રાજયમાં ૧૧૦૩ ચો.કીમી વિસ્તાર ચેર આચ્છદીત વિસ્તાર આવેલ છે. જે સમગ્ર દેશમાં સુંદરવન પછીના બીજા નંબરે આવે છે.

ચેરના વૃક્ષો વિશાળ માત્રામાં શ્વસન મુળ ધરાવે છે. જે દરિયાના કાંઠાળ વિસ્તારોના ધોવાણ સામે રક્ષણ આપે છે. ચેરના વૃક્ષો ભરતી ઓટના મોજાઓથી ધોવાણ અટકાવે છે. તેમજ ખાસ કરીને વાવાઝોડા તથા સુનામી જેવી કુદરતી આફતોમાં કાંઠાળ વિસ્તારને મજબુત રક્ષણ આપે છે. ચેરના વૃક્ષો મત્સ્યોધોગ માટે અત્યંત જરૂરી છે. તે માછલીઓ તથા અન્ય દરિયાઇ સમુદાયોને વિપુલ માત્રામાં ખોરાક અને આશ્રય સ્થાન પુરૂ પાડે છે. જમીનમાં ખારાશ આગળ વધતી અટકાવી રક્ષણ કરે છે. ચેરના વૃક્ષો અત્યંત ખારાશવાળા દરીયાઇ કાદવીયા વિસ્તારોમાં પણ ટકી શકે છે. ચેરના વૃક્ષો બારમાસી લીલા વૃક્ષો છે જે કાંઠાળા વિસ્તારના પશુધન માટે લીલોચારો પુરો પાડે છે. સ્થાનીક લોકોને રોજી અને બળતણ પુરૂ પાડે છે.

ચેરના જંગલો/વૃક્ષો જૈવિક વૈવિધ્યનો ભંડાર છે અને તે અનેક પ્રકારના જીવોને આશ્રય આપે છે. સદર યોજના હેઠળ સને ૨૦૨૩-૨૪માં રૂા.૪૦૦.૦૦ લાખની જોગવાઇ કરવામાં આવેલ હતી. જ્યારે સને ૨૦૨૪-૨૫માં રૂા.૪૧૦.૦૦ લાખની જોગવાઇ સુચિત કરવામાં આવેલ છે.

➢ **ઘાસચારા વિકાસ (બન્ની પ્રોજેકટ)**

કચ્છ અને સૌરાષ્ટ્રના બન્ની વિસ્તારમાં ઘાસ/વીડીની ઉત્પાદકતા વધારવા ઘાસ સુધારણા કાર્યક્રમ ઉપર વિશેષ ધ્યાન આપવામાં આવી રહેલ છે. જેમાં ઘાસ વાવેતર, એકત્રીકરણ, આયોજન કરવામાં આવે છે. સને ૨૦૨૩-૨૪ના વર્ષ માટે રૂા.૫૫૦૦.૦૦ લાખની જોગવાઇ કરવામાં આવી હતી. જયારે સને ૨૦૨૪-૨૫માં રૂા.૬૨૦૦.૦૦ લાખની ચાલુ બાબત તરીકે સુચિત જોગવાઇ કરેલ છે.

➢ **ટીમ્બર ડેપોના આધુનિકરણ માટેની યોજના**

વલસાડ તથા સુરત વર્તુળ હેઠળ આવેલ ટીમ્બર ડેપોનું આધુનિકરણ કરવાની કામગીરી, ડેપો ફરતે ફેન્સીંગની કામગીરી, રાત્રી સમયે ડેપોના લાકડાનારક્ષણ માટે સોલર સ્ટ્રીટ લાઇટ તથા

સી.સી.ટી.વી. કેમેરાની જોગવાઇ વગેરે માટે સને ૨૦૨૩-૨૪માં રૂા.૫૦.૦૦ લાખની જોગવાઇ કરવામાં આવેલ છે. જ્યારે સને ૨૦૨૪-૨૫માં રૂા.૫૦.૦૦ લાખની જોગવાઇ સુચિત કરવામાં આવેલ છે.

- **ડાંગ વન વ્યવસ્થા અને વિકાસ**

ડાંગ જિલ્લામાં આવેલ વનોનાં સંવર્ધન/સંરક્ષણ તથા ૯૫૦ હેકટરમાં વાવેતર તથા જુના વાવેતરોની જાળવણીની કામગીરી માટે સને ૨૦૨૩-૨૪ના વર્ષ માટે રૂા.૨૮૦૯.૪૦ લાખની જોગવાઇ કરવામાં આવેલ. જયારે સને ૨૦૨૪-૨૫ના રૂા.૪૦૮૬.૦૦ લાખની સુચિત જોગવાઇ કરવામાં આવેલ છે.

- **વન વિકાસ કાર્યક્રમ હેઠળ સહભાગી વન વ્યવસ્થા**

વન સંવર્ધન તથા વન સંરક્ષણમાં લોકોને સહભાગી બનાવવાની યોજના, આજીવિકા વૃદ્ધિ અંગેના તજજ્ઞોની ટીમ મારફત સ્વસહાય જુથોના સભ્યોને જીવન ધોરણ સુધારવા માટેના વિકલ્પો પુરા પાડી તેમના દ્વારા થતા ઉત્પાદનો ગુણાત્મક વધારો કરી મૂલ્ય વર્ધન કરી આવકમાં ગુણાત્મક રીતે મોટી માત્રામાં વધારો થાય માટે સહભાગી વન વ્યવસ્થાપન મંડળી અને પરિસર વિકાસ મંડળીની નક્કી થયેલ માપદંડ મુજબ લાભાર્થીઓની પસંદગી કરી લોકોને સહભાગી બનાવવા માટે સને ૨૦૨૩-૨૪માં રૂા.૪૦૦.૦૦ લાખની જોગવાઇ કરવામાં આવેલ હતી. જયારે સને ૨૦૨૪-૨૫માં રૂા.૧૦૦.૦૦ લાખની જોગવાઇ સુચિત કરવામાં આવેલ છે.

- **વનસ્પતિ ઉધાન વઘઇના વિકાસની યોજના**

રાજયમાં ડાંગ જિલ્લાના વન વિસ્તારમાં વનસ્પતિ ઉધાન વઘઇના વિકાસની કામગીરી કરવાના હેતુથી સને ૨૦૨૩-૨૪ના વર્ષ માટે રૂા.૧૪૦.૦૦ લાખની નાણાંકીય જોગવાઇ થયેલ છે. સને ૨૦૨૪-૨૫ના વર્ષ માટે રૂા.૧૦૦.૦૦ લાખની દરખાસ્ત રજુ કરેલ છે. જેમાં વઘઇ ખાતે આશરે ૧૦૦ કુળની ૧૦૭૭ પ્રજાતિઓની વનસ્પતિ જોવા મળે છે. જેમાં દુર્લભ લુપ્તપ્રાય પ્રજાતિ તેમજ સ્થાનિક પ્રજાતિ સંરક્ષણ, જૈવિક સંરક્ષણ, વિદ્યાર્થીઓ માટે અભ્યાસ/સંશોધન, મનોરંજનની સગવડતા સાથે પ્રવાસીઓ માટે વનસ્પતિ/પર્યાવરણ અંગે સમાનતા કેળવવી વગેરે હેતુ રહેલા છે.

❖ **<u>વિકાસ અને વ્યવસ્થાની સૂચિત નવી બાબતો :</u>**

- વન વિસ્તારમાં **"ગતિ શક્તિ હેઠળ ઇકો રીસ્ટોરેશન"**

રાજયમાં સૌરાષ્ટ્ર-કચ્છ વિસ્તારમાં ડેઝર્ટ ઇકો-રીસ્ટોરેશન, અરવલ્લી, વિધ્યાંચલ, સાતપુડા પર્વતમાળા ઇકો-રીસ્ટોરેશન, ધરોઇ અને અંબાજી હરીત વિકાસ યોજનાથી **"મિશન ગતિ શક્તિ હેઠળ ઇકો રીસ્ટોરેશન"** હરીયાળુ બનાવવાની કામગીરી માટે **રૂા.૩૧૦૦ લાખની જોગવાઇ કરવામાં આવેલ છે.**

- રાજયમાં વન વિસ્તારમાં સૌપ્રથમ વખત **વન વિભાગ દ્વારા ચંદનનું વાવેતર માટે રૂા.૭૦ લાખની જોગવાઇ** કરવામાં આવેલ છે.
- **વન વિસ્તારમાં જરૂરી માળખાકીય સુવિધા – બાંધકામ**

રાજયમાં અંતરીયાળ વિસ્તાર ડેડીયાપાડા, માંડવી(સુરત), ધરમપુર, અને છોટા ઉદેપુરમાં ફરજ બજાવતા સ્ટાફ માટે ટ્રાન્ઝીટ હોસ્ટેલ, નવીન વિભાગીય કચેરી-ભાવનગર, તેમજ પ.વ.ય.શ્રીની કચેરી તથા કવાર્ટસ-સહેરા વગેરેની બાંધકામની કામગીરી તથા ૧૫ નવા ઘાસ ગોડાઉન બાંધકામની કામગીરી માટે નવી બાબત તરીકે **રૂા.૧૭૭૫ લાખની જોગવાઇ કરવામાં આવેલ છે.**

❖ **<u>પ્રોટેકશન :</u>**

➢ **વન સંરક્ષણની યોજના**

જંગલમાં ગેરકાયદેસર કપાણ ઉપર નિયંત્રણ લાવવા, વન વિસ્તારમાં જંગલોની હદ સહેલાઇથી જાણી શકાય તે માટે તથા અનઅધિકૃત અતિક્રમણ ન થાય તે માટે હદ નિશાન (બાણ) તૈયાર કરવા, જંગલોમાં દવ(આગ) લાગતા અટકે તે માટે દવ ટુકડીની રચના કરવી, જંગલમાં એકબીજાનો સંપર્ક સાધવા વાયરલેસ સેટ તથા વોકી-ટોકીથી સજ્જ કરીને વન સંરક્ષણની કામગીરી સુદૃઢ બનાવવાનો4 આ યોજનાનો મુખ્ય હેતુ છે. વૃક્ષ છેદન અંગે લોકોની ફરિયાદો અંગે તપાસ કરવા અને જંગલ સંરક્ષણની કામગીરી પર ચાંપતી નજર રાખવા ખાતાની મુખ્ય કચેરીમાં પ્રોટેકશન એકમની રચના પણ કરવામાં આવે છે. વૃક્ષ છેદન અટકાવવા તેમજ દવને કાબુમાં લેવા માટે સ્થાનિક લોકોનો સહકાર લેવામાં આવે છે. જંગલની હદ નકકી કરવા માટે સીમાંકન અને બાણો બનાવવા પણ આ યોજનાનો હેતુ છે. આમ વન સંરક્ષણની કામગીરીને સુદ્દઢ અને વેગવંતી બનાવવામાં આવે છે. આ કામગીરી માટે સને ૨૦૨૩-૨૪માં કુલ રૂા.૪૫૬૭.૧૦ લાખની જોગવાઇ કરવામાં આવેલ. જયારે સને ૨૦૨૪-૨૫ ચાલુ બાબતમાં રૂા.૫૧૬૫.૪૭ લાખની જોગવાઇ સુચિત કરવામાં આવેલ છે.

❖ **<u>પ્રોટેકશન સૂચિત નવી બાબતો :</u>**

➢ વન સંરક્ષણ અને સંવર્ધનની કામગીરી સમયમર્યાદામાં ઝડપી પુર્ણ કરવા તથા વન સંરક્ષણ સુદ્રઢ બનાવવા માટે નવા વાહનોની જરૂરીયાત હોઇ રદબાતલ વાહનો સામે નવા વાહનોની ખરીદી માટે **રૂા.૧૧૦ લાખની જોગવાઇ** કરવામાં આવેલ છે.

❖ **<u>સામાજીક વનીકરણ યોજના :</u>**

➢ **સમુહ વન નિર્માણ સામાજીક વનીકરણ યોજના**

સામાજીક વનીકરણ યોજના હેઠળ લોકોને બળતણ અને નાના ઇમારતી લાકડાની જરૂરીયાત તેમજ વૃક્ષ ઉત્પાદનથી લોકોને સહાયક રોજી અને આવક મળે તે હેતુથી યોજના અમલમાં છે. આ યોજના હેઠળ પટ્ટી વાવેતર, ગ્રામવન, જમીન વિહોણા ખેતમજુરોની ભાગીદારીથી ફળાઉ વૃક્ષો વાવવા અને વન નિર્માણ હેઠળ વૃક્ષારોપણનું કાર્ય કરવાનું છે. સાથો સાથ વન મહોત્સવ અને વિકેન્દ્રીત નર્સરી અંતર્ગત વિભિન્ન ઉપયોગી રોપાઓ (જેવા કે, ફળાઉ ઓષધિયુકત, સુશોભન અને નાના ઇમારતી

લાકડા) ઉછેરીને લોકોને વિતરણ તેમજ ઉર્જા બચાવના વૈકલ્પીક સાધનોની વહેંચણી, અનુસૂચિત જાતિઓ માટેની ખાસ અંગભુત યોજના હેઠળ, આર.ડી.એફ.એલ. પ્લાન્ટેશન, શાળા, કિસાન નર્સરી, ફળાઉ રોપા ઉછેર તથા ખાસ ઔષધિય રોપાના વાવેતર કરવામાં આવે છે. આ યોજના હેઠળ વન વિસ્તાર બહાર વૃક્ષ ઉછેરની પ્રવૃતિઓ અને વિતરણ પ્રવૃતિઓ માટે

**એગ્રો ફોરેસ્ટ્રી (રાજ્ય)**

આ યોજના રાજ્ય સરકારના ૧૦૦% સહયોગથી વર્ષ ૨૦૨૩-૨૪ થી અમલી છે. મુખ્ય ઉદ્દેશ બીન ઉપજાઉ, પડતર ઓછી ઉત્પાદક ખેતીની જમીનમાં એગ્રો ફોરેસ્ટ્રી થકી ઉપજ વધારવાનો છે. આ યોજના હેઠળ શેઢાપાળે વાવેતર, ઓછી ગીચતા ધરાવતુ વાવેતર તથા બ્લોક પ્લાન્ટીંગ એમ વિવિધ મોડેલ હેઠળ વાવેતર કરવાની જોગવાઇ છે. જે માટે સરકાર તરફથી નિશ્ચિત સહાયની રકમ ચુકવવામાં આવે છે. વાવેતર તથા વાવેતર બાદની સંભાળ ખાતેદારે રાખવાની છે. વન વિભાગ તરફથી યથાયોગ્ય માર્ગદર્શન તેમજ ઓછામાં ઓછા ૫૦% જીવંત રોપા હોય તો નીચે મુજબ નાણાંકીય સહાય આપવામાં આવે છે. વૃક્ષ સંપદા પર ખેડૂતનો સંપૂર્ણ માલિકી હક્ક રહેશે.

| ક્રમ | વિગત | હેક્ટર દીઠ રોપાની સંખ્યા | રોપા દીઠ સહાયનું ધોરણ (રૂપિયામાં) | | | | |
|---|---|---|---|---|---|---|---|
| | | | ૧લુ વર્ષ | ૨જુ વર્ષ | ૩જુ વર્ષ | ૪થુ વર્ષ | કુલ |
| ૧ | શેઢાપાળે વાવેતર | ૧૦૦ | ૧૪/- | ૭/- | ૭/- | ૭/- | ૩૫/- |
| ૨ | નિમ્નધનતા વૃક્ષખેતી | ૪૦૦ | ૧૪/- | ૭/- | ૭/- | ૭/- | ૩૫/- |
| ૩ | મધ્યમ ધનતા વૃક્ષખેતી | ૧૦૦૦ | ૮/- | ૪/- | ૪/- | ૪/- | ૨૦/- |
| ૪ | ઉચ્ચ ધનતા વૃક્ષખેતી | ૧૨૦૦ | ૬/- | ૩/- | ૩/- | ૩/- | ૧૫/- |

**વન કવચ વાવેતર:**

મિયાવાકી વાવેતર પધ્ધતિ જાપાનીઝ વનસ્પતિશાસ્ત્રી અકીરા મિયાવાકી દ્વારા વિકસાવવામાં આવેલ વનીકરણની એક વિશિષ્ટ પધ્ધતિ છે. આ પધ્ધતિથી ખુબ જ ઓછા સમયમાં ગાઢ જંગલોનું નિર્માણ કરી શકાય છે. આ પધ્ધતિમાં વૃક્ષોની સ્થાનિક જાતોના રોપા એક બીજાની નજીક લગાડવામાં આવે છે, જેથી આ પધ્ધતિથી નિર્માણ પામતા વન પ્રમાણમાં ઓછી જગ્યા રોકે છે અને સાથે સાથે રોપાઓની વૃધ્ધિમાં પણ સહાયક બને છે. આ પધ્ધતિમાં વૃક્ષોની સઘનતા હોવાથી (ખુબ પાસ પાસે હોવાથી) જમીન પર પ્રકાશ ઓછો પડે છે જેથી નિંદામણ (વીડ્સ) ની વૃધ્ધિ થતી નથી. જે વૃક્ષોના ઉછેર માટે ફાયદાકારક સાબિત થાય છે. આ પધ્ધતિમાં રોપાની વૃધ્ધિ પરંપરાગત

પધ્ધતિ કરતા ૧૦ ગણી વધુ ઝડપે થાય છે. જેના પરિણામે જંગલોની ઘનતા ૩૦ ગણી વધુ જોવા મળે છે. પરંપરાગત પધ્ધતિથી જંગલોનું નિર્માણ થતા લગભગ ૨૦૦ થી ૩૦૦ વર્ષ જેટલો સમય લાગે છે. જ્યારે મિયાવાકી પધ્ધતિ દ્વારા ફક્ત ૨૦ થી ૩૦ વર્ષમાં જંગલોનું નિર્માણ થઈ શકે છે.

ગુજરાત રાજ્યની આબોહવા વગેરે ધ્યાને લેતા મિયાવાકી પધ્ધતિના નામ વન કવચ તરીકે રાખવામાં આવેલ છે. આ વનોમાં હેક્ટર દીઠ ૧*૧ મી. ના અંતરે ૧૦,૦૦૦ સ્થાનિક રોપાનું વાવેતર કરવામાં આવશે, જેમાં ૫૦% વૃક્ષો અને ૫૦% ક્ષુપો અને રોપાઓનો સમાવેશ થાય છે. આ વાવેતરની કામગીરી શહેરી વિસ્તાર, શહેરના નજીકના વિસ્તાર, શહેરના અડીને આવેલ ગ્રામ પંચાયત વિસ્તાર, સરકારી, અર્ધ સરકારી, વન વિભાગની જમીન કે સરકારી પડતર જેવી જમીનોમાં જ્યાં વન કવચ મોડલ સફળ થઈ શકે તે વિસ્તારોની પસંદગી કરવામાં આવશે.

<u>અર્બન ફોરેસ્ટ</u>:

અર્બન ફોરેસ્ટ હેઠળ શહેરી વિસ્તારમાં અને તેના આજુબાજુના ગ્રામ પંચાયત, પવિત્ર યાત્રાધામ અને અન્ય પ્રવાસન વિસ્તારમાં રાજ્ય સરકારના ૧૦૦% ફંડીગમાંથી વાવેતર તેમજ વિસ્તરણ પ્રવૃત્તિ કરવાની થાય છે. અર્બન ફોરેસ્ટ મોડલ હેઠળ જે તે સંસ્થાની લેખિતમાં સંમતિ મેળવીને અંદાજે ૧ હેક્ટર વિસ્તારમાં કામગીરી કરવામાં આવશે. પસંદ કરેલ સ્થળમાં વૃક્ષોના ૧૦૦૦ રોપા અને અન્ય સુશોભિત પ્રજાતિઓના ૧૦૦૦ રોપાઓ મળીને કુલ ૨૦૦૦ રોપાઓનું વાવેતર કરી સ્થળનું લેન્ડસ્કેપીંગ કરી વિકાસ કરવામાં આવશે.

<u>વેસ્ટલેન્ડ વાવેતર</u>:

રાજ્યમાં વન વિસ્તાર બહાર વન આવરણ અને વૃક્ષાવરણ વધારવા માટે જુદા-જુદા જિલ્લાઓમાં આવેલ પડતર જમીનોના વિકાસ અને વાવેતર કરવામાં આવશે.

ઉકત જણાવેલ કામગીરી માટે વર્ષ ૨૦૨૩-૨૪ ચાલુ બાબતમાં રૂા.૩૩૦૭૯.૮૬ લાખની જોગવાઇ જે પૈકી સામાન્ય વિસ્તાર રૂા.૨૨૩૩૧.૯૮ લાખ આદિવાસી વિસ્તાર માટે રૂા.૫૩૯૫.૦૦ લાખ અને એસ.સી.પી. વિસ્તાર માટે રૂા.૫૩૫૨.૮૮ લાખ જોગવાઇ કરવામાં આવેલ. જયારે વર્ષ ૨૦૨૪-૨૫ ચાલુ બાબતમાં રૂા.૫૧૭૬૪.૦૦ લાખની સુચિત જોગવાઇ જે પૈકી સામાન્ય વિસ્તાર રૂા.૩૫૨૩૬.૦૦ લાખ આદિવાસી વિસ્તાર માટે રૂા.૧૧૦૨૮.૦૦ લાખ અને એસ.સી.પી. વિસ્તાર માટે રૂા.૫૫૦૦.૦૦ લાખ જોગવાઇ કરવામાં આવેલ છે.

- **વૃક્ષ ખેતીની યોજના**

વન બહારના વિસ્તારોમાં વૃક્ષ આચ્છાદિત વિસ્તારોમાં વધારા ઉપર ભાર મુકી પર્યાવરણ સ્થિરતા અને પરિસરિય સંતુલન જળવાઇ રહે તે માટે રાજયમાં વૃક્ષ આચ્છાદીત વિસ્તારમાં વધારો

કરવા તેમજ ખેડૂતોની જમીનમાંથી લોકોને સારી આવક મળી રહે તે હેતુસર ગુજરાત સરકારે વૃક્ષ ખેતી યોજના અમલમાં મુકવા વિચારેલ છે. આ યોજના હેઠળ વન વિભાગ અને ખેડૂતોનો ફાળો મેળવી વૃક્ષઉછેર માટે કામગીરી હાથ ધરવામાં આવશે. જીંવત રોપાને આધારે ખેડૂતોને સહાય આપવા સૂચવવામાં આવેલ છે. આ યોજના માટે સને ૨૦૨૩-૨૪માં રૂા.૧૦૩૭.૦૨ લાખની જોગવાઇ કરવામાં આવેલ છે. જ્યારે સને ૨૦૨૪-૨૫માં રૂા.૪૯૦.૦૦ લાખની જોગવાઇ સુચિત કરવામાં આવેલ છે.

- **એગ્રો ફોરેસ્ટ્રી (કેન્દ્રિય પુરસ્કૃત યોજના ૬૦% ૪૦%)**

સદર યોજનામાં RKVY હેઠળ વિવિધ મોડલ મુજબ નવીન નર્સરીઓ તેમજ કાર્યરત નર્સરીઓની જાળવણી માટે જેમાં સને ૨૦૨૩-૨૪ના વર્ષ માટે સામાન્ય જોગવાઇ રૂા.૧૫૦.૦૦ લાખ આદિવાસી માટે રૂા.૩૦.૦૦ લાખ તથા એસ.સી.પી. માટે રૂા.૨૦.૦૨ લાખ મળી કુલ રૂા.૨૦૦.૦૨ લાખની જોગવાઇ કરવામાં આવેલ હતી. જયારે સને ૨૦૨૪-૨૫ના વર્ષ માટે સામાન્ય જોગવાઇ રૂા.૧૬૦૩.૦૦ લાખ આદિવાસી માટે રૂા.૩૦૮.૦૦ લાખ તથા એસ.સી.પી. માટે રૂા.૧૪૩.૦૦ લાખ મળી કુલ રૂા.૨૦૫૪.૦૦ લાખની જોગવાઇ કરવામાં આવેલ છે. જેમાં એગ્રો ફોરેસ્ટ્રીમાં જુના વાવેતરો અને નર્સરીઓની જાળવણી અને નવીન નર્સરીની કામગીરી હાથ ધરવામાં આવે છે.

- **નેશનલ બામ્બુ મિશન (કેન્દ્રિય પુરસ્કૃત યોજના ૬૦% ૪૦% )**

સરકારી અને ખાનગી માલીકીની જમીનોમાં વાંસના વાવેતર હેઠળનો વિસ્તાર વધારવા ખેતીની આવકને પુરક બનાવવા અને આબોહવા પરિવર્તનની સ્થિતિ સ્થાપકતા તેમજ ઉદ્યોગોની ગુણવત્તા યુકત કાચી સામગ્રીની ઉપલબ્ધતા માટે ફાળો આપવા. વાંસના વાવેતરને મુખ્યત્વે ખેડુતોના ખેતરો, મકાનો, સમુદાયની જમીનો, ખેતીલાયક બિન ઉપયોગી જમીન અને સિંચાઇ નહેરો, જળ સંસ્થાઓ વગેરેમાં પ્રોત્સાહન આપવામાં આવશે. ઉત્પાદન વિકાસને પ્રોત્સાહન આપવા માટે, ભારતમાં અંડર વિકસિત વાંસ ઉદ્યોગને કાયાકલ્પ કરવો. ઉત્પાદન, બજારની માંગ સુધી વાંસ ક્ષેત્રના વિકાસ માટે કૌશલ્ય વિકાસ, ક્ષમતા નિર્માણ, જાગૃતિ પેદા કરવા માટે પ્રોત્સાહન આપવું. વાંસના ઉત્પાદનોની આયાત પરની નિર્ભરતા ઓછી થઇ શકે. ઉદ્યોગ માટે ધરેલું. કાચા માલની અનુત્પાદકતા અને યોગ્યતા, જેથી વૃદ્ધિ થાય.

જેમાં સને ૨૦૨૩-૨૪ના વર્ષ કુલ રૂા.૧૦૦૦.૦૦ લાખની જોગવાઇ કરવામાં આવેલ. જે પૈકી સામાન્ય જોગવાઇ રૂા.૭૪૦.૦૦ લાખ, આદિવાસી માટે રૂા.૨૦૦.૦૦ લાખ તથા એસ.સી.પી. માટે રૂા.૬૦.૦૦ લાખ જોગવાઇ કરવામાં આવેલ હતી. જયારે સને ૨૦૨૪-૨૫ના વર્ષમાં ચાલુ બાબતમાં કુલ રૂા.૫૦૪.૦૦ લાખની જોગવાઇ. જે પૈકી સામાન્ય વિસ્તાર માટે રૂા.૪૦૩.૦૦ લાખ, આદિવાસી વિસ્તાર માટે રૂા.૬૬.૦૦ લાખ તથા એસ.સી.પી. વિસ્તાર માટે રૂા.૩૫.૦૦ લાખ જોગવાઇ કરવામાં આવેલ છે.

- ❖ <u>સામાજીક વનીકરણ યોજનાની સૂચિત નવી બાબતો :</u>

   - ➢ **જરૂરી માળખાકીય સુવિધા- બાંધકામ**

     રાજયમાં નવીન ખંભાળીયા, ભાણવડ રેન્જ કચેરી તેમજ પ.વ.અ.શ્રી ભાણવડના રહેઠાણ માટે કવાર્ટર, બાંધકામ માટે નવી બાબત તરીકે **રૂા.૯૬.૦૦ લાખની જોગવાઇ** કરવામાં આવેલ છે.

   - ➢ **જરૂરી માળખાકીય સુવિધા- વાહન ખરીદી**

     રાજયમાં સંવેદનશીલ વન વિસ્તારમાં રદબાતલ વાહન સામે નવા વાહનની ખરીદી નવી બાબત તરીકે **રૂા.૫૧.૦૦ લાખની જોગવાઇ** કરવામાં આવેલ છે.

- ❖ <u>સંશોધન અને તાલીમ :</u>

   - ➢ **પ્રકૃતિ શિક્ષણ**

     પ્રકૃતિ શિક્ષણની પ્રવૃતિ રાજયના વન વિભાગ ધ્વારા નેચર કલબો, પ્રકૃતિ મંડળો, વર્લ્ડ વાઈલ્ડ લાઇફ ફંડ જેવી સ્વૈચ્છિક સંસ્થાઓ તથા ગીર ફાઉન્ડેશન સાથે રહીને ચલાવવામાં આવે છે. વન વિભાગે કિસાનોને વૃક્ષ ઉછેર માટે પ્રેરિત કરવા કિસાન શિબિર,નવી પેઢીને પ્રકૃતિ પ્રેમ જગાડવા પર્યાવરણ પ્રકૃતિ શિક્ષણ શિબિર,રાજયના આગેવાનો, પર્યાવરણવાદીઓ, નિર્ણયકર્તાઓ તથા પ્રોફેસરોને માહિતગાર કરવા સંસ્કરણ અભ્યાસક્રમો અને વન ખાતાના સ્ટાફને લોકાભિમુખ અભિગમ કેળવવા તેમજ તાંત્રીક બાબતોથી માહિતગાર કરવા કિસાન શિબિર, પ્રાકૃતિક શિક્ષણ શિબિર યોજવામાં આવે છે.

   - ➢ **સંશોધન અને તાલીમ યોજના**

     વન ખાતાની ઘણી યોજનાઓના અમલ અને પ્રવૃતિઓના સંચાલન માટે તાલીમબધ્ધ કર્મચારીઓની જરૂર હોય છે.તાંત્રીક લાયકાત ધરાવતા કર્મચારી વર્ગ સિવાય વન વિકાસ અને વ્યવસ્થા અંગેની યોજનાઓ સફળ બનાવવી મુશ્કેલ બની જાય છે.આથી કર્મચારી વર્ગની તકનીકી તાલીમ માટેની યોજના મંજુર થઇ છે. આ યોજનાનો ઉદેશ વન ખાતાના કર્મચારી વર્ગને તાલીમ આપવાનો છે.

     સંશોધન એ વિજ્ઞાન અને વિકાસનો પાયો છે. વન વિસ્તારની ઉત્પાદકતા વધારવાના માર્ગ શોધી કાઢવા વન નિર્માણનું સંશોધન કરાવવુ જરૂરી છે. તેમજ સંશોધનની અનેક વિવિધ રીતોથી જંગલ ઉછેરની વિવિધ યોજનાઓમાં મદદરૂપ થવાનો હેતુ છે. આ યોજના હેઠળ સને ૨૦૨૩-૨૪ના વર્ષમાં રૂા.૪૧૮૧.૦૦ લાખની જોગવાઇ કરવામાં આવેલ હતી. સને ૨૦૨૪-૨૫ના વર્ષ માટે કુલ રૂા.૪૫૭૯.૬૪ લાખની સુચિત જોગવાઇ કરવામાં આવેલ છે.

❖ <u>સંશોધન અને તાલીમ સૂચિત નવી બાબતો :</u>

➢ જુના રદબાતલ વાહનોની સામે નવા વાહનોની ખરીદી કરવા તથા રેન્જ કક્ષાના અધિકારીઓ માટે નવા વાહનો ખરીદ કરવા માટે રૂા.૩૩.૦૦ લાખની જોગવાઇ કરવામાં આવેલ છે.

❖ <u>જે.બી.આઇ.સી. :</u>

➢ **ગુજરાત વાનીકી વિકાસ પરિયોજના ફેઝ-૨**

આ પરિયોજનાઓ મુખ્ય ઉદ્દેશ્ય પાંખા થયેલા વનોને પુનઃસ્થાપિત કરવાનું તેમજ વન ઉપર આધારિત લોકોની આજીવિકામાં ટકાઉ વન વ્યવસ્થાપન દ્વારા વધારો/સુધારો કરવાનું અને તેઓને સશક્તિકરણ કરી, પર્યાવરણમાં સુધારો તેમજ ગરીબી દુર કરવાનો છે. વર્ષ ૨૦૦૭-૦૮ થી જાપાન ઇન્ટરનેશનલ કો-ઓપરેશન એજન્સી સહાયિત ગુજરાત વન વિકાસ પરિયોજના મારફત સંયુકત વન વ્યવસ્થાપન સંશોધન અને વિકાસને આંતરમાળખાકીય સગવડો પુરી પાડીને જંગલ તથા બિનજંગલ વિસ્તારમાં જુદા જુદા વાવેતરના મોડેલો હેઠળ ૧૭૨૪૫૬ હેકટરના વિસ્તારમાં વાવેતર કરવાનો, વન્યપ્રાણી સંરક્ષણ અને વિકાસ તેમજ સામુહિક આદિવાસી વિકાસ માટેનો પરિયોજનાનો મુખ્ય હાર્દ છે. આ પ્રોજેકટ હેઠળ વર્ષ ૨૦૧૬-૧૭ સધી ૧૭૨૪૫૬ હેકટર વાવેતરો થયેલ છે આ યોજના હેઠળ સને ૨૦૨૩-૨૪ના વર્ષમાં રૂા.૫૩૭૩.૦૦ લાખની જોગવાઇ કરવામાં આવેલ હતી. સને ૨૦૨૪-૨૫ના વર્ષ માટે કુલ રૂા.૧૫૩૪૭.૦૦ લાખની સુચિત જોગવાઇ કરવામાં આવેલ છે.

❖ <u>માહિતી અને પ્રાદ્યોગીકરણ (ઇન્ફોર્મેશન એન્ડ ટેકનોલોજી) :</u>

➢ **વન વિભાગના વાવેતરોનો ટેગીગ, કમાન્ડ એન્ડ કંટ્રોલ સેન્ટર**

વન વિભાગ દ્વારા વનોના વિસ્તાર વધારવા તેમજ સંરક્ષણની કામગીરી માટે અદ્યતન ટેકનોલોજીના મારફતે વન વિભાગના વાવેતરોનું ટેગીંગ કરી તેનુ કમાન્ડ એન્ડ કંટ્રોલ સેન્ટર મારફતે મોનીટરીંગ થાય જે માટે નવી બાબત તરીકે **રૂા.૨૦૦ લાખની** જોગવાઇ કરવામાં આવેલ છે.

❖ <u>જમીન :</u>

➢ **વળતર વનીકરણ :**

સને-૧૯૮૦ પહેલાના ૨૧૦૮૨.૩૩ હેકટર જંગલ જમીન પરના બિનઅધિકૃત ખેડાણો નિયમીત કરવા ભારત સરકારશ્રીએ આપેલ મંજુરીની શરત મુજબ રાજય સરકારશ્રી ધ્વારા ૨૯૯૭૦ હે. જંગલ વિસ્તારમાં પાંચ વર્ષમાં વળતર વનીકરણની કામગીરી પુર્ણ કરવાની રહેતી હતી.

મંજુરીની શરતો મુજબ સને ૧૯૯૫-૧૯૯૬ થી શરૂ કરીને ૨૦૧૪-૧૫નાં વર્ષ સુધીમાં કુલ ૨૯૭૭૦ હેકટર વિસ્તારમાં વળતર વનીકરણની કામગીરી પુર્ણ કરવામાં આવેલ છે. સને ૨૦૨૩-૨૪ માટે

રૂ.૧૬૫.૦૦ લાખની જોગવાઇ કરવામાં આવેલ હતી. જયારે સને ૨૦૨૪-૨૫ માટે રૂ.૧૯૦.૦૦ લાખની સુચિત જોગવાઇ કરવામાં આવેલ છે.

- **ગુજરાત સ્ટેટ કેમ્પા પ્રોજેકટ**

ગુજરાત સ્ટેટ કેમ્પા પ્રોજેકટની કામગીરી સને ૨૦૨૦-૨૧ના વર્ષમાં શરૂ કરવામાં આવેલ. આ પ્રોજેકટ દ્વારા પર્યાવરણમાં સુધારો, વનોની જાળવણી, ચેર વાવેતર, ભુર્ગભ જમીનમાં પાણીના સ્ત્રોતમાં વધારો કરવાની જેનાથી ભેજ ટકી રહેવાથી જંગલને ફાયદો થશે. વન્યજીવોની સુરક્ષા, અંતરિયાળ વન વિસ્તાર તથા અન્ય સ્થળે ફરજ બજાવતા અધિકારી/કર્મચારીઓને રહેઠાણની સુવિધા મળશે. પર્યાવરણમાં સુધારો, વિસ્તારના લોકોને રોજગારી મળતા સ્થળાંતરમાં ઘટાડો, વન-ગુનાઓમાં ઘટાડો વગેરે પ્રકારની કામગીરી કરવા માટે સને ૨૦૨૩-૨૪ માટે રૂ.૨૦૨૦૦.૦૦ લાખની જોગવાઇ કરવામાં આવેલ હતી. જયારે સને ૨૦૨૪-૨૫ માટે રૂ.૨૯૨૦૦.૦૦ લાખની સુચિત જોગવાઇ કરવામાં આવેલ છે.

તા.૧૬.૦૧.૨૦૨૪(સુધારેલ માળખું)

<u>વન ખાતાનું વહીવટી માળખું</u>

1. અગ્ર મુખ્ય વન સંરક્ષક અને હેડ ઓફ ફોરેસ્ટ ફોર્સ, ગુજરાત રાજય, ગાંધીનગર.
2. અગ્ર મુખ્ય વન સંરક્ષક, વન્ય પ્રાણી, ગુજરાત રાજય, ગાંધીનગર.
3. અગ્ર મુખ્ય વન સંરક્ષક, નાણાકીય વ્યવસ્થાપન, ગુજરાત રાજય, ગાંધીનગર.
4. અધિક અગ્ર મુખ્ય વન સંરક્ષક, સામાજીક વનીકરણ, ગુજરાત રાજય, ગાંધીનગર.
5. અધિક અગ્ર મુખ્ય વન સંરક્ષક, વિકાસ અને વ્યવસ્થા, ગુજરાત રાજય, ગાંધીનગર.
6. અધિક અગ્ર મુખ્ય વન સંરક્ષક, વહીવટ અને આઇ.ટી., ગુજરાત રાજય, ગાંધીનગર.
7. અધિક અગ્ર મુખ્ય વન સંરક્ષક, જમીન, ગુજરાત રાજય, ગાંધીનગર.
8. અધિક અગ્ર મુખ્ય વન સંરક્ષક, સંશોધન અને તાલીમ, ગુજરાત રાજય, રાજપીપળા.
9. અધિક અગ્ર મુખ્ય વન સંરક્ષક, મોનીટરીંગ અને ઇવેલ્યુશન, ગુજરાત રાજય, ગાંધીનગર.
10. અધિક અગ્ર મુખ્ય વન સંરક્ષક, મનરેગા, ગુજરાત રાજય, ગાંધીનગર.
11. અધિક અગ્ર મુખ્ય વન સંરક્ષક, પી.એમ.યુ., ગુજરાત રાજય, ગાંધીનગર.
12. મુખ્ય વન સંરક્ષક, તકેદારી, ગુજરાત રાજય, ગાંધીનગર.
13. મુખ્ય વન સંરક્ષક, આયોજન, ગુજરાત રાજય, ગાંધીનગર.

<u>અગ્ર મુખ્ય વન સંરક્ષક, વન્ય પ્રાણી, ગુજરાત રાજય, ગાંધીનગર.</u>

1. અધિક અગ્ર મુખ્ય વન સંરક્ષક વન્ય પ્રાણી, ગુજરાત રાજય, ગાંધીનગર.
2. વન સંરક્ષક, વન્યપ્રાણી, ક્રાઇમ સેલ, ગાંધીનગર.
3. વન સંરક્ષક, વન્ય પ્રાણી, ગાંધીનગર.
4. મદદનીશ વન સંરક્ષક, વન્યપ્રાણી, ગાંધીનગર

<u>મુખ્ય વન સંરક્ષક, મરીન નેશનલ પાર્ક, જામનગર.</u>

1. નાયબ વન સંરક્ષક, મરીન નેશનલ પાર્ક, જામનગર.

<u>મુખ્ય વન સંરક્ષક, વન્ય પ્રાણી વર્તુળ, જુનાગઢ.</u>

1. નાયબ વન સંરક્ષક, ગીર (પશ્ચીમ)વિભાગ, જુનાગઢ.
2. નાયબ વન સંરક્ષક, ગીર (પુર્વ) વિભાગ, ધારી.
3. નાયબ વન સંરક્ષક, સાસણ.
4. નાયબ વન સંરક્ષક, પોરબંદર.
5. નાયબ વન સંરક્ષક, ગીર વન્ય પ્રાણી ટાસ્ક ફોર્સ, જુનાગઢ.
6. નાયબ વન સંરક્ષક, શેત્રુંજી-પાલીતાણા.
7. નિયામક, સકકરબાગ પ્રાણી સંગહાલય, જુનાગઢ.
8. મદદનીશ વન સંરક્ષક, વેળાવદર કાળીયાર રાષ્ટ્રીય ઉદ્યાન, ભાવનગર.

**<u>વન સંરક્ષક, વન્ય પ્રાણી વર્તુળ, ગાંધીનગર.</u>**

1. નાયબ વન સંરક્ષક, બનાસકાંઠા વિભાગ, પાલનપુર.
2. નાયબ વન સંરક્ષક, ધુડખર અભ્યારણ્ય, ધાંગધ્રા.
3. નાયબ વન સંરક્ષક, નળસરોવર પક્ષી અભ્યારણ્ય, સાણંદ.
4. અધિક કલેકટર, ધુડખર અભયારણ્ય (સર્વે અને સેટલમેન્ટ), સુરેન્દ્રનગર.

**<u>વન સંરક્ષક, વન્ય પ્રાણી વર્તુળ, કેવડીયા</u>**

1. નાયબ વન સંરક્ષક, નર્મદા વન વિભાગ, રાજપીપળા.
2. નાયબ વન સંરક્ષક, વન્ય પ્રાણી વિભાગ, વડોદરા.

**<u>અધિક અગ્ર મુખ્ય વન સંરક્ષક, વિકાસ અને વ્યવસ્થા, ગુ.રા., ગાંધીનગર.</u>**

1. વન સંરક્ષક, વિકાસ અને વ્યવસ્થા, મુખ્ય મથક, ગાંધીનગર.

**<u>મુખ્ય વન સંરક્ષક ફોરેસ્ટ પ્રોટેકશન, ગાંધીનગર</u>**

1. નાયબ વન સંરક્ષક, પ્રોટેકશન ગાંધીનગર.
2. મદદનીશ વન સંરક્ષક, પ્રોટેકશન, ગાંધીનગર.

**<u>મુખ્ય વન સંરક્ષક, વન વર્તુળ, ગાંધીનગર.</u>**

1. નાયબ વન સંરક્ષક, ગાંધીનગર
2. નાયબ વન સંરક્ષક, સાબરકાંઠા વિભાગ, હિંમતનગર.
3. નાયબ વન સંરક્ષક, અરવલ્લી વિભાગ, મોડાસા.

**<u>મુખ્ય વન સંરક્ષક, વન વર્તુળ, જુનાગઢ.</u>**

1. નાયબ વન સંરક્ષક, વન વિભાગ, જુનાગઢ.
2. નાયબ વન સંરક્ષક, વન વિભાગ, જામનગર.
3. નાયબ વન સંરક્ષક, વન વિભાગ, ભાવનગર.
4. નાયબ વન સંરક્ષક, વન વિભાગ, સુરેન્દ્રનગર.
5. નાયબ વન સંરક્ષક, વન વિભાગ, મોરબી.

**<u>મુખ્ય વન સંરક્ષક, વન વર્તુળ, કચ્છ-ભુજ.</u>**

1. નાયબ વન સંરક્ષક, વન વિભાગ, કચ્છ-ભુજ (પુર્વ)
2. નાયબ વન સંરક્ષક, વન વિભાગ, કચ્છ-ભુજ (પશ્ચીમ)
3. નાયબ વન સંરક્ષક, સામાજીક વનીકરણ વિભાગ, કચ્છ-ભુજ.
4. નાયબ વન સંરક્ષક, વન વિભાગ, પાટણ.
5. નાયબ વન સંરક્ષક, બન્નીગ્રાસ લેન્ડ, કચ્છ-ભુજ.

**<u>વન સંરક્ષક, વન વર્તુળ, વડોદરા.</u>**

1. નાયબ વન સંરક્ષક, બારીયા.
2. નાયબ વન સંરક્ષક, છોટાઉદેપુર.
3. નાયબ વન સંરક્ષક, મહિસાગર વન વિભાગ, લુણાવાડા.
4. નાયબ વન સંરક્ષક, ગોધરા.

**મુખ્ય વન સંરક્ષક, વન વર્તુળ, વલસાડ.**

1. નાયબ વન સંરક્ષક, ડાંગ(ઉત્તર), આહવા.
2. નાયબ વન સંરક્ષક, ડાંગ(દક્ષિણ), આહવા.
3. નાયબ વન સંરક્ષક, વલસાડ(ઉત્તર), વલસાડ.
4. નાયબ વન સંરક્ષક, વલસાડ (દક્ષિણ), વલસાડ.

**મુખ્ય વન સંરક્ષક, વન વર્તુળ, સુરત.**

1. નાયબ વન સંરક્ષક, સુરત.
2. નાયબ વન સંરક્ષક, વ્યારા.
3. મદદનીશ વન સંરક્ષક, પેટા વન વિભાગ, ભરૂચ.

**અધિક અગ્ર મુખ્ય વન સંરક્ષક, સામાજીક વનીકરણ, ગુ.રા., ગાંધીનગર.**

1. વન સંરક્ષક, સામાજીક વનીકરણ, ગુ.રા., ગાંધીનગર.

**વન સંરક્ષક, સામાજીક વનીકરણ વર્તુળ, અમદાવાદ.**

1. નાયબ વન સંરક્ષક, સામાજીક વનીકરણ વિભાગ, અમદાવાદ.
2. નાયબ વન સંરક્ષક, સામાજીક વનીકરણ વિભાગ, નડિયાદ.
3. નાયબ વન સંરક્ષક, સામાજીક વનીકરણ વિભાગ, સુરેન્દ્રનગર.
4. નાયબ વન સંરક્ષક, સામાજીક વનીકરણ વિભાગ, આણંદ.

**વન સંરક્ષક, સામાજીક વનીકરણ વર્તુળ, ભરૂચ.**

1. નાયબ વન સંરક્ષક, સામાજીક વનીકરણ વિભાગ, ભરૂચ.
2. નાયબ વન સંરક્ષક, સામાજીક વનીકરણ વિભાગ, નવસારી.
3. નાયબ વન સંરક્ષક, સામાજીક વનીકરણ વિભાગ, સુરત.
4. નાયબ વન સંરક્ષક, સામાજીક વનીકરણ વિભાગ, નર્મદા-રાજપીપળા.
5. નાયબ વન સંરક્ષક, સામાજીક વનીકરણ વિભાગ, વલસાડ

**વન સંરક્ષક, સામાજીક વનીકરણ વર્તુળ, રાજકોટ.**

1. નાયબ વન સંરક્ષક, સામાજીક વનીકરણ વિભાગ, દેવભુમિ દ્વારકા-જામખંભાળીયા.
2. નાયબ વન સંરક્ષક, સામાજીક વનીકરણ વિભાગ, બોટાદ.
3. નાયબ વન સંરક્ષક, સામાજીક વનીકરણ વિભાગ, રાજકોટ.
4. નાયબ વન સંરક્ષક, સામાજીક વનીકરણ વિભાગ, અમરેલી.

5. નાયબ વન સંરક્ષક, સામાજીક વનીકરણ વિભાગ, ગીર સોમનાથ-વેરાવળ.

**<u>વન સંરક્ષક, સામાજીક વનીકરણ વર્તુળ, મહેસાણા.</u>**

1. નાયબ વન સંરક્ષક, સામાજીક વનીકરણ વિભાગ, મહેસાણા.
2. નાયબ વન સંરક્ષક, સામાજીક વનીકરણ વિભાગ, બનાસકાંઠા-પાલનપુર.
3. નાયબ વન સંરક્ષક, સામાજીક વનીકરણ વિભાગ, સાબરકાંઠા-હિમંતનગર.

**<u>વન સંરક્ષક, સામાજીક વનીકરણ વર્તુળ, ગોધરા.</u>**

1. નાયબ વન સંરક્ષક, સામાજીક વનીકરણ વિભાગ, વડોદરા.
2. નાયબ વન સંરક્ષક, સામાજીક વનીકરણ વિભાગ, ગોધરા.
3. નાયબ વન સંરક્ષક, સામાજીક વનીકરણ વિભાગ, દાહોદ.

**<u>અધિક અગ્ર વન સંરક્ષક, સંશોધન અને તાલીમ, ગુ.રા., રાજપીપળા.</u>**

1. વન સંરક્ષક, સંશોધન, ગાંધીનગર.
2. વન સંરક્ષક, સિલ્વા, રાજપીપળા.
3. પ્રિંસિપાલ,GFRCરાજપીપળા.
4. નાયબ વન સંરક્ષક, સંશોધન, ગાંધીનગર.
5. નાયબ વન સંરક્ષક, પી.એલ.ઓ, ગાંધીનગર.
6. નાયબ વન સંરક્ષક, તાલીમ, ગાંધીનગર.
7. નાયબ વન સંરક્ષક, પ્રસારણ, ગાંધીનગર.
8. નાયબ વન સંરક્ષક, F.T.C, કાકરાપાર.

**<u>વન સંરક્ષક, સિલ્વા, રાજપીપળા.</u>**

1. નાયબ વન સંરક્ષક, વન વિજ્ઞાન તાલીમ કેન્દ્ર, કાકરાપાર.

**<u>અધિક અગ્ર મુખ્ય વન સંરક્ષક, વહીવટ અને આઇ.ટી., ગુ.રા., ગાંધીનગર.</u>**

1. નાયબ વન સંરક્ષક, વહીવટ, ગાંધીનગર.
2. મદદનીશ વન સંરક્ષક, વહીવટ, ગાંધીનગર.
3. નાયબ નિયામક, આઇ.ટી., ગાંધીનગર.

**<u>અગ્ર મુખ્ય વન સંરક્ષક,  નાણાંકીય વ્યવસ્થાપન, ગુ.રા., ગાંધીનગર.</u>**

1. વન સંરક્ષક (હિસાબ), ગાંધીનગર.
2. કાર્યપાલક ઇજનેર, (વન), ગાંધીનગર.

**<u>અધિક અગ્ર મુખ્ય વન સંરક્ષક, મોનીટરીંગ અને ઈવેલ્યુશન, ગુ.રા., ગાંધીનગર.</u>**

1. વન સંરક્ષક, મોનીટરીંગ, ગાંધીનગર.
2. નાયબ વન સંરક્ષક, મોનીટરીંગ, ગાંધીનગર.
3. નાયબ વન સંરક્ષક, મોનીટરીંગ અને ઇવેલ્યુએશન, ગાંધીનગર.

4. નાયબ વન સંરક્ષક, પીપીએમઇ, ગાંધીનગર.
5. નાયબ નિયામક, આંકડા, ગાંધીનગર.

**<u>અધિક અગ્ર મુખ્ય વન સંરક્ષક, જમીન, ગુ.રા., ગાંધીનગર.</u>**

1. નાયબ વન સંરક્ષક, જમીન, ગાંધીનગર.

**<u>અધિક અગ્ર મુખ્ય વન સંરક્ષક, પી.એમ.યુ., ગુ.રા., ગાંધીનગર.</u>**

1. નાયબ વન સંરક્ષક, પી.એમ.યુ. ગાંધીનગર.

**<u>મુખ્ય વન સંરક્ષક, આયોજન, ગુ.રા., ગાંધીનગર.</u>**

1. મુખ્ય વન સંરક્ષક, આયોજન વર્તુળ, સુરત.
2. મુખ્ય વન સંરક્ષક, આયોજન વર્તુળ, વડોદરા.
3. વન સંરક્ષક, આયોજન વર્તુળ, જુનાગઢ.
4. મદદનીશ વન સંરક્ષક, જી.આઇ.એસ.સેલ, ગાંધીનગર.

**<u>મુખ્ય વન સંરક્ષક, તકેદારી, ગુ.રા., ગાંધીનગર.</u>**

1. વન સંરક્ષક, તકેદારી, ગુ.રા.,ગાંધીનગર.
2. નાયબ વન સંરક્ષક, તકેદારી, ગુ.રા.,ગાંધીનગર
3. મદદનીશ વન સંરક્ષક, તકેદારી ગુ.રા.ગાંધીનગર.

# ગુજરાત રાજય વન વિકાસ નિગમ લિમિટેડ, વડોદરા

## <u>ગુજરાત રાજય વન વિકાસ નિગમ લિમિટેડ, વડોદરા</u>

## <u>૭૮, વનગંગા', અલકાપુરી, વડોદરા</u>

**પ્રસ્તાવના :**

ગુજરાત રાજય વન વિકાસ નિગમ લિમિટેડ તેની કામગીરીનું ૪૭મું વર્ષ ૩૧-૦૩-૨૦૨૪ના રોજ પુરૂ કરશે. અનુસૂચિત વિસ્તારની ગૌણ વન પેદાકાની કામગીરી ગ્રામ પંચાયતો વતી સને ૨૦૦% ના વન અધિકાર કાયદા તથા પેસા નિયમો-૨૦૧૭ અનુસાર નિગમ આ કામગીરી કરી રહેલ છે તેમજ પાનમ નીલગીરી કલોનલ વાવેતર, ધન્વંતરી બ્રાન્ડ હેઠળ મધ તથા આયુર્વેદીક ઔષધિનું વેચાણ ઇકો ટુરીઝમ, સરકારી ખાતા તથા અર્ધ સરકારી વિભાગોમાં ઈન્ટીરીયર, ફર્નિચર કામોની પ્રવૃતિને કારણે નિગમની બાર્થિક સાતામાં નોંધપાત્ર વધારો થયો છે અને નિગમ ફરીથી ઉત્તરોતર પ્રગતિ કરી રહેલ છે.

**<u>નિગમ ધ્વારા નીચે મુજબની પ્રવૃતિઓ હાથ ધરવામાં આવે છે.</u>**

(૧) સહકારી સંસ્થાઓ/આદિવાસીઓને પ્રોત્સાહન / સીધા ખરીદ કેન્દ્રો મારફતે ગૌણ વન પેદાશોના એકત્રીકરણ, સંગ્રહ અને નિકાલની વ્યવસ્થા

વનવાસીઓને તથા સમાજના નબળા વર્ગને શોષણમુક્ત કરવા અને ગૌણ વન પેદાશના વ્યાપારમાંથી ખાનગી વ્યાપારીઓને દૂર કરવા બે નિગમના ઉદેશો છે. નિગમ આશ્રમશાળાઓ, સહકારી સંસ્થાઓ અને જે.એક.એમ.સી./એસ.એચ.જી.ગ્રુપ/સખી મંડળને એકત્રીકરણ માટે રાખવા માટે કાર્યવાહી હાથ ધરેલ છે. આદિવાસી અંતરીયાળ ગામોમાં ભરવામાં આવતા હાટમાં નિગમે મારી દુકાન હેઠળ પોતાના સીધા એકત્રીકરણ કેન્દ્રો શરૂ કરીને પણ એકત્રીકરણ ક્ષેત્રે સંચયકારોને તેઓની મહેનતનું પુરેપુરૂ વળતર મળી રહે તે પ્રમાણે કાર્ય કરી રહેલ છે. હાલ સખી મંડળનો- E અને ૨૫ સહભાગી વન વ્યવસ્થા મંડળો કાર્યરત છે. નિગમે ૧૬ જેટલા પોતાના એકત્રીકરણ કેન્દ્રો શરૂ કરીને પણ એકત્રીકરણ વ્યવસ્થા ગોઠવેલ છે તેમજ આગામી સમયમાં એમ. બેક, પી ટુ એમ. પી. હેઠળ ૪૫ જેટલા સીધા ખરીદ કેન્દ્રો ઉભા કરવાનું આયોજન કરેલ છે.

**(૨) ધન્વંતરી પ્રોજેકટ :**

નિગમ દ્વારા એકત્ર કરવામાં આવતી ગૌણ વન પેદાશોનો ઉપયોગ કરી "ધન્વંતરી બ્રાન્ડ હેઠળ આયુર્વેદિક દવાઓ બનાવવાનો પ્રોજેકટ પોર (તાલુકો વડોદરા) મુકામે શરૂ કરવામાં આવેલ છે. આ પ્રોજેકટ હેઠળ આયુર્વેદિક ઔષધોના ઉત્પાદન ઉપરાંત સ્વયં સંચાલિત મધ પ્રોસેસીંગ તથા બોટલીંગ પ્લાન્ટમાં મધનું પ્રોસેસીંગ તથા પેકીંગ કરવામાં ખાવે છે. ઉપરોક્ત વેલ્યુ એડેડ બનાવટોને જનતા તરફથી સામે પ્રતિસાદ સાંપડી રહ્યો છે. ગૌણ વન પેદાશ તેમજ મધ વિગેરેના લેબોરેટરી ટેસ્ટીંગ માટે લેબ સ્થાપિત કરવામાં આવેલ છે.

**(3) પ્રદર્શન અને છુટક વેચાણ :**

ગૌણ વન પેદાશ તેમના ઉપભોકતાઓની વ્યાજબી ભાવે મળી રહે તેમજ આ પેટાશો અને તેના ઉપયોગથી શહેરી જનતાને માહિતગાર કરવા માટે નિગમે ગૌણ વન પેદાશોનું પ્રદર્શન અને છુટક વેચાણ ચાલુ રાખેલ છે. વડોદરા, ગાંધીનગર, અમદાવાદ, અંબાજી, જુનાગઢ, જામનગર, રાજકોટ, સુરત, ગોધરા, વાંસદા ખાતેના વેચાણ કેન્દ્રો તેમજ નિગમની વિભાગીય કચેરીએથી છૂટક વેચાણ ધ્વારા ઉપભોકતાઓને ગૌણ વન પેદાશ પહોંચાડવાનું કાર્ય નિગમે ચાલુ રાખેલ છે. છુટક વેચાણ પ્રત્યે જનતાનો પ્રતિભાવ ઉત્સાહજનક છે. વડોદરા છુટક વેચાણ કેન્દ્ર ખાતે ખ્યાતનામ ચિકિત્સક ધ્વારા વિના મુલ્યે રોગ નિદાન તથા સલાહ જાહેર જનતાને પુરી પાડવામાં આવે છે.

**(૪) વનિલ ઉદ્યોગ :**

નિગમ ધ્વારા મુખયત્વે બીનસાગી લાકડાનો વપરાશ તેમજ આદિવાસીઓને રોજી મળી રહે તે ઉદેશથી નવસારી જીલ્લાના વાંસદા તાલુકાના નવતાડ મુકામે પછાત વિસ્તારમાં સને ૧૯૮૦-૮૧માં વનિલ ઉદ્યોગની સ્થાપના કરી છે. સદર યુનિટની લાકડુ વહેરવાની ક્ષમતા ૨૦૦૦ ઘ.મી. ની છે. પુરતી ક્ષમતાએ કામ કરવા સદર યુનિટને મોટા ઓર્ડરની જરૂર છે. પર્યાવરણ જાળવવાના હેતુસર સરકારી વિભાગોમાંથી ઉત્તરોતર લાકડાની ખરીદી ઓછી કરી અન્ય વૈકલ્પિક વસ્તુઓ જેવીકે પ્લાસ્ટીક, લોખંડ વિગેરેના ઉપયોગ પર ભાર મુકવામાં આવે છે જેના પરિણામે પણ સરકારી વિભાગો તરફથી મળતા ઓર્ડરમાં ઘણો ઘટાડો થયેલ છે. આ એકમ દ્વારા સરકારી તથા બિન- સરકારી કચેરીઓના રીનોવેશન, ઇન્ટીરીયર ડેકોરેશન તથા ફર્નિચર પુરી પાડવાની કામગીરી પર વધુ ધ્યાન આપવામાં આવી રહ્યું છે. તદઉપરાંત નિગમના આ એકમ દ્વારા અન્ય ફર્નિચર, બારી-બારણાં પુરા પાડવાની કામગીરી પણ હાથ ધરવામાં આવી રહેલ છે.

**(૫) પાનમ સિંચિત વાવેતર યોજના :**

આ પ્રોજેકટમાં પંચમહાલ જીલ્લાના શહેરા અને ગોધરા તાલુકાના કુલ ૫૫૮૮ હેકટર વિસ્તારનો સમાવેશ કરવામાં આવેલ છે. આ પ્રોજેકટના મુખ્ય ઉદેશો નીચે પ્રમાણે છે..

(ક) વનોના ધનિષ્ઠ વિકાસ અને ઉચ્ચ જાળવણી ધ્વારા વનોની ઉત્પાદકતા વધારવી તેમજ પર્યાવરણની સમતુલા જાળવવામાં મદદરૂપ થવું.

(ખ) પ્રોજેકટ સમાવિષ્ટ સમગ્ર વિસ્તારમાં પાંચ વર્ષના સમયગાળા દરમ્યાન ઝડપી ઉગી શકે તેવી વન્ય પેદાશો ઉગાડવી.

(ગ) જમીનનો મહતમ ઉપયોગ કરી પછાત વિસ્તારમાં રોજગારીની તકો પ્રરી પાડવી.

(૬) **ઇકો-ટુરીઝમ (વનિલ ઇકો ડેન) :**

નવસારી જિલ્લાના વાંસદા તાલુકા સ્થિત વનિલ ઉદ્યોગના લીલાછમ કેમ્પસમાં પ્રવાસીઓને આકર્ષવા માટે ઇકો ડેન સાઇટ વિકસાવવામાં આવી છે. જેમાં ઇકો ડેન વાઇલ્ડ લાઇફ ઝોન, ઇકો ટ્રેઇલ, ટ્રાઇબલ ઝોન, એડવેંચર ઝોન, રહેવા માટે ઇકો કોટેજ, બટરફ્લાય ઝોન, સાયકલિંગ ટ્રેક એપ્રિલ ૨૦૨૧ થી શરૂ કરવામાં આવેલ છે.

# ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ, ગાંધીનગર

**બોર્ડનું વહીવટી માળખું**

**બોર્ડના એકમના વડા**

**અધ્યક્ષ**

**સભ્ય સચિવ**

**વડી કચેરી, ગાંધીનગર.** (ડિસેમ્બર ૨૦૨૩ની સ્થિતિએ)

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧ | ગાંધીનગર | ૨૦ | મહેસાણા | ૩૯ | આઇએસઓ |
| ૨ | અમદાવાદ ગ્રામ્ય | ૨૧ | સુરેન્દ્રનગર | ૪૦ | તપાસ એકમ |
| ૩ | રાજકોટ | ૨૨ | રાજકોટ | ૪૧ | આર.ટી.આઇ. પ્રથમ એપેલેટ |
| ૪ | નવસારી | ૨૩ | ભાવનગર | ૪૨ | કાયદા શાખા |
| ૫ | જુનાગઢ | ૨૪ | પોરબંદર | ૪૩ | આઇટી શાખા |
| ૬ | નડીયાદ | ૨૫ | જામનગર | ૪૪ | ઑડીટ શાખા |
| ૭ | અમદાવાદ પૂર્વ | ૨૬ | કચ્છ પુર્વ | ૪૫ | પી૧, પીર, પી૩ |
| ૮ | અમદાવાદ શહેર | ૨૭ | કચ્છ પશ્ચિમ | ૪૬ | ઇ વેસ્ટ |
| ૯ | વડોદરા | ૨૮ | હિંમતનગર | ૪૭ | બાયો મેડીકલ વેસ્ટ |
| ૧૦ | સુરત | ૨૯ | આર એન્ડ ડી શાખા | ૪૮ | મ્યુનિસિપલ સોલીડ વેસ્ટ |
| ૧૧ | જેતપુર | 30 | પ્લાસ્ટીક વેસ્ટ | ૪૯ | યુનિડો પ્રોજેક્ટ |
| ૧૨ | અંકલેશ્વર | ૩૧ | વહીવટી શાખા | ૫૦ | ટ્રેનીંગ |
| ૧૩ | વાપી | ૩૨ | હેઝાર્ડસ શાખા | ૫૧ | લાયબ્રેરી |
| ૧૪ | સરીગામ | ૩૩ | આઇસીઝેડએમ | ૫૨ | એન્વાયરો. ઓડીટ |
| ૧૫ | ભરૂચ | ૩૪ | વિજીલન્સ | ૫૩ | પ્રજાસકે |
| ૧૬ | ગોધરા | ૩૫ | મહેકમ શાખા | ૫૪ | રીવર એક્શન પ્લાન |
| ૧૭ | આણંદ | ૩૬ | પાણી ઉપકર શાખા | | |
| ૧૮ | મોરબી | ૩૭ | મધ્યસ્થ પ્રયોગશાળા | | |
| ૧૯ | પાલનપુર | ૩૮ | હિસાબી શાખા | | |

**(બ) બોર્ડની પ્રાદેશિક કચેરીઓ**

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧ | વાપી | ૧૦ | રાજકોટ | ૧૯ | અંકલેશ્વર |
| ૨ | સરીગામ | ૧૧ | ભાવનગર | ૨૦ | નવસારી |
| ૩ | ભરૂચ | ૧૨ | પોરબંદર | ૨૧ | જુનાગઢ |
| ૪ | ગોધરા | ૧૩ | જામનગર | ૨૨ | નડિયાદ |
| ૫ | આણંદ | ૧૪ | કચ્છ પુર્વ | ૨૩ | અમદાવાદ પુર્વ |
| ૬ | મોરબી | ૧૫ | કચ્છ પશ્ચિમ | ૨૪ | અમદાવાદ શહેર |
| ૭ | પાલનપુર | ૧૬ | હિંમતનગર | ૨૫ | વડોદરા |
| ૮ | મહેસાણા | ૧૭ | ગાંધીનગર | ૨૬ | સુરત |
| ૯ | સુરેન્દ્રનગર | ૧૮ | અમદાવાદ ગ્રામ્ય | ૨૭ | જેતપુર |

**(ક) તકેદારી કચેરી**

| | |
|---|---|
| ૧ | વિજીલન્સ ઓફીસ, વડી કચેરી, ગાંધીનગર, ટીન નં. ૦૧ અને ટીમ નં. ૨ |

➢ **<u>પરિસર હવાની ગુણવત્તાનું મોનીટરીંગ યોજના:</u>**

પરિસર હવાની ગુણવત્તાના મોનિટરીંગ (ઍમ્બિયન્ટ ઍર ક્વૉલિટી મોનીટરીંગ-AAQM) યોજના હેઠળ બોર્ડ દ્વારા અમદાવાદ, વડોદરા, સુરત, વાપી, ભરૂચ અને રાજકોટમાં પરિસર હવાની ગુણવત્તાના મોનીટરીંગની યોજના ચાલુ છે.પરિસર હવાની ગુણવત્તા લેવા માટેના સેમ્પલ્સ પરિસર હવા ગુણવત્તાના સ્ટાન્ડર્ડ નોર્મ્સ મુજબ લેવામાં આવે છે.

પૃથ્થકરણ વખતે માપવામાં આવતાં પરિમાણોમાં PM10, $PM_{2.5}$, $SO_2$, $NO_X$, $NH_3$, $O_3$, CO, Lead, Arsenic, Nickel, Benzene અને Benzo-A-Pyreneનો સમાવેશ થાય છે. પરિસર હવાના હવાશાસ્ત્રને લગતી માહિતી નિયમિત રીતે સીપીસીબી( કેન્દ્રીય પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ)ને રિપોર્ટના સંકલન અને તૈયાર કરવા માટે મોકલવામાં આવે છે. પરિસર હવાની ગુણવત્તાના મોનીટરીંગ યોજના હેઠળ બોર્ડ દ્વારા પરિસર હવાની ગુણવત્તાના મોનીટરીંગ માટે રાજ્યમાં વિવિધ યોજનાઓ જેવી કે SAMP,NAMP, એર એક્શન પ્લાન વગેરે દ્વારા કરવામાં આવે છે.

➢ **<u>નેશનલ એર ક્વોલીટી મોનીટરીંગ પ્રોગ્રામ (એનએએમપી):</u>**

કેન્દ્રીય પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ, નવી દિલ્હી દ્વારા નાણાંકીય મદદથી રાજ્યના ૩૮ સ્ટેશનોમાં આ યોજના હેઠળ પરિસર હવાની ગુણવત્તાનું મોનીટરીંગ કરવામાં આવે છે.સીપીસીબી દ્વારા નિર્દેશ કરાયેલા પરિસર હવાની ગુણવત્તાના સ્ટાન્ડર્ડ નોર્મ્સ મુજબ પરિસર હવાની ગુણવત્તા માપવા માટે સેમ્પલ્સ લેવામાં આવે છે. પૃથ્થકરણ વખતે માપવામાં આવતાં પરિમાણો $PM_{10}$, $PM_{2.5}$, $SO_2$, $NO_X$, $NH_3$, $O_3$, CO, Lead, Arsenic, Nickel, Benzene અને Benzo-A-Pyreneનો અને હવાશાસ્ત્રની માહિતી પણ અમુક જગ્યાઓ પર મોનીટર કરવામાં આવે છે. પરિસર હવાની ગુણવત્તામાં લેવામાં આવતી માહિતી નિયમિત રીતે સીપીસીબી (કેન્દ્રીય પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ)ને રિપોર્ટના સંકલન અને તૈયાર કરી મોકલવામાં આવે છે.

➢ **<u>સ્ટેટ એર મોનીટરીંગ પ્રોગ્રામ (એસએએમપી):</u>**

આ યોજના હેઠળ ૨૪ સ્ટેશનોમાં હવા પરિસર ગુણવત્તા મોનીટરીંગ કાર્યક્રમ રાજ્યમાં કરવામાં આવે છે. સીપીસીબી દ્વારા નિર્દેશ કરાયેલા પરિસર હવાની ગુણવત્તાના સ્ટાન્ડર્ડ નોર્મ્સ મુજબ પરિસર હવાની ગુણવત્તા માપવા માટે સેમ્પલ્સ લેવામાં આવે છે. પૃથ્થકરણ વખતે માપવામાં આવતાં પરિમાણો $PM_{10}$, $PM_{2.5}$, $SO_2$, $NO_X$, $NH_3$, $O_3$,CO, Lead, Arsenic, Nickel, Benzene અને Benzo-A-Pyreneનો અને હવાશાસ્ત્રની માહિતી પણ અમુક જગ્યાઓ પર મોનીટર કરવામાં આવે છે.

➢ **<u>વોલેટાઇલ ઓર્ગેનીક કમ્પાઉન્ડ (વીઓસી) મોનીટરીંગ:</u>**

વોલેટાઇલ ઓર્ગેનીક કમ્પાઉન્ડ (વીઓસી) તેમની High Vapour Pressure ની લાક્ષનીકતાને કારણે સામાન્ય તાપમાનમાં ખૂબ જ નોંધપાત્ર જથ્થામાં બાષ્પીભવન થઇ વાતાવરણમાં ભળીને હવા, જમીન તથા પાણીને નુકશાન પહોંચાડી શકે છે. આવા વોલેટાઇલ ઓર્ગેનીક કમ્પાઉન્ડના મોનીટરીંગ માટે બોર્ડ દ્વારા સાર યોજના હાથ ધરવામાં આવેલ છે આ યોજનાનો ઉદ્દેશ્ય હવા ગુણવતા સુધારણા માટે જરૂર પડ્યે વ્યહાત્મક આયોજન કરી કાર્ય યોજના ઘડી શકાય તથા નાવા વિકાસ માટેની યોજના નક્કી કરતી વખતે સરકારશ્રીને જરૂર પડ્યે માર્ગદર્શન આપી શકાય તે હેતુથી ગુજરાત પ્રદુષણ નિયંત્રણ બોર્ડ દ્વારા ગુજરાતના ૨૫ કલ્સ્ટરમાં ૨૪ કલાક માટે માસિક એક વખત કેન્દ્રીય પ્રદુષણ નિયંત્રણ બોર્ડની માર્ગદર્શિકા મુજબ VOCનું મોનીટરીંગ કરવામાં આવે છે.

➢ **<u>દરિયાકાંઠા વિસ્તારના મોનીટરીંગ પ્રોગ્રામ:</u>**

ગુજરાત પાસે આશરે ૧૬૦૦ કીમી. લાંબો દરિયા કિનારો આવેલો છે. નદીઓ મારફત દરિયાઈ વિસ્તારમાં આવેલ ઉદ્યોગોમાંથી ઉત્પન્ન થતું ગંદૂપાણી અને દરિયાઈ વિસ્તારમાં રહેણાંક વિસ્તારોના વિકાસ અને ત્યા દરિયાઈ વિસ્તારમાં વિકાસ પામેલ મોટા શહેરો અને નગરપાલીકાઓનુ ઘરગથ્થુ ગંદુપાણી દરિયાઈ વિસ્તારમાં છોડવામાં આવે છે. દરિયાના પાણીની ગુણવત્તા ચકાસવા ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ દ્વારા અમુક મથકોની માસિક ધોરણે દરિયાના પાણીની ગુણવત્તાની ચકાસણી કરવામાં આવે છે.

➢ **<u>જેમ્સ પરિયોજના:</u>**

કેન્દ્રીય પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ દ્વારા વૈશ્વિક પર્યાવરણ મોનીટરીંગ પરિયોજના (જેમ્સ-ગ્લોબલ એન્વારમેન્ટ મોનીટરીંગ સિસ્ટમ) આ બોર્ડને સોપવામાં આવી છે. આ પરિયોજનામાં રાજ્યની મોટી નદીઓ જેવી કે, નર્મદા, તાપી, મહી અને સાબરમતી નદીઓના પાણીની ગુણવત્તાના મૂલ્યાંકન અંગેની કામગીરી આવરી લેવામાં આવી છે.

કેન્દ્રીય પ્રદૂષણ નિયંત્રણ બોર્ડની માર્ગદર્શક સૂચનાઓ મુજબ આ માટે કુલ ૯ મથકો નક્કી કરવામાં આવ્યા છે. જે પૈકી **૭** મથકો જમીનની સપાટી પરના પાણીની ગુણવત્તાના મોનીટરીંગ માટે અને બાકીના મથકો ભૂગર્ભ પાણીની ગુણવત્તાના મોનીટરીંગ માટે નક્કી કરવામાં આવ્યા છે. આ યોજના હેઠળના મોનીટરીંગના અહેવાલો કેન્દ્રીય પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ, ન્યુ દિલ્હી ખાતે ઇ.ડી.બી માધ્યમથી મોકલવામાં આવે છે.

➢ **<u>મિનાર્સ પરિયોજના:</u>**

નદીઓમાં ગંદાપાણીનો નિકાલ કરવાથી તેના પાણીની ગુણવત્તા ઉપર વિપરિત અસર થવા સંભવ છે. આવી નદીઓના પાણીનું મોનીટરીંગ કરવું જરૂરી છે. 'મિનાર્સ' – ભારતીય રાષ્ટ્રીય જળ સંપત્તિના

મોનીટરીંગની વ્યવસ્થા (મિનાર્સ-મોનીટરીંગ ઓફ ઇન્ડિયન એક્વેટિક રિસોર્સીસ સિસ્ટમ) હેઠળ આ પાણીની ગુણવત્તાના મોનીટરીંગની અગાઉના વર્ષની યોજના કેન્દ્રીય પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ દ્વારા મળેલ મંજૂરી અન્વયે ચાલુ રાખવામાં આવી છે.

આ યોજના હેઠળ બોર્ડ દ્વારા જુદી જુદી નદીઓ અને વિવિધ જળસ્ત્રોતોનાં **૧૫૨** સ્થળો ખાતેથી પાણીની ગુણવત્તાનું મોનીટરીંગ કરવામાં આવે છે. આ નદીઓમાં સાબરમતી નદી, મેશ્વો નદી, અનાસ નદી, મહી નદી, પાનમ નદી, નર્મદા નદી, દમણગંગા નદી, કોલક નદી, પાર નદી, તાપી નદી, અંબિકા નદી અને વિવિધ જળ સ્ત્રોતોનો સમાવેશ કર્યો છે.

આ પરિયોજના હેઠળ ભૂગર્ભજળ અને તળાવના પાણીની ગુણવત્તાનું સમયાંતરે મોનીટરીંગ પણ કરવામાં આવે છે. અમદાવાદ, વડોદરા, ભાવનગર, અમરેલી, જુનાગઢ, રાજકોટ, સુરેન્દ્રનગર, જામનગર, ભૂજ, પાલનપુર, મહેસાણા, સિધ્ધપુર, હિંમતનગર, નડિયાદ, દાહોદ, ગોધરા, અંકલેશ્વર, સુરત, હજીરા, વલસાડ અને વાપીના ભૂગર્ભ જળની ગુણવત્તા ચકાસણી કરવામાં આવે છે. અમદાવાદના કાંકરીયા તળાવ અને ચંડોળા તળાવ, વડોદરાના આજવા તળાવ અને સુરસાગર તળાવ, નળ સરોવર, બિંદુ સરોવર, સહસ્ત્રલિંગ સરોવર, લાખોટા તળાવ, નરસિંહ મહેતા સરોવર, નડિયાદ તળાવ, રણજીત સાગર તળાવ- હાલોલ અને થોળ ટેન્ક/તળાવના પાણીની ગુણવત્તાની ચકાસણી કરવામાં આવે છે.

- **મોટા શહેર તથા ઔદ્યોગિક વિસ્તારમાં પર્યાવરણનું મોનીટરીંગ:**

ગુજરાત રાજ્યમાં ઝડપી ઔદ્યોગીકરણને લીધે અને આસપાસના નગરો અને શહેરો ફરતે ઉદ્યોગોના વિકાસથી ખાસ કરીને શહેરી વિસ્તારોમાં વિસ્તરણ થયેલ છે. શહેરીકરણ અને વ્યાપક ઔદ્યોગીકરણને કારણે ગુજરાતમાં શુધ્ધ પાણીના સ્ત્રોતો પર નકારાત્મક અસર થઇ છે. તેમજ પાણી પ્રદૂષણના કારણે જલીય પર્યાવરણની ગુણવત્તા જોખમવવાની શક્યતા છે, જળાશયો અંગે ભુગર્ભ સ્ત્રોતો પર ગંદાપાણીના નિકાસને લીધે નદીઓના પાણી તથા ભુગર્ભ સ્તર સહીતના જમીન પરના પાણીના સ્ત્રોતો પર અસરો જાણવી જરૂરી છે. આ હેતુથી સદર યોજના અંતર્ગત રાજ્યમાં ઔદ્યોગીક તેમજ શહેરી વિસ્તારોના ભુગર્ભ અને ભુમી પરના પાણીની ગુણવતાની મોનીટરીંઅ અલગ સ્થળોએ ગુણવતા કરવામાં આવે છે. જેમાં હાર્ડનેશ, ક્લોરાઇડ, ફોસ્ફેટ, ઓમોનીકલ નાઇટ્રોજન, નાઇટ્રાઇટ, નાઇટ્રેટ, પીએચ, ટર્બીડીટી, મેંગેનીજ, આર્યન, કેડમીયમ, લેડ, ઇ-કોલાઇ, ફીકલ કોલીફોર્મ, ટોટલ કોલીફોર્મ જેવા પેરામીટર્સનું પૃથ્થકરણ માસમાં એક વખત લેખે વર્ષમાં બાર વખત ઉપરોક્ત સ્થળો પર સેમ્પલીંગ તેમજ એનાલીસીસ કરવામાં આવે છે.

- **જળસ્ત્રોતોનું જૈવિક મોનિટરીંગ:**

કેન્દ્રીય પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ દ્વારા (પ્રદૂષણ નિવારણ અને નિયંત્રણ) અધિનિયમ, ૧૯૭૪ની જોગવાઇઓ હેઠળ પાણી/ગુણવત્તા વ્યવસ્થાપન વિષય પર અભ્યાસ શરૂ કરાયો છે. જૈવિક મોનિટરીંગ

પ્રસ્થાપિત પધ્ધતિ છે. જળ સ્ત્રોતોને ગુણવત્તા મુજબ જુદા જુદા પ્રકારના પાણીના વપરાશો આ પધ્ધતિથી જાણી શકાય છે. જળસ્ત્રોતોના પાણીની મૂળ ગુણવત્તા પ્રસ્થાપિત કરવા તેમજ તેની જાળવણી કરવા માટે પરવડે તેવી આ પધ્ધતિ અનુસરવા હિમાયત કરવામાં આવે છે.

| **પાણીની ગુણવત્તાના વર્ગ** | **સેપ્રોબિક રેન્જનો ગુણાંક** | **વૈવિધ્યતા રેન્જનો ગુણાંક** | **પાણી ની ગુણવત્તાના** | **સુચક રંગ** |
|---|---|---|---|---|
| એ | ૭ અને વધુ | ૦.૨-૧ | શુધ્ધ | વાદળી |
| બી | ૬-૭ | ૦.૫-૧ | સાધારણ પ્રદુષણ | આછો વાદળી |
| સી | ૩-૬ | ૦.૩-૦.૯ | મધ્યમ પ્રદુષણ | લીલો |
| ડી | ૨-૫ | ૦.૪ અને ઓછુ | ભારે પ્રદુષણ | નારંગી |
| ઇ | ૦-૨ | ૦-૦.૨ | ગંભીર પ્રદુષણ | લાલ |

# ગુજરાત ઈકોલૉજી કમિશન

# ગાંધીનગર

પર્યાવરણ અને તેની જાળવણી એ આજના સમયની વિશ્વ કક્ષાએ સૌથી મોટી સમસ્યા બનતી જાય છે. પર્યાવરણ વ્યવસ્થાપન તથા કલાઈમેન્ટ ચેન્જ એ ખુબ મોટા પડકાર તરીકે ઉભરી રહ્યા છે. પ્રદૂષણ વ્યવસ્થાપન, જમીનનું ધોવાણ, જૈવ વિવિધતા ઉપર અસર, દરિયાઈ પ્રદૂષણ આ બધા જ ખુબ જ મોટા પડકારો દેશ તથા રાજ્ય સામે છે.

પર્યાવરણના સુચારૂ વ્યવ્થાપન અર્થે માનનીય પ્રધાનમંત્રીશ્રી દ્વારા અવારનવાર પહેલ કરવામાં આવે છે. જેમ કે સ્વચ્છતા મિશન, દરિયાઈ બીચ સ્વચ્છતા મિશન વગેરે. હાલમાં માનનીય પ્રધાનમંત્રીશ્રી દ્વારા ગ્લાસગો (UK) ખાતે મિશન લાઈફ (Mission Life - Life style for Environment) નો પ્રસ્તાવ દુનિયા સમક્ષ મુકવામા આવ્યો. મિશન લાઈફ એટલે "પર્યાવરણ અનુરૂપ જીવન શૈલી".

ગુજરાત ઇકોલોજી કમિશન, વન અને પર્યાવરણ વિભાગના તાબા હેઠળ રાજ્યમાં વિવિધ નિવાસનતંત્રોનું પુનઃસ્થાપન, સંશોધન તથા પર્યાવરણના વ્યવસ્થાપન અને સંરક્ષણ તેમજ લોક-જાગૃતિ વગેરે જેવા કાર્યો છેલ્લા ૨૯ વર્ષથી કરતી આવી રહેલ છે. આ ઉપરાંત કમિશનના હેતુઓને ધ્યાને રાખતા રાજ્યમાં પર્યાવરણ બચાવવા તથા કુદરતી સ્ત્રોતોના સંભાળપુર્વક ઉપયોગો માટે સતત જાગૃતિ ફેલાવવાની કામગીરી સ્થાનિક સંસ્થાઓ મારફતે કરતી આવી રહેલ છે.

પર્યાવરણના સુચારૂ વ્યવસ્થાપન અર્થે રાજ્ય સરકારના પ્રયાસોમાં સહભાગી થવા અર્થે ગુજરાત ઇકોલોજી કમિશન દ્વારા વર્ષ ૨૦૨૪-૨૦૨૫ ના સામન્ય બજેટ માટે તેના હેતુઓ ધ્યાને રાખતા **રૂ. ૨૭૩૦.૦૦ લાખની** જોગવાઈ કરવામાં આવી છે.

**(૧) <u>ગુજરાત ઇકોલોજી કમિશન વહીવટી ખર્ચ</u>**

ગુજરાત ઇકોલોજી કમિશન માટે રાજ્ય સરકાર દ્વારા મંજુર કરેલ મેહકમને સંલગ્ન ખર્ચ જેવા કે પગાર ભથ્થા મોઘવારી ભથ્થા, ટ્રાવેલીંગ ખર્ચ વિગેરે. આ ઉપરાંત કચેરી નિભાવણી ખર્ચ જેવાકે લાઇટ બિલ, ઓફિસ ભાડું,પોસ્ટેઝ, ટેલીફોન ખર્ચ પેટ્રોલ ડીઝલ ખર્ચ,વ્હીકલ મરામત્ ખર્ચ, ઉદ્યોગ ભવનને ચુકવવાનુ થતુ કચેરીનુ ભાડુ વિગેરેને ધ્યાને રાખતા તથા કર્મચારીઓને કથિત ૭ મા પગાર પંચના લાભને ધ્યાને રાખતા ૨૦૨૪-૨૦૨૫ માં **<u>કુલ રૂ.૩૫૦.૦૦ લાખની</u>** દરખાસ્ત કરવામાં આવે છે.

**(૨) <u>મિશન લાઈફ (Mission Life) નુ અમલીકરણ</u>**

ગુજરાત ઇકોલોજી કમિશન દ્વારા આજ સુધી "જીઈસી સ્પોન્સર્ડ સ્કીમ" અંતર્ગત પર્યાવરણ ને લગતા વિવિધ જાગૃતિ અભિયાન, કાર્યશાળા, સેમિનાર/વર્કશોપ, શાળાઓ તેમજ યુનિવર્સિટી વગેરે સાથે પર્યાવરણ અન્વયે વિવિધ વર્ગોનું આયોજન, અનેક વિવિધ નિવાસનતંત્રો અને તેમની મહ્ત્વતા તેમજ જાળવણી અર્થે પ્રચાર-પ્રસાર અન્વયે તૈયાર કરવામાં આવતી ઓડિયો વિઝયુઅલ્સ, ડોક્યુમેન્ટરીસ, માસ-મીડિયા અવેરનેસ વગેરે જેવી કામગીરી વિવિધ મધ્યમો તેમજ સ્વૈચ્છિક સંસ્થાઓ વગેરેની મદદથી હાથ ધરવામાં આવે છે. વર્ષ ૨૦૨૪-૨૦૨૫ દરમ્યાન, મિશન લાઈફ (Life style for Environment) એકલે કે "પર્યાવરણ અનુરૂપ જીવન શૈલી" નું અમલીકરણ વિવિધ થીમ, વિવિધ પ્રવુતિઓ તેમજ જાગૃતિ કાર્યક્રમો દ્વારા હાથ ધરવામાં નક્કી કરેલ છે. જેની વિગતવાર માહિતી નીચે મુજબ છે.

- **<u>પર્યાવરણ અનુરૂપ જીવનશૈલી વિષયે :</u>**

પર્યાવરણ પ્રત્યે સંવેદના લાવવા માટે અલગ અલગ પર્યાવરણીય સમસ્યાઓ ના પરિપ્રેક્ષમાં વિવિધ વિષય નિષ્ણાંતો અનેકવિધ સ્થાનિક સંસ્થાઓ, વિવિધ સરકારી વિભાગો વગેરેની મદદથી મોટાપાયે જાગૃતિ કાર્યક્રમ હાથ ધરવામાં આવશે. જેમાં,

**૧) પર્યાવરણને અનુરૂપ જીવન શૈલીના ગ્રામ્યકક્ષાના એક દિવસીય જાગૃતિ કાર્યક્રમ :**

પ્રસ્તુત કાર્યક્રમ માં પર્યાવરણ અનુરૂપ જીવનશૈલી – વિષય આધારીત એક દિવસીય તાલીમ કાર્યક્રમ ગ્રામ કક્ષાએ હાથ ધરવામાં આવશે જેમાં ૨૦૦૦ જેટલા ગામોનો સમાવેશ કરવામાં આવશે. આ તાલીમ અંતર્ગત વિષય અનુરૂપ અને લોકો સરળતા થી સમજી શકે તેવી રીતે વિશેષ પ્રકારે ખાસ વિષય નિષ્ણાંતો ની મદદથી પર્યાવરણ વિષય વસ્તુ તૈયાર કરવામાં આવશે અને ગ્રામ્ય સ્તરે પર્યાવરણ પર સકારાત્મક અસર પાડી શકાય તે હેતુથી કાર્યક્રમ હાથ ધરવામાં આવશે.

**૨) પ્રકૃતિ કી પાઠશાળા :**

આ કાર્યક્રમ ખાસ કરીને શાળાના વિધાર્થીઓ માટે તૈયાર કરવામાં આવેલ છે. જેનો મુખ્ય ઉદ્દેશ વિધાર્થીઓને પર્યાવરણ અને તેની સાથે સંકળાયેલી સમસ્યાઓથી વાકેફ કરવાનો છે. આ ઝુંબેશમાં જ્ઞાનની વહેચણી, કૌશલ્ય વિકાસ, પ્રેરણા, અભિગમ અને વર્તમાન સમસ્યાઓના સમાધાન માટે વ્યકતીગત અને સામૂહિક રીતે કામ કરવાની પ્રતિબદ્ધતાનો સમાવેશ થાય છે. પ્રકૃતિ કી પાઠશાળા સ્કૂલ કેમ્પેઇન દ્વારા વિવિધ ઉદ્દેશો હાંસલ કરવામાં આવશે. આ કેમ્પેઇન એ કેટલીક સરળ કાર્યવાહી કરવાનો પ્રયાસ છે જેનો આપણે નિયમિત ધોરણે અભ્યાસ કરીને પર્યાવરણ પર સકારાત્મક અસર પાડી શકીએ. જે નાના અને સરળ પરંતુ મહત્વપૂર્ણ વિષય પર ધ્યાન કેન્દ્રિત કરશે. જે આપણને આપણાં રોજિંદા જીવનમાં નાના ફેરફારો અને અનુકરણ સાથે આગળ વધવા માટે ખુબજ સામાન્ય વિચારો પ્રદાન કરશે.

**3) પર્યાવરણ સંવાદ :**

આ કાર્યક્રમ અંતર્ગત ગુજરાતનાં હાલની પર્યાવરણની પ્રવર્તમાન સ્થિતિ તેમજ ગુજરાત ઇકોલોજી કમિશન દ્વારા તૈયાર કરવામાં આવતા “સ્ટેટ્સ ઓફ એન્વાર્યમેન્ટ રિપોર્ટ” ને આધારે

મેળવવામાં આવતા વિવિધ પરિણામો, પર્યાવરણ પર જોવા મળતી સીધી કે આડકતરી અસરો, સંરક્ષણ ની જરૂરિયાત અને વિવિધ અભિગમો વગેરે પર એક દિવસીય પર્યાવરણ સંવાદ નું આયોજન કરવામાં આવશે.

Mission Life ના અભિયાનના ભાગરૂપે જીઈસી દ્વારા વર્ષ ૨૦૨૪-૨૦૨૫ માં જીઈસી સ્પોન્સર સ્કીમ અન્વયે નિચે અનુસારની રકમ ની જોગવાઈ કરવામાં આવે છે.

| **વિષય** | **સંખ્યા** | **રકમ (રૂ.લાખમાં )** |
|---|---|---|
| પર્યાવરણને અનુરૂપ જીવન શૈલીના ગ્રામ્ય કક્ષાના એક દિવસીય જાગૃતિ કાર્યક્રમ | ૧૮૦૦ ગામ | ૭૨૦.૦૦ |
| પ્રકૃતિ કી પાઠશાળા | ૧૪૫૦ સ્કુલ | ૪૬૦.૦૦ |
| પર્યાવરણ સંવાદ | ૨૫ | ૫૦.૦૦ |
| માસ મિડીયા કેમ્પેઈન | ૧૨ | ૧૨૦.૦૦ |
| પર્યાવરણ અનુરૂપ જીવન શૈલી અર્થે ડોક્યુમેન્ટરી ક્વીકી, સંદેશો વગેરે | ૧૦ | ૫૦.૦૦ |
| મિડીયા/સેમીનાર/વર્કશોપ તથા અન્ય જાગૃતિ વર્ધક કાર્યક્રમ | ૨ | ૧૦૦.૦૦ |
| | **કુલ રકમ (રૂ.)** | **૧૫૦૦.૦૦** |

3) <u>ઈકોલોજીકલ રીસ્ટોરેશન</u>

ગુજરાત ઇકોલોજી કમિશન દ્વારા આજસુધી એન્વાર્યમેન્ટ એકશન ફંડ, ઇકોલોજીકલ રિસ્ટોરેશન અને મોડેલ ઇકો વિલેજ યોજનાઓ અન્વયે વિવિધ રિસ્ટોરેશન અને પર્યાવરણીય વ્યવસ્થાપન ની કામગીરી હાથ ધરવામાં આવતી હતી. પરંતુ યોજના નું કદ અને નાણાકીય મર્યાદા ને ધ્યાને લેતા પ્રસ્તુત યોજના હેઠળ કોઈ અસરકારક અને ધાર્યા પરિણામો મેળવવામાં મુશ્કેલી જોવા મળતી હતી. જેથી વર્ષ ૨૦૨૩-૨૪ દરમ્યાન ઉપરોકત દર્શાવેલ ત્રણેય યોજનાઓ (એન્વાર્યમેન્ટ એકશન ફંડ, ઇકોલોજીકલ રિસ્ટોરેશન અને મોડેલ ઇકો વિલેજ) સંકલિત કરી **ઇકોલોજીકલ રિસ્ટોરેશન** મથાળા હેઠળ વિવિધ નિવાસનતંત્રો પુનઃસ્થાપન કરવાની, પર્યાવરણીય વ્યવસ્થાપન કરવાની અને ગ્રામ્યકક્ષાએ પર્યાવરણ ને અસરકરતાં પરિબળોને સંતુલિત કરવા વેગેરે જેવી કામગીરી હાથ ધરવામાં આવશે

આ વર્ષની United Nations (UN) તથા G-20 અર્થે ઈકોલૉજીકલ રીસ્ટોરેશન થીમ પસંદ કરેલ છે. જે મુજબ વિવિધ કામગીરી હાથ ધરવામાં આવશે જે માટે વર્ષ ૨૦૨૪-૨૦૨૫ **માં ૫૦૦.૦૦ લાખની દરખાસ્ત કરવામાં આવે છે.**

૪ ) <u>ઈકોલોજીકલ પ્રોફાઈલ</u>

જીઈસી દ્વારા રાજ્યના તમામ તાલુકા માટે ઈકોલોજીકલ પ્રોફાઈલ બનાવવા માટેની સ્કીમ સરકારશ્રી દ્વારા મંજૂર કરવામાં આવેલ હતી. આ સ્કીમમાં જેતે વખતે રાજ્યના તમામ તાલુકાઓને ક્રમવાર આવરી લેવાનું નકકી કરવામા આવેલ હતું.

વર્ષ ૨૦૨૩-૨૪ સુધી કૂલ ૬૭ જેટલા તાલુકાઓ નો ઇકોલોજીકલ પ્રોફાઇલ તૈયાર કરવામાં આવેલ છે જેમાં ખાસ કરીને જેતે તાલુકાઓ નો પર્યાવરણ ના વિવિધ પરિબળો જેવા કે ભૂગર્ભ જળ ની સ્થિતિ, જંગલો, કુદરતી સ્ત્રોતો અને તેમની સ્થિતિ, સાક્ષરતા, ફ્લોરા અને ફોના જેવી પ્રાથમિક માહિતી વગેરે જેવા વિશાળ ડેટા ને એકત્રિત કરી તેને GIS/RS પ્લેટફોર્મની

મદદથી વિવિધ નકશાઓ તૈયાર કરવામાં આવે છે જે કોઈપણ તાલુકાની પર્યાવરણની સંપૂર્ણ પરિસ્થિતિ ને દર્શાવે છે. વર્ષ ૨૦૨૪-૨૦૨૫ દરમિયાન પણ ગુજરાત ઈકોલૉજી કમિશન આ પ્રવૃતિ ચાલુ રાખવા માંગે છે. આ સંદર્ભે આ વર્ષે હાથ ધરવામાં આવનાર કાર્યવાહીને ચાલુ રાખવાનું આયોજન કરેલ છે. આ દસ્તાવેજમાં પ્રાથમિક તેમજ સેકન્ડરી ડેટા સમાવવામાં આવશે, જે પરિસ્થિતિ વિજ્ઞાન અને પર્યાવરણના સંરક્ષણમાં રસ ધરાવતા લક્ષજૂથોને ઘણો જ ઉપયોગી થશે. આ મ  અન્વયે તકનીકી કામ કરવા સારુ પ્રોજેકટ ઓફીસર/આસીસ્ટન્ટ (કરાર આધારિત/ આઉટસોર્સ) તરીકે જરૂરિયાત મુજબ રાખવામાં આવનાર છે. **વર્ષ ૨૦૨૪-૨૦૨૫ દરમિયાન આ પ્રવૃત્તિ માટે રૂા. ૧૦૦.૦૦ લાખની દરખાસ્ત કરવામાં આવી છે**. જેમાં કુલ ૧૦ તાલુકાનો પ્રોફાઈલ બનાવવામાં આવશે.

**૫) પર્યાવરણ માહિતી કેન્દ્ર**

ગુજરાત રાજ્યમાં હાલમાં ઔદ્યોગિક ક્ષેત્રે પ્રગતિ કરી રહયું છે, આથી આ ઔદ્યોગિક પ્રગતિની સાથે સાથે પર્યાવરણી સંવર્ધન તથા સંરક્ષણ હેતુ અને ઔદ્યોગિક પ્રગતિ માટે રાજ્ય સરકાર દ્વારા પર્યાવરણીય ક્ષેત્રે જરૂરી એવા નિર્ણયો લેવા  માટે એક પર્યાવરણીય માહિતી કેન્દ્ર જરૂરી છે જેથી કરીને રાજ્ય સરકારને વિવિધ નિતીઓ બનાવવા તથા યોગ્ય નિર્ણય માટે માહિતી આપવા પર્યાવરણીય માહિતી કેન્દ્ર દ્વારા મળી શકે.

આ માહિતી કેન્દ્ર ભારત સરકારના ડીઝીટલ ઈનડિયા કેમ્પેઈન્માં પણ ભાગીદાર બનશે કારણ કે પર્યાવરણીય માહિતી કેન્દ્ર ઓન લાઈન ઈર્ન્ફોમેશન પુરી પાડશે જે સામાન્ય માણસ પણ મેળવી શકશે. આ પર્યાવરણીય માહિતી નકશા, આંકડા, ગ્રાફ, ફોટોગ્રાફ વગેરે મળી શકશે. જે છેવાડાના માનવી તથા સંસ્થાઓને ઉપયોગી બનશે.

આ સ્કીમ અન્વયે તકનીકી કામ કરવા સારુ પ્રોજેકટ ઓફીસર (કરાર આધારિત/આઉટસોર્સ) તરીકે જરૂરિયાત મુજબ રાખવામાં આવનાર છે.

હાલ આ યોજનાની કામગીરી પ્રગતીમાં હોય રાજ્ય પર્યાવરણીય અહેવાલ બનાવામાં આવશે. આ યોજના અન્વયે **<u>સને ૨૦૨૪-૨૦૨૫ માટે રૂા. ૨૫.૦૦ લાખની જોગવાઈની દરખાસ્ત કરવામાં આવે છે.</u>**

**૬) <u>ચેર વાવેતર અને પુનઃસ્થાપન</u>**

ગુજરાત ઈકોલોજી કમિશન, ગાંધીનગરની સ્થાપના રાજય સરકાર દ્વારા સને ૧૯૯૨માં કરવામાં આવી હતી. ત્યાર બાદ કમિશન દ્વારા રાજયના પર્યાવરણ તથા પરિસરોના સંરક્ષણ તથા સુધારણા માટે લાંબાગાળાના ઉપાયો અર્થે તથા આ સંદર્ભે લોકોની જાગૃત્તિ કેળવા જુદી જુદી યોજનાનું અમલીકરણ કરતું આવ્યું છે. છેલ્લા એક દાયકાથી વધારે સમય દરમિયાન કમિશન દ્વારા સ્પોન્સર્ડ પ્રોગ્રામ ફોર અવેરનેસ, સ્ટેટ એન્વાર્યમેન્ટ એકશન પ્લાન, રિસ્ટોરેશન ઓફ મેન્ગ્રુવ્ઝ, એનજીઓ એન્વાર્યમેન્ટ એકશન ફંડ જેવા મહત્વના પ્રોજેકટો હાથ ધરવામાં આવેલ છે. તદ્દુપરાંત લગભગ 30 કરતા પણ વધારે વૈજ્ઞાનિક અહેવાલો કે જેના વિશે બહુ મર્યાદિત જ્ઞાન પ્રકાશમાં હતુ એવા અહેવાલો બહાર પાડવામાં આવ્યા છે. છેલ્લા દાયકામાં કમિશને રાજયના પર્યાવરણના સંરક્ષણના હેતુસર વિવિધ યોજનાઓ અમલમાં મૂકીને એક નવા પ્રકારનું અભિયાન હાથ ધર્યુ છે.

ગુજરાત રાજ્યને ૧૬૫૦ કી.મી. કરતા પણ લાંબો દરિયા કિનારો મળેલો છે. આ વિસ્તારમાં દરિયાના પાણીની તીવ્ર ખારાશ સામે ટકી શકે તેવી એક વિરલ પ્રકારની વનસ્પતિ ઉગી શકે છે. આ વનસ્પતી ભરતી અને ઓટ વચ્ચેના વિસ્તારમાં જયાં કાદવ કીચડવાળો વિસ્તાર હોય ત્યાં સારી રીતે વૃધ્ધી પામે છે. આ વનસ્પતીને દરીયાકાંઠાનું કલ્પવૃક્ષ ગણી શકાય કારણકે તટીય વિસ્તારમાં રહેતા અત્યંત ગરીબ લોક સમુદાયો માટે વિવિધ પ્રકારની જરૂરિયાત આ વનસ્પતિ પુરી પાડે છે. તેમજ માછીમાર સમુદાય, પશુપાલકો, ખેડૂતો વગેરેની આજીવિકામાં વધારો કરે છે.

ગુજરાત રાજ્યમાં થઈ રહેલા ઔદ્યોગિક વિકાસની પ્રક્રીયામાં તમેજ અન્ય માનવીય આડ ખીલીના પરિણામ સ્વરૂપ આ વનસ્પતિનું પ્રમાણ ઘણુજ ઓછું થઈ જવા પામ્યુ હતુ. જીઈસી દ્વારા છેલ્લા દસ વર્ષથી આ વનસ્પતિ હેઠળનો વિસ્તાર વધે તેવા પ્રયત્નો કરવામાં આવ્યા છે. આ વનસ્પતિના સંવર્ધન તેમજ સંરક્ષણની પ્રક્રિયામાં સ્થાનિક લોકસમુદાયોની સક્રીય ભાગીદારી હાંસલ કરવામાં આવી છે જેના પરિણામ સ્વરૂપ ૩૦૦૦૦ હેકટર કરતા પણ વધારે વિસ્તાર મેન્ગ્રુવ હેઠળ આવરી લેવામાં આવ્યો છે.

ગુજરાત રાજ્યના દરિયા કાંઠાના વિસ્તારોમાં ચેર વનસ્પતિના વાવેતર સંબંધિત જીઈસી હવે બહોળો અનુભવ ધરાવે છે. નાણાંકીય વર્ષ ૨૦૨૩-૨૦૨૪ દરમિયાન જીઈસી દ્વારા ૩૭૦૦_હે. વિસ્તારમાં ચેર વાવેતરની કામગીરી વિવિધ વાવેતરની તકનીક દ્વારા લોકભાગીદારીથી હાથ ધરેલ છે. આ સ્કીમ અન્વયે તકનીકી કામ કરવા સારુ પ્રોજેકટ ઓફીસર (કરાર આધારિત/આઉટસોર્સ) તરીકે જરૂરિયાત મુજબ રાખવામાં આવનાર છે.

ઉપરોકત કામગીરી અર્થે વર્ષ ૨૦૨૪-૨૦૨૫માં આ પ્રવૃત્તિ માટે અંદાજીત ૧૫૦૦ હે. વિસ્તારમાં ચેર વાવેતરની કામગીરી **રૂા. ૬૦૦.૦૦ લાખની દરખાસ્ત કરવામાં આવે છે.**

**૭) <u>દરિયાકાંઠાનાં બીચ પ્રવાસન વિકસાવવા બાબત</u>**

ગુજરાત ઇકોલોજી કમિશન દ્વારા તૈયાર કરવામાં આવેલ શિવરાજપુર બીચ કે જે રાજ્ય નો એકમાત્ર બ્લ્યુ ફ્લેગ પ્રમાણિત બીચ છે જેના બહોળા પ્રતિસાદ બાદ વર્ષ ૨૦૨૨-૨૩ દરમ્યાન બીચ વિકાસ યોજના –નામક નવી બાબત અંતર્ગત અન્ય પાંચ બીચ વિકસાવવાની કામગીરી કરવાની નક્કી થયેલ. જે અંતર્ગત અહેમદપુર માંડવી (ગીર-સોમનાથ), દાંડી (નવસારી), રાવલપીર (માંડવી-કચ્છ) બીચ ની પસંદગી કરી જરૂરી કામગીરી હાથ ધરવામાં આવેલ છે. દરિયાકાંઠા ના પર્યાવરણ ની સંવેદનશીલતા જળવાઈ રહે અને સાથોસાથ સ્વચ્છ

તેમજ રળિયામણા અને દરિયાકાંઠાની નવી ઓળખ ઊભી કરવા કે જે આવનાર પ્રવાસીઓ ને માત્ર આનંદ જ નહીં પરંતુ પર્યાવરણની જાળવણી અને સંરક્ષણ પ્રત્યે તેમની નૈતિક ફરજ ને પણ યાદ કરાવશે તેઓ ઇકો-લેબલ ધરાવતો એક નવો બીચ વિકસાવવામાં આવશે. જે અન્વયે વર્ષ **૨૦૨૪-૨૦૨૫માં** અહેમદપુર માંડવી (ગીર-સોમનાથ), દાંડી (નવસારી), રાવલપીર (માંડવી-કચ્છ) બીચના મેન્ટેનન્સ, અને એક નવો બીચ વિકસાવવાની કામગીરી માટે **રૂા.૫૦૦.૦૦ લાખની** દરખાસ્ત કરવામાં આવે છે.

**જેમાં નીચે મુજબ ની કામગીરી કરવાનું આયોજન છે.**

| બીચનું નામ | કામગીરી ની વિગત | ૨૦૨૪-૨૦૨૫ માં થનાર ખર્ચ (લાખમાં ) |
|---|---|---|
| અહેમદપુર માંડવી | ઓપરેશન, મેન્ટેનન્સ, મેનપાવર અને આનુસંગિક કામગીરી | ૧૭૦.૦૦ |
| દાંડી | | ૧૬૫.૦૦ |
| રાવલપીર | | ૧૬૫.૦૦ |
| | કૂલ રકમ (રૂ.) | ૫૦૦.૦૦ |

૮) <u>ગુજરાત ઈન્સ્ટિટયુટ ઓફ ડેઝર્ટ ઈકોલૉજી (ગાઈડ)ની જાળવણી (મેઈન્ટેન્નસ)</u>

ગાઈડ સંસ્થા દ્વારા વિવિધ સુકા પ્રદેશો, રણીકરણની પ્રક્રીયા અટકાવવા, જૈવિક વિવિધતાના સંશોધનો કરવા, તથા ગાઈડ સંસ્થા દ્વારા અત્યાધુનીક પ્રયોગશાળા સ્થાપવામાં આવેલ છે, આ પ્રયોગશાળાનો ઉપયોગ આ વિસ્તારના ઉદ્યોગો અને સ્થાનિક સંસ્થાઓ ઉપયોગ કરી શકે. હાલમાં આ સંસ્થામાં વિવિધ પર્યાવરણ સંશોધનની પ્રક્રિયા ચાલુ છે. આ પ્રયોગશાળાના સાધનોની જાળવણી તથા સંધોશનની કામગીરી માટેના થનાર ખર્ચને પહોચી વળવા વર્ષ ૨૦૨૩-૨૦૨૪ ના વર્ષમાં ગાઈડ સંસ્થાની ક્ષમતાવર્ધન, મેઈટેન્નસ તથા વૈજ્ઞાનિક

પ્રયોગને અધ્યતન કરી તેની જાળવણી માટે રૂ. ૧૦.૦૦ લાખની દરખાસ્ત મંજૂર કરવામાં આવેલ હતી.

ગાઈડ સંસ્થા જીઈસીની ભગીની સંસ્થા તરીકે કાર્યરત હોય, તથા રણને અડીને આવેલ સુકા પ્રદેશનો સૌથી મોટા જિલ્લામાં કાર્યરત હોવાથી પર્યાવરણની જાણવણી માટે એક મહત્વનું કામ કરી રહેલ હોય ગાઈડ સંસ્થાને આર્થીક સહાયક અનુદાન આપવા **સને ૨૦૨૪-૨૦૨૫ માટે રૂા. ૩૦.૦૦ લાખની જોગવાઈની દરખાસ્ત કરવામાં આવે છે.**

૯) **મેન્ગ્રુવ નેચર ટ્રેઇલ - પ્રવાસન સ્થળની દરખાસ્તની**

મેન્ગ્રુવસ ના પર્યાવરણીય પ્રવાસન વિકસાવવા અર્થે અંદાજીત ૧ કિ.મી લાંબો મેન્ગ્રુવ નેચર ટ્રેલ બનાવવામાં આવશે. આ ટ્રેલ દરિયાઈ પરીસરમાં અને તેની વિપરીત અસરો સામે ટકી શકે તેવા લાકડાના થાંભલાઓથી લાકડાનો બ્રિજ કે જે ભરતી-ઓટ ને ધ્યાને રાખીને બનાવવામા આવશે. જરૂર પડેતો સીમેંટ ક્રોકીટ નો પણ ઉપયોગ કરવામા આવશે. આ ટ્રેલમાં શરુઆતમાં માહીતી કેન્દ્ર, ટિકીટ કાઉંટર હશે જેમાં સહેલાણી / પ્રવાસીઓ ને માહિતી આપવામા આવશે તથા ત્યારબાદ ૨૦-૨૫ પ્રવાસીઓના ગ્રુપ માં નેચર ટ્રેલની મુલાકાત કરવામા આવશે. ૧ કી.મી લાંબી ટ્રેલમાં વચ્ચે-વચ્ચે મેન્ગ્રુવસ તથા તેના પરિસર અંગે ની માહિતી ડીજિટલી તથા આનુસંગીક પદ્ધતિથી દર્શાવવામાં આવશે. આ સાથે દરિયાઈ જીવ સુષ્ટિને જોવાનો પણ સહેલાણીઓ/પ્રવાસીઓ ને લ્હાવો મળશે. આ મુજબ ની ટ્રેલ ઘણા બધા દેશો માં થયેલા છે આથી આ બાબતની તમામ તકનીકી માહિતી પણ ઉપલબ્ધ છે. દરિયાઈ વિસ્તાર તથા સર્વાંગી વિકાસ ને ધ્યાને રાખતા **આ યોજના અન્વયે રૂ. ૩૫૦.૦૦ લાખની દરખાસ્ત કરવામાં આવે છે**.

**સને ૨૦૨૪-૨૦૨૫ની જોગવાઈની દરખાસ્તની માહિતી નીચે મુજબ છે.**

| અ.નું | યોજના | વર્ષ ૨૦૨૪-૨૦૨૫ માટે જોગવાઈ |
|---|---|---|
| | | રૂા. લાખમાં |
| ૧ | ગુજરાત ઇકોલોજી કમિશન વહીવટી ખર્ચ (સ્ટેન્ડીંગ ચાર્જ)` | ૪૪૫.૦૦ |
| ૨ | મિશન લાઈફ (Mission Life)નુ અમલીકરણ | ૩૦૦.૦૦ |
| ૩ | ઈકોલૉજીકલ રીસ્ટોરેશન યોજના | ૫૦.૦૦ |
| ૪ | ઈકોલૉજીકલ પ્રોફાઈલ | ૨૫.૦૦ |
| ૫ | પર્યાવરણ માહિતી કેન્દ્ર | ૧૦.૦૦ |
| ૬ | ચેર વાવેતર અને પુનઃસ્થાપન | ૧૨૦૦.૦૦ |
| ૭ | ગુજરાત ઇકોલોજી કમિશન દ્વારા દરિયાકાંઠાનાં બીચ પ્રવાસન વિકસાવવા બાબત | ૩૦૦.૦૦ |
| ૮ | ગુજરાત ઈન્સ્ટિટયુટ ઓફ ડેઝર્ટ ઈકોલૉજી (ગાઈડ)ની જાળવણી (મેઈન્ટેન્નસ) | ૩૦૦.૦૦ |
| ૯ | મેનગૃવ નેચર ટ્રેઈલ | ૧૦૦.૦૦ |
| | **કુલ રકમ (રૂ.)** | **૨૭૩૦.૦૦** |

# ગુજરાત પર્યાવરણ પ્રબંધન સંસ્થાન,

# ગાંધીનગર

ભાગ-૧ પ્રસ્તાવના:

ગુજરાત પર્યાવરણ પ્રબંધ સંસ્થાન (ગેમી) ની રચના, વન અને પર્યાવરણ વિભાગ દ્વારા રાજ્યપાલશ્રીના વિધાનસભાના ગૃહને સંબોધતા તા. ૧૯-૦૩-૧૯૯૮ ના પ્રવચનને આધારે ગુજરાત સરકારના ઠરાવ ક્રમાંક: ૧૦૯૮-૧૨૮૦-પી, તા.૧ લી ફેબ્રુઆરી, ૧૯૯૯ થી કરવામાં આવી.

ગેમીનું બંધારણ એટલે કે Memorandum of Association & Rules and Regulation ઘડીને મંજુર કરવામાં આવ્યું. ગેમીની નોંધણી Society Registration Act, 1860 હેઠળ Registration No. Gujarat/ 1380/Vadodara, તા. 01-03-1999 અને Bombay Public Trust Act, 1950 હેઠળ Registration No. F/1065 Vadodara, તારીખ 01-03-1999 થી કરવામાં આવેલ છે. વર્ષ ૨૦૧૧માં આ સંસ્થાનનું વડુમથક વડોદરા મુકામથી ગાંધીનગર ખાતે ખસેડવામાં આવ્યો. અને ગાંધીનગર ખાતે ગેમીની નોંધણી Society Registration Act, 1860 હેઠળ Registration No. Guj/ 2326/Gandhinagar, તા. 19-11-2014 અને Bombay Public Trust Act, 1950 હેઠળ Registration No. F/2287 Gandhinagar, તારીખ 19-11-2014 થી કરવામાં આવેલ છે. ગેમીને Ministry of Science and Technology, Government of India દ્વારા Scientific and Industrial Research Organization (SIROs) તરીકેની માન્યતા આપવામાં આવેલ છે. ઉપરાંત ગેમી સંસ્થાનને અને ગેમીની પ્રયોગશાળા ISO 9001:2015 અને ISO 14001:2015 ISO 45001:2018 પ્રમાણિત છે.

ગુજરાત રાજ્યમાં ઔદ્યોગિક વિકાસના પરિણામે અને મુખ્યત્વે ચોક્કસ વિસ્તારોમાં રાસાયણિક ઉદ્યોગોની ઘનિષ્ઠતાના ધ્યાનમાં રાખી ઔદ્યોગિક વિકાસની સાથે સાથે પર્યાવરણની સમતુલા જળવાય તે હેતુથી રાજ્ય સરકારે Gujarat Environment Management Institute (GEMI) નામની એક સ્વાયત્ત મોભાવાળી સંસ્થા ઉભી કરવાનું નક્કી કર્યું. જે હાલમાં ગુજરાત રાજયમાં પર્યાવરણની ખુબ જરૂરી એવી સમસ્યાઓનું નિવારણ તેમજ ઘટાડો કરવા માટે કરવા માટે કાર્યરત છે. આ સંસ્થાની પ્રાથમિક ભૂમિકા શ્રેષ્ઠ પર્યાવરણીય પ્રબંધ કાર્યપધ્ધતિ, અસરકારક પર્યાવરણીય આયોજન અને સંકલન તથા સંશોધન અને વિકાસ કાર્યો દ્વારા પર્યાવરણીય પ્રશ્નોને ધ્યાનમાં રાખીને રાજ્યને પર્યાવરણીય સમતુલા જાળવવામાં મદદરૂપ સેવા આપવાની છે.


ગેમી ની પ્રયોગશાળાને Water (Prevention and Control of Pollution) Act 1974 હેઠળ “State Water Lab” તરીકે અને Air (Prevention and Control of Pollution) Act 1981 હેઠળ “State Air Lab” તરીકે વન અને પર્યાવરણ વિભાગના ઠરાવ ક્રમાંક: GNV(30)/Env-10-2011-1941-E, તારીખ ૦૧-૦૯-૨૦૧૨ થી જાહેર કરવામાં આવેલ છે.

ગેમીની પ્રયોગશાળાને Department of Science & Technology, Government of India ની સ્વાયત્ત સંસ્થા National Accreditation Board for Testing and Calibration Laboratories (NABL) દ્વારા Chemical Testing અને Biological Testing માટેની માન્યતા આપવામાં આવેલ છે.

ગેમીની પ્રયોગશાળામાં Air, Water, અને Wastewater ના નમુનાઓનું પૃથ્થકરણ APHA અને ISO standards મુજબ કરવામાં આવે છે. ઉપરાંત ગેમી સંસ્થાએ નમુનાઓના Monitoring, Sampling અને Transport માટે GEMI's Protocol તૈયાર કરેલ છે. જે વન અને પર્યાવરણ વિભાગના પત્રાંક: ENV-102013-299-E, તારીખ ૨૪-૦૨-૨૦૧૪ થી Water (Prevention & Control of Pollution) Act, 1974 અને Air (Prevention & Control of Pollution) Act, 1981 હેઠળ મંજૂરી આપવામાં આવેલ છે.

ગેમી દ્વારા Central Pollution Control Board ને Environment (Protection) Act, 1986 હેઠળ સદર પ્રયોગશાળાને Environmental Laboratory જાહેર કરવા માટેની દરખાસ્ત કરવામાં આવેલ છે.

<u>ગેમી સંસ્થાનું હાલનું વહીવટી માળખું નીચે પ્રમાણે છે.</u>




✓ સંસ્થાનમાં નીચે મુજબની કામગીરી કરવામાં આવે છે:

(૧) Environment Management & Consulting (પર્યાવરણીય વ્યવસ્થાપન અને કન્સલ્ટિંગ)

(૨) Environment Monitoring & Audit (પર્યાવરણીય મોનીટરીંગ અને ઓડીટ)

(3) Environment Impact Assessment Study (પર્યાવરણીય અસર મુલ્યાંકન અભ્યાસ)

(૪) Environment Education (પર્યાવરણીય શિક્ષણ)

(૫) Environment training & Awareness (પર્યાવરણીય તાલીમ અને જાગૃતિ)

(૬) Environment Accreditation Scheme (પર્યાવરણીય એક્રેડિટેશન સ્કીમ)

(૭) Laboratory Services (પ્રયોગશાળાની સર્વીસ)

ભાગ-૨ એકંદર સંક્ષેપ :

**ગેમી દ્વારા નીચેની પર્યાવરણલક્ષી પ્રવૃતિઓ હાથ ધરવામાં આવે છે. અને આ સંસ્થા નીચેના સંશોધન અને વિકાસના અગ્રીમ વિસ્તારો આગળ ધપાવવા માંગે છે.**

➢ **ગ્રામ્ય પર્યાવરણ અભ્યાસ :**

ગ્રામ્ય પર્યાવરણીય અભ્યાસ, સ્કીમ/પ્રોજેક્ટ અંતર્ગત ગુજરાતના ગ્રામ્ય વિસ્તારોમાં પર્યાવરણની વર્તમાન પરિસ્થિતિની ચકાસણી કરવામાં આવે છે. આ એક વિશિષ્ઠ પ્રકારનો અભ્યાસ છે જેમાં ગામનો આર્થીક-સામાજિક સર્વે તથા વિવિધ પર્યાવરણીય પરીબળોના નમુનાની ચકાસણી કરવામાં આવે છે. આ અભ્યાસ અંતર્ગત ગ્રામ્ય વિસ્તારમાં આવેલ કુદરતી સંપત્તિ જેવી કે જળ, જમીન અને હવાની પરિસ્થિતિની વૈજ્ઞાનિક રીતે ચકાસણી કરવામાં આવે છે, જેમાં ગ્રામ્ય વિસ્તારમાં આવેલા તમામ પાણીના સ્ત્રોતો જેવા કે કૂવા, તળાવ, બોરવેલ, કેનાલ વગેરે તથા ખેતી લાયક જમીનનો સમાવેશ કરી લેવામાં આવેલ છે. અને પ્રયોગશાળામાંથી આવેલ પરિણામોની મદદથી જે-તે વિસ્તા/ક્ષેત્ર નો વિગતવાર અહેવાલ તૈયાર કરવામાં આવે છે. જે ગામની વિવિધ પર્યાવરણને લગતી સુવિધાઓ જેવી કે સ્વચ્છતા, બળતણનો પ્રકાર, શૌચાલયની સુવિધા, ખેતી પાકોમાં થતા રોગોની વિગત જેવા ખુબજ અગત્યના પરિબળોનો સમાવેશ કરવામાં આવેલ છે, જેના દ્વારા પર્યાવરણીય દ્રષ્ટીએ ગ્રામ્ય વિસ્તાર ચકાસીને, ગામલોકો તથા સરકારને ખુબ જ ઉપયોગી માહિતી પૂરી પડાવામાં આવશે.

વર્ષ ૨૦૨૪-૨૫માં જમીન અને જળ સંસાધનો પર જૈવિક તથા પરંપરાગત કૃષિની અસરનો તુલનાત્મક અભ્યાસ હાથ ધરવામાં આવશે. આ ઉપરાંત પ્રાયોગિક ધોરણે કાર્બનના આકારણી અભ્યાસ હાથ ધરવામાં આવશે, જેમાં ગ્રામીણ વિસ્તારમાં CO2 ઉત્સર્જન અને CO2 કેપ્ચરિંગની ગણતરી કરવામાં આવશે.

## ➢ રિવર એન્ડ કોસ્ટલ મોનીટરીંગ:

વનસ્પતિ અને પ્રાણી સૃષ્ટિનું અસ્તિત્વ પ્રાકૃતિક જળસ્ત્રોતો પર નિર્ભર છે. સપાટીય પાણીનો ઉપયોગ પીવા માટે, ઘરેલુ વપરાશ તેમજ વિવિધ ઓદ્યોગિક હેતુઓ માટે થાય છે. રાજ્ય સરકારની તમામ પર્યાવરણીય પ્રવૃતિઓમાંથી, સપાટીય જળાશયોની દેખરેખ એ એક મહત્વપૂર્ણ કાર્ય છે. આથી પાણીનો નીર્ધારીત ઉપયોગ જાણવા માટે પાણીની ગુણવત્તાની ચકાસાણી કરવી જરૂરી છે. આ અભ્યાસમાં રાજ્યની તમામ નદીઓ, સરોવર, તળાવોની ગુણવત્તાને ભૌતિક-રાસાયણિક અને જૈવિક પરિમાણોથી ચકાસી શકાય છે. પાણીની ગુણવત્તાની ચકાસણી કરી તેના નિર્ધારીત હેતુ માટે થતા ઉપયોગનુ મૂલ્યાંકન કરી શકાય છે. આ અભ્યાસ અંતર્ગત નદીના પ્રદૂષિત વિસ્તારોને જાણવામાં મદદ કરશે. આ અભ્યાસ સ્થાનિક લોકોને તેમના રોજિંદા હેતુઓમાં વપરાતા પાણીની વાસ્તવિક ગુણવત્તા જણાવવામાં મદદ કરશે. સંબંધિત સરકારી, ખાનગી સલાહકારો અને સંશોધન વિદ્વાનોને આ માહીતી કામ લાગશે.આ ઉદ્દેશને ધ્યાનમાં રાખી GEMI દ્વારા સપાટીય જળસ્ત્રોતોની ગુણવત્તા સમયાંતરે ચકાસવામાં આવે છે.

આ અભ્યાસ અંતર્ગત રાજ્યમાં આવેલી નદીઓ તેમજ તેમની ઉપનદીઓના પાણીની ગુણવત્તાની ચકાસણી કરવામાં આવશ છે. આ રીતે, નદીઓનું સમયાંતરે મોનીટરીંગ કરી પાણીની ગુણવત્તામાં થતા ફેરફારોનું મૂલ્યાંકન કરવામાં આવે છે.

આ અભ્યાસ અંતર્ગત રાજ્યમાં આવેલી સાબરમતી, મહીસાગર, નર્મદા, તાપી, દમણગંગા, હિરણ, મેશ્વો, આજી, ભાદર, વાત્રક તેમજ તેમની ઉપનદીઓના પાણીની ગુણવત્તાની ચકાસણી કરવામાં આવે છે. આ રીતે, નદીઓનું સમયાંતરે મોનીટરીંગ કરી પાણીની ગુણવત્તામાં થતા ફેરફારોનું મૂલ્યાંકન કરવામાં આવે છે.

સદર અભ્યાસ હેઠળ વર્ષ ૨૦૨૪-૨૫ માં મંજુર થાય એ પ્રમાણે ગુજરાત રાજ્યમાં આવેલી નદીઓ જેવી કે સાબરમતી, મહીસાગર, તાપી, નર્મદા, દમણગંગાનો પુનરાવર્તિત અભ્યાસ કરવામાં આવશે.

## ➢ સોર્સ એપોર્સમેન્ટ સ્ટડી (Source apportionment study)

હવાના પ્રદૂષણમાં થઇ રહેલ વધારો એ ભારતના મોટાભાગના શહેરોની મુખ્ય સમસ્યા છે. સોર્સ એપોર્સમેન્ટ સ્ટડી (Source Apportionment Study) નો મુખ્ય હેતુ વિવિધ સ્ત્રોતો જેમ કે ઉધોગો, વાહનો, ઘરગથ્થું કચરાનું દહન વગેરેનો હવા પ્રદુષણમાં અંદાજ આંકી શકાશે. સદર અભ્યાસ દ્વારા પ્રાપ્ત થતી માહિતીનો ઉપયોગ હવાનાં પ્રદુષણના નિયંત્રણ અને નિવારણ માટેની વ્યૂહરચના ઘડવામાં મદદ કરશે. આ અભ્યાસમાં હવા પ્રદૂષકોનાં ઉદભવ સ્થાનો ની યાદી તૈયાર કરી, તેમજ આ પ્રદૂષકોની મહતમ માત્રા જે રિસેપ્ટર; માનવ અને

અન્ય પર્યાવરણીય ઘટકો ને અસર કરવામાં ભાગ ભજવશે એની માહિતી મેળવી શકાશે. સદર માહિતી પરથી હવા પ્રદૂષણની સમસ્યાને ઉકેલવા અને તેની ગુણવત્તામાં સુધારો કરવા માટેની નીતિ બનાવીને અમલમાં મુકી શકાય. વર્ષ ૨૦૨૪-૨૫ દરમ્યાન, ગાંધીનગર શહેરનાં વિસ્તાર માટે સોર્સ એપોર્સમેન્ટ સ્ટડી (Source Apportionment Study)ની કામગીરી હાથ ધરવામાં આવશે.

આ અભ્યાસ મુખ્યત્વે ત્રણ ભાગમાં વહેચાયેલ છે.:

- **Emission Inventory**

  હવા પ્રદુષિત કરનારા સ્ત્રોતોની યાદી (**Emission Inventory**): એમીઝન ઈન્વેન્ટરી એટલે કે એક ચોક્કસ વિસ્તાર અને સમય માટે પ્રાથમિક તેમજ ગૌણ માહિતી નાં ઉપયોગ દ્વારા વિવિધ સ્રોતોમાંથી ઉદભવતા પ્રદૂષકોની માત્રાનું જથ્થાત્મક વિશ્લેષણ કરવું .આ માટે સમગ્ર ગાંધીનગર શહેરના વિવીધ સ્ત્રોતો દ્વારા ઉદભવતા પ્રદૂષકોનો હવા પ્રદુષણ આંકી શકાશે.

- **Receptor Modelling**

  રિસેપ્ટર મોડેલીંગ એ આંકડાકીય પદ્ધતિઓનાં ઉપયોગ દ્વારા હવા પ્રદૂષકોના પ્રકાર અને તેમનો હવા પ્રદુષણ માં ફાળો નક્કિ કરવાની એક તકનીક છે. વધુમાં આ તકનીક પ્રદુષકોની રાસાયણિક વિશિષ્ટતા ને આધારે તેમનાં ઉદભવ સ્થાનો (સ્ત્રોતો) ઓળખવામા મદદરૂપ  થાય છે .રિસેપ્ટર મોડેલિંગ માટે જરૂરી હવા પ્રદૂષકોની માત્રાની પ્રાથમિક માહિતી એકત્રીત કરવા એમીઝન ઈન્વેન્ટરીમાં પસંદ કરેલ વિસ્તારો માં બે અલગ ઋતુઓમાં સતત એક મહિના સુધી હવાની ગુણવત્તાનું મોનિટરીંગ કરવામાં આવે છે .

- **Dispersion Modelling**:

  ડીસ્પર્ઝન મોડેલીંગમાં પ્રદુષણગ્રસ્ત વિસ્તારોને ઓળખવા વિવિધ સ્રોતોમાંથી ઉદભવતા પ્રદૂષકોની માત્રાનું અનુમાન કરવામાં આવે છે .સદર અભ્યાસ અંતર્ગત CALPUFF સોફ્ટવેરનો ઉપયોગ કરી વિવિધ સ્થાનોએ હવા પ્રદૂષકોની માત્રા વિશેની માહિતી મળી રહેશે .આ અનુમાનીત માહિતીનો ઉપયોગ હવાની ગુણવત્તા સુધારણા માટે એક્શન પ્લાન બનાવવામાં આવશે.

  આ અભ્યાસ વિવિધ પર્યાવરણલક્ષી નિતીઓ; શહેરી હવા ગુણવત્તા વ્યવસ્થા નીતિ, ઔદ્યોગિક નીતિ, પ્રદૂષણ નિયંત્રણ નીતિ માટે આધારભૂત બની રહેશે. તદુપરાંત સદર અભ્યાસ દ્વારા સ્થાનિક લોકોમાં હવા પ્રદુષણ અંગે જાગૃતતા ફેલાવવામાં મદદ રૂપ થશે.

## ➢ ગ્રીન રેટીંગ, પોલ્યુશન રેટીંગ ઇન્ડેક્ષ અને એક્રેડેશન:

- **ગ્રીન રેટીંગ અને એક્રેડેશન**

ગેમી દ્વારા વિવિધ ઉદ્યોગોને ગ્રીન રેટીંગ આપવામાં આવશે. જે અંતર્ગત ઉદ્યોગોને પર્યાવરણ વ્યવસ્થાપનની ચકાસણી કરી તેનાં આધાર પર ઉદ્યોગોને રેટીંગ આપવામાં આવશે. તેમજ ISO 17020 ના અંતર્ગત Environmental Audit Scheme બનાવવામાં આવી રહી છે. જે મુજબ third party Environmental Auditors ને પ્રમાણિત કરવામાં આવશે. તદઉપરાંત, Environmental Auditing Agencies ને પ્રમાણિત કરવા માટે ISO 17011 ના અંતર્ગત Governance Scheme તૈયાર કરવામાં આવી રહી છે. જેથી, ઔદ્યોગિક એકમોને મદદરૂપ થતાં પર્યાવરણીય વ્યવસ્થાપન જળવાશે.

- **પોલ્યુશન રેટીંગ ઇન્ડેક્ષ**

ઉભરતા અને વિકાસશીલ અર્થતંત્રમાં શહેરીકરણ ઝડપી ગતિએ થઈ રહ્યુ છે. શહેરો હવા, પાણી અને જમીનના પ્રદૂષકોનો સ્રોત છે. નાગરિકો માટે, શહેરમાં પ્રદૂષણના સ્તર અંગેની જાગરૂકતા હોવી મહત્વપૂર્ણ છે, ખાસ કરીને તેમના માટે જે તેથી લગતી બીમારીઓથી પીડાય છે. ગેમીએ શહેરોની પર્યાવરણીય ગુણવત્તાના આધારે રેટિંગ આપવાની કલ્પના વિકસાવી છે જેને સિટી પોલ્યુશન રેટીંગ ઇન્ડેક્ષ કહેવામા આવેલ છે. આ પ્રોજેક્ટમાં વર્ષ ૨૦૨૪-૨૫માં મ્યુનિસિપલ કોર્પોરેશન અને અન્ય એજન્સીઓ પાસેથી પર્યાવરણીય ગુણવત્તાથી લગતા ડેટા એકત્રિત કરી રાજ્યનાં મોટા શહેરોનું પોલ્યુશન રેટીંગ ઇન્ડેક્ષ તૈયાર કરી સાર્વજનિક ડોમેનમાં લોંચ કરવુ.

## ➢ ક્ષેત્રીય પર્યાવરણ અસર મુલ્યાંકન, કેરિંગ કેપેસિટી, સામુહિક પર્યાવરણીય સવલતોની efficacy / adequacy અને બાયોમેડિકલ કચરાંની ગુણવત્તા ચકાસણી:

- **ક્ષેત્રીય પર્યાવરણ અસર મુલ્યાંકન અને કેરીંગ કેપેસીટી**

ગેમીનાં વિવિધ ઉદ્દેશ્યોમાંથી એક ઉદ્દેશ્ય, "પર્યાવરણીય સ્થિતિ અને ઉધોગિકરણ, શહેરીકરણ અને જળ સંસાધનોની વિકાસલક્ષી પ્રવૃત્તિઓના પ્રભાવનું મૂલ્યાંકન" છે, જે માટે સંસ્થાન દ્વારા "કચ્છનાં અખાતમા ક્ષેત્રીય પર્યાવરણ અસર મૂલ્યાંકન અને કેરિંગ કેપેસીટી પ્રોજેક્ટ હાથ ધરવામાં આવેલ છે. આ પ્રોજેક્ટ હેઠળ, સંસ્થા કચ્છના અખાતની આસપાસ માનવશાસ્ત્રીય પ્રવૃત્તિઓને કારણે થતી અસરોને ઓળખશે અને તેનું મૂલ્યાંકન કરશે અને જરૂરી સુધારાત્મક અને નિવારક પગલાં પણ સૂચવશે.

પર્યાવરણીય અસરોનું મુલ્યાંકન, ગેમી દ્વારા વિવિધ હવા, પાણી, જમીન વગેરેનાં નમુનાઓનું પૃથ્થકરણ કરી, પ્રશ્નોત્તરી અને સેકન્ડરી ડેટા એકત્રિત કરી અભ્યાસ કરવાની કામગીરી કરવામાં આવેલ છે. આ સાથે GIS દ્વારા નક્શાઓ તૈયાર કરી તેનું મુલ્યાંકન કરવામાં આવશે.

ઉપરોક્ત પ્રોજેક્ટથી વિવિધ તાંત્રિક સૂચનો અને ભલામણોના આધારે, એક વ્યાપક પર્યાવરણીય વ્યવસ્થાપન યોજના ઘડવામાં આવશે જે કચ્છના અખાતના કુદરતી પર્યાવરણના એકંદર સંરક્ષણ અને વ્યવસ્થાપનમાં મદદ કરશે તેમજ કચ્છના અખાતની પર્યાવરણીય પરિસ્થિતિ અને અસરોનાં મૂલ્યાંકનથી સરકારી સંસ્થાઓ, સંશોધકો અને સંબંધિત સત્તાધિકારી વિભાગોને ફાયદો થશે.

આ પ્રોજેક્ટ હેઠળ, ગેમી દ્વારા સને ૨૦૨૩-૨૪ માં ક્ષાર (Salinity) ઇન્ગ્રેસ્સ થી પ્રભાવિત હોય એવા જામનગર અને દેવભૂમિ દ્વારકાના દરિયાકાંઠાના ગામોના વિસ્તારોને ઓળખવા માટે પ્રાયોગિક અભ્યાસ હાથ ધરવામાં આવ્યો હતો. ખારાશના પ્રવેશ પાછળના કારણો શોધવાનો પણ પ્રયાસ કરવામાં આવ્યો હતો. વર્ષ ૨૦૨૪-૨૫ માટે કચ્છના અખાત પર આવેલા દરિયાકાંઠાના ગામોના મોટા ક્લસ્ટર માટે સમાન અભ્યાસ હાથ ધરવામાં આવશે.

- **બાયોમેડિકલ કચરાંની ગુણવત્તા ચકાસણી**

રાજ્યમાં પ્રવર્તિત બાયો-મેડિકલ વેસ્ટ મેનેજમેન્ટ સિસ્ટમનો અભ્યાસ કરવાનું મહત્વનું કાર્ય ગેમી દ્વરા કરવામા આવેલ છે. આ પ્રોજેક્ટ અંતર્ગત સંસ્થાએ રાજ્યમાં Health Care Facilities માંથી ઉત્પન્ન થતાં બાય-મેડિકલ કચરાની જીલ્લા મુજબની ઇન્વેન્ટરી હાથ ધરવાનું નક્કી કર્યું છે. પહેલા તબક્કામાં કુલ પાંચ જિલ્લાની ઇન્વેન્ટરી (રાજકોટ, મોરબી, મહેસાણા, અરવલ્લી અને નવસારી) પૂર્ણ કરેલ છે. બીજા તબક્કામાં ત્રણ જિલ્લાની (આણંદ, ભરૂચ અને સુરેન્દ્રનગર) ઇન્વેન્ટરી પૂર્ણ કરેલ છે. વર્ષ ૨૦૨૪-૨૫ દરમ્યાન બાયોમેડિકલ કચરા અંગેની વિવિધ તાલીમનું આયોજન કરવામાં આવશે.

- **સામુહિક પર્યાવરણીય સવલતોની efficacy / adequacy**

ઉદ્યોગોમાંથી ટ્રીટેડ અથવા આંશિક રીતે ટ્રીટ કરેલા પ્રદૂષિત પાણીના નિકાલને કારણે સપાટીય જળ સંસાધનોની ગુણવત્તામાં સતત ઘટાડો જોવા મળે છે. MSME ઔદ્યોગિક એકમો પાસે ઔદ્યોગિક પ્રદૂષિત પાણી ને ટ્રીટ કરવાની નાણાકીય, વ્યવસ્થાપક અને તકનીકી ક્ષમતા હોતી નથી. તેથી, ઔદ્યોગિક એકમો દ્વારા CETP સ્થાપિત કરવામાં આવે છે. પર્યાવરણીય કાયદાઓનું પાલન કરવા માટે, ઉદ્યોગોએ તેમના પ્રદૂષિત પાણીને ટ્રીટમેન્ટ આપવી અને પર્યાવરણમાં નિકાલ કરતા પહેલા નિયત

ધોરણો સાથે અનુરૂપ કરવા ફરજિયાત છે.તેના અનુસંધાનમાં, ગેમી એ વિવિધ CETP ના ડિસ્ચાર્જ પોઈન્ટ્સનું મોનિટરિંગ કરવાનું કાર્ય હાથ ધર્યું છે.

આ યોજના/સ્કીમ અંતર્ગત ગેમી દ્વારા CETP ના ડિસ્ચાર્જ પોઈન્ટનું સમયસર મોનિટરિંગ કરીને, નદીમાં ડિસ્ચાર્જ થઈ રહેલા ટ્રીટેડ ઈફ્લુઅન્ટની વાસ્તવિક સ્થિતિ જાણવી શક્ય બનશે. ટ્રીટેડ ઈફ્લુઅન્ટની ગુણવત્તાની સરખામણી GPCB દ્વારા નિર્ધારિત CCA માં ઉલ્લેખિત ધોરણો સાથે કરી શકાશે. જેથી ટ્રીટેડ ઈફ્લુઅન્ટના નિશ્ચિત ધોરાણોનું પાલન થાય છે કે નહી તેની જાણકારી મેળવી શકાશે. CETP ના સંચાલકોને નિર્ધારીત ધોરણોનું પાલન કરવા અંગે અને સપાટીય જળસ્ત્રોતો (recipient water body) પર થતી પ્રદૂષણની અસર ઘટાડવા અર્થેના પગલાં લેવા નો ખ્યાલ આવશે. સમયાંતર મોનીટરીંગ દ્વારા CETPs ની કાર્યક્ષમતાનું મૂલ્યાંકન કરી શકાશે અને CETP ની કામગીરી અને સંચાલનને સુધારવા માટે જરૂરી સૂચનો અને ભલામણો આપવામાં આવશે. વર્ષ ૨૦૨૪-૨૫ માં અમદાવાદ જીલ્લાના CETP ના ડિસ્ચાર્જ પોઇન્ટનુ મોનીટરીંગ કરવામાં આવશે.

- **<u>ભૂગર્ભજળ સ્ત્રોતના ગુણવત્તાની ચકાસણી અને ગટરના પાણીનો સીંચાઇમાં ઉપયોગ</u>.**
  - **ભૂગર્ભજળના સ્ત્રોતોની ગુણવત્તાની ચકાસણી**

ભુપૃષ્ઠ જળના પ્રદૂષણ અંગેની ચકાસણી, ભવિષ્યમાં થતા ફેરફારો અંગેની માહિતી મેળવવા માટે મદદરૂપ થાય તેમ છે. આ પ્રોજેક્ટ દ્વારા પાછળનો ટકાઉ વિકાસ અને લાંબા સમય સુધી ભુપૃષ્ઠ પાણીના સ્ત્રોસ્ત્રોતોની જાળવણી અંગેની માહિતી મેળવી શકાશે.

ભુપૃષ્ઠ જળના સ્ત્રોતોની હાલની ગુણવત્તા અને તેમાં કયા પ્રકારના પ્રદૂષણકારક પદાર્થો રહેલા છે તેની જાણકારી મેળવવાનો છે. વિવિધ સ્થળો પરથી રાસાયણીક પરીમાણોના નમુનાઓ એકત્ર કરી, પાણીના સંપૂર્ણ ગુણવતાની ચકાસણી કરી, પાણી પીવા માટે અને અન્ય ઉપયોગ માટે લેવા લાયક છે કે નહી તે જાણી શકાશે. આ પ્રોજેકટનો મુખ્ય ઉદ્દેશ્ય ગુજરાત રાજયના ભુપૃષ્ઠ જળની વાસ્તવિક સ્થિતિ દર્શાવવી. ગુજરાત સરકારશ્રીના સંબંધીત વિભાગોને આ બાબત પરની માહિતી આપી યોગ્ય પગલા લેવા માટે મદદ થવા માટેની છે. આ માટે એક અસરકારક પાણીની ગુણવત્તા ચકાસણી કરી પ્રદૂષણ અટકાવવામાં મદદરૂપ થઇ શકે છે.

સદર પ્રોજેક્ટ અંતર્ગત પસંદગી કરવામાં આવેલ વિસ્તારની પ્રાથમિક માહિતી જેવી કે જેતે વિસ્તારમાં આવેલ વિવિધ પાણીના સ્ત્રોતો જેવાકે બોરવેલ કુવા જેના દ્વારા સમગ્ર ગ્રામ્ય વિસ્તારનું

ભુપૃષ્ઠ પાણીનું પ્રતિનિધિત્વ કરી શકે. વિસ્તારની પાણીના મુખ્ય સ્ત્રોત તથા તેમના ઉપયોગોની માહિતી એકત્ર કરવામાં આવે છે. ત્યારબાદ આ અભ્યાસ અંતર્ગત ગામમાં આવેલ વિવિધ ભુપૃષ્ઠ સ્ત્રોતો (કુવા, બોરવેલ વગેરે)ના નમુના એકઠા કરવા માટે જગ્યાની પસંદગી કરવામાં આવે છે. નમુનાઓ એકત્ર કરી ગેમીની પ્રયોગશાળામાં પૃથક્કરણ માટે મોકલી આપવામાં આવે છે. આ અભ્યાસ ભૂપૃષ્ઠ જળમાં થયેલ અધ:પતન અંગે વિવિધ નિયંત્રણના વિકલ્પો આપી સરકારને પર્યાવરણ લક્ષી નીતિ ગઢવામાં મદદ પૂરી પાડે છે. વર્ષ ૨૦૨૪-૨૫ દરમ્યાન ગુજરાત રાજ્યના બનાસકાંઠા જીલ્લાનો અભ્યાસ કરવામાં આવશે.

- **ગટરના પાણીનો સીંચાઇમાં ઉપયોગ**

વર્તમાન સમયમાં શહેરીકરણ અને વસ્તીવધારાના કારણે કુદરતી જળસ્ત્રોતોના પાણીની અછતની સમસ્યા ઉદ્દભવી છે. ઔધોગીકરણના કારણે પાણીના પ્રદુષણમાં થતો વધારો એક વિકટ સમસ્યા છે. શુદ્ધ પાણીની કટોકટી અને પ્રદુષિત પાણીના નિકાલની ગંભીર સમસ્યાઓને નિયંત્રણમાં લાવવા માટે શુદ્ધિકરણ કરેલા ગટરના પાણીનો સિંચાઈ માટે ઉપયોગ એ ખુબ સારો વિકલ્પ છે. જેના દ્વારા સિંચાઈમાં ઉપયોગમાં લેવાઈ રહેલ કેનાલ અને બોરવેલના પાણીનો ક્રમશ: ઘટાડો કરી શકાય, તેમજ સપાટીય જળસ્ત્રોતોના પ્રદુષણને નિવારી શકાય છે. વર્તમાન સમયમાં શહેરો અને ગામડાઓમાં ગટરના પાણીનો ખેતીના સિંચાઈના સ્ત્રોત તરીકે ઉપયોગ કરવામાં આવે છે. આમ, યોગ્ય પદ્ધતિ દ્વારા ઉપયોગમાં લેવામાં આવે તો પર્યાવરણમાં થતું નુકશાન અટકાવી શકાય છે. ગેમી દ્વારા ગટરના પાણીનો સિંચાઈમાં ઉપયોગ કરી તેનાથી થતા ફાયદા અને નુકશાન અંગેની અભ્યાસ હાથ ધરવામાં આવેલ છે. જે અંતર્ગત ગાંધીનગર જિલ્લા, ખેડા જીલ્લાના કપડ્વંજ તાલુકા, અમદાવાદ જીલ્લાના ગ્યાસપુર તથા સુરત જીલ્લા ના ગામમાં અભ્યાસ કરવામાં આવ્યો હતો. આ અભ્યાસનાં ભાગરૂપે આગામી વર્ષમાં નવા જિલ્લાઓનો સદર અભ્યાસ હાથ ધરવામાં આવશે.

આ અભ્યાસનાં ભાગરૂપે વર્ષ ૨૦૨૪-૨૫ માં નડીયાદ જીલ્લાના  ગામડાઓનો અભ્યાસ હાથ ધરવામાં આવશે. જેમાં નીચે મુજબના મુદ્દાઓનો સમાવેશ કરવામાં આવશે.

- શુદ્ધિકરણ કરેલ ગટરના પાણીની ગુણવત્તાની ચકાસણી (monitoring at STP Outlet),
- સિંચાઈ ક્ષેત્રમાં વપરાતા શુદ્ધિકરણ કરેલ/ ન કરેલ ગટરના પાણીની તથા અન્ય જળસ્ત્રોતોની પાણીની ગુણવત્તાની ચકાસણી,

- માટીની ગુણવત્તા પર થતી શક્ય અસરોને ઓળખવા માટે તમામ પર્યાવરણીય પરિમાણોની ચકાસણી
- પાક પર થતી શક્ય પ્રતિકુળ અસર નો અભ્યાસ

ગેમીના સેમ્પલિંગ પ્રોટોકોલ પ્રમાણે વિવિધ જગ્યા પરથી પાણી, માટી તથા પાકના નમૂનાઓ એકત્રિત કરવામાં આવશે અને તેના પર્યાવરણીય પરિમાણોનું વિશ્લેષણ કરવામાં આવશે..

➢ **<u>e-બેઇઝ ગવર્નસ મોડેલ દ્વારા એન્વાર્યમેન્ટ મોનટરીંગ સીસ્ટમ</u>**

ઇ-બેઈઝ આધારીત પર્યાવરણ મોનીટરીંગ સિસ્ટમ માં વિવિધ પર્યાવરણીય પરિમાણોને GIS tools (જેવા કે, Arc GIS Desktop Licence, 3D Analytics અને Spatial Analysis) દ્વારા Geographically represent કરવામાં આવે છે. GIS ના ઉપયોગથી Spatial અને Geographic ડેટાની માહિતી એકત્રિત કરવામાં આવે છે. જેના દ્વારા GIS આધારીત વિવિધ નકશાઓ તૈયાર કરવામાં આવે છે અને તેનો ઉપયોગ પર્યાવરણને લગતી સમસ્યાઓના નીરાકરણ માટે થાય છે. વિવિધ માહિતીઓનું GIS (Geographical Information System) દ્વારા સંકલન અને એકીકરણ કરીને પર્યાવરણીય સ્થિતિને વધુ સારી રીતે રજુ કરી શકાય છે.

ઉપરોક્ત સીસ્ટમથી મોનીટરીંગ દ્વારા એકત્રિત કરેલ વિવિધ પર્યાવરણીય પરિમાણોની GIS આધારિત માહિતીએ સંશોધકો, વૈજ્ઞાનિકો, ઉદ્યોગપતિઓ અને નીતિ નિર્માતાઓને ઉપયોગી થશે. તેમજ પર્યાવરણના સંરક્ષણ, રક્ષણ તથા સંચાલન માટે મદદરૂપ થશે. તેમજ GIS દ્વારા રજુ કરેલ પર્યાવરણની પરીસ્થિતિ લોકોમાં પર્યાવરણીય જાગૃતિ ફેલાવવામાં મહ્ત્વનો ફાળો આપશે.

ઉપરોક્ત સીસ્ટમનો ઉપયોગ Environment Mitigation Plan અને પર્યાવરણીય મોડેલ તૈયાર કરવામાં મદદરૂપ થશે.

➢ **<u>ઔદ્યોગિક એકમોને સહાય કરી ઘન કચરો વિનિમય કેન્દ્ર તરીકે સ્થાપવામાં મદદરૂપ. :-</u>**

ગુજરાત રાજ્યના ઔદ્યોગીક એકમોમાંથી ઉદ્દભવતા ઘન કચરા નુ પ્રમાણ ખુબજ વ્યાપક પ્રમાણ માં વધી રહ્યું છે અને તેનો યોગ્ય નિકાલ એ એક ગંભીર પર્યાવરણીય સમસ્યા બની ગઇ છે. આ સમસ્યાનું નિરાકરણ લાવવાં માટે ઘન કચરાના ઉત્પાદન વિશેની સચોટ માહિતી અતિ આવશ્યક છે.

ઉપરોકત બાબતને ધ્યાને લઇ ઔદ્યોગીક ઘન કચરાનો યોગ્ય નિકાલ કરી શકાય તેમજ તેનો અન્ય ઔદ્યોગીક એકમો દ્વારા પુન:ઉપયોગ કરી શકાશે.

➢ **ગુજરાતમાં ઉદ્દભવતા ઔદ્યોગિક કચરો, ઘન કચરો તેમજ ઇ કચરાની ઇન્વેન્ટરી તેમજ વપરાશ બાબતની મોજણી.**

હાલમાં, શહેરી વિસ્તારોથી ઉત્પન્ન ઘરગથ્થુ ઘન કચરાની પરિસ્થિતિને જોતા ઘન કચરાના ઉત્પાદન અંગે કોઇપણ પ્રકારના એકમ કે સચોટ માહિતી મેળવવી એ વ્યાપક સમસ્યા બની ગયેલ છે. તે ઉપરાંત પ્લાસ્ટિક કચરાની સમસ્યા પણ સર્જાયેલી છે. ઉપરોક્ત બાબતોને ધ્યાને લેતા, ઉતપન્ન થતા ઘરગથ્થુ ઘન કચરાની યોજનાની મોજણી હાથ ધરવામાં આવશે તથા પ્લાસ્ટિક કચરાનો પણ અભ્યાસ હાથ ધરવામાં આવશે. જેથી ગુજરાતમાં ઉદ્દભવતા ઘન કચરો ની મોજણી કરી તેના ઉદ્દભવ અંગેની સચોટ માહિતી મેળવી શકાશે અને પર્યાવરણમાં ઉદ્દભવતા નકામો કચરાનો ઘટાડો કરી શકાશે. વર્ષ ૨૦૨૪-૨૫ દરમ્યાન ગુજરાત રાજ્યના કોઈ પણ એક શહેરી વિસ્તારનો અભ્યાસ કરવામાં આવશે.

➢ **પર્યાવરણ પ્રબંધ આધારીત સર્ટીફાઇડ અભ્યાસક્રમો :-**

ગેમી દ્વારા વિવિધ પર્યાવરણને લગતા શરૂ કરવામાં આવેલ છે. હાલમાં "Identification & Quantification of Impacts and Mitigation Measures in Environment Impact Assessment" કોર્ષ શરૂ કરવામાં આવેલ છે.

➢ **ગેમીને સંશોધન અને વિકાસના કેન્દ્ર તરીકે વિકસિત કરવાની યોજના**

ગેમીને સંશોધન અને વિકાસના કેન્દ્ર તરીકે વિકસિત કરવાની યોજના અંતર્ગત ગેમી દ્વારા વર્ષ ૨૦૨૪-૨૫ માં નીચે મુજબના પર્યાવરણીય વિષયો પર સંશોધનો કરવામાં આવશે.

- Effects of Agriculture and Deforestation by assessing the Sources and Dynamics of Nutrient Pollution in a major Rivers of Gujarat
- Assessing Climate Change Vulnerability and Adaptation Strategies for Urban Water Bodies."
- Surveillance of the contamination of groundwater used for drinking purposes in the educational institutions nearby GIDCs of Ahmedabad district

- Making villages net-zero: Assessment of $CO_2$ emissions and capture in the rural environment
- "Development and validation of a methanol-based extraction method for comprehensive analysis of volatile organic compounds (VOCs) in Ambient Air”
- An integrated assessment of heavy metal contamination index and health risks in crop land irrigated with sewage.
- Characterization and Remediation of Contaminant Residues in Soil and Groundwater"
- "Optimizing QuEChERS-Based Extraction and Analysis for the Comprehensive Assessment of Pesticide Residues in Environmental Samples"

➢ **મુખ્ય સ્થિર જળાશયો (તળાવ) માટે પર્યાવરણીય આકારણી પરથી તારવેલી સંરક્ષણ વ્યુહરચના ઘડવા માટે:-**

શહેરીકરણ અને ઔદ્યોગિકરણ ના લીધે, પાણીના વપરાશમાં વધારો થયો છે. જે શહેરી જળ સંસાધનો પર ભારે દબાણ લાવે છે. શહેરી વિસ્તારોમાં આવેલા તળાવ તથા, પાણીના વ્યવસ્થાપનમાં મહત્વની ભૂમિકા ભજવે છે, સૂક્ષ્મ આબોહવાની પરિસ્થિતિઓનું નિયમન, ભૂગર્ભજળના સ્ત્રોતોનું રિચાર્જ, વેટલેન્ડ ઇકોસિસ્ટમ ની જાળવણી તથા શહેરી લેન્ડસ્કેપમાં અમૂલ્ય સૌંદર્ય પ્રદાન કરે છે. તેથી, શહેરી જળાશયોના સંચાલન અને સંરક્ષણને અત્યંત મહત્ત્વ આપવું જરૂરી છે.

વર્ષ ૨૦૨૪-૨૫માં ગુજરાતના આણંદ જીલ્લાના પરીએજ, વેટલેન્ડ અને વડોદરા જિલ્લાના વઢવાણ, વેટલેન્ડની પ્રાથમિક માહિતી જેવી કે જે તે વિસ્તારમાં આવેલ ભોગોલીક પરિસ્થિતિના ડેટા એકઠા કરી, વિસ્તારની મુલાકાત લઈ સદર વિસ્તારની પસંદગી કરવામાં આવે છે. પ્રાથમિક મુલાકાત દરમિયાન, વિગતો જેવીકે પાણીના મુખ્ય સ્રોત તથા તેમના ઉપયોગો વગેરે માહિતી લેવામા આવે છે. ત્યારબાદ આ અભ્યાસ અંતર્ગત પાણીના નમુના એકઠા કરી ગેમીની પ્રયોગશાળામાં પૃથક્કરણ માટે મોકલી આપવામાં આવે છે. સદર પર્યાવરણીય પરીમાણોના પરિણામ પરથી પાણીની ગુણવત્તામાં થતા ફેરફારોનું મૂલ્યાંકન કરી, વેટલેન્ડની સંરક્ષણ વ્યૂહરચના તૈયાર કરવામાં આવશે.

## છેલ્લા પાંચ વર્ષમાં મળેલ અનુદાન

**છેલ્લા પાંચ વર્ષમાં (૨૦૧૯-૨૦,૨૦૨૦-૨૧,૨૦૨૧-૨૨,૨૦૨૨-૨૩,૨૦૨૩-૨૪)માટે નીચે પ્રમાણે નાણાંકીય જોગવાઇ ગુજરાત સરકાર દ્વારા અનુદાન સહાય તરીકે કરવામાં આવી.**

(રૂ. લાખમાં)

| વર્ષ | મંજૂર થયેલ નાણાકીય જોગવાઇ | મળેલ ગ્રાન્ટ | ટીપ્પણ |
|---|---|---|---|
| ૨૦૧૯-૨૦ | ૫૨૫.૦૦ | ૫૨૫.૦૦ | એપ્રિલ-૧૯ થી ફેબ્રુઆરી-૨૦ સુધી કુલ ગ્રાન્ટની રકમમાંથી ગ્રાન્ટના નાણા મળેલ છે. |
| ૨૦૨૦-૨૧ | ૫૨૫.૦૦ | ૫૨૫.૦૦ | એપ્રિલ-૨૦૨૦ થી ફેબ્રુઆરી-૨૦૨૧ સુધી કુલ ગ્રાન્ટની રકમમાંથી ગ્રાન્ટના નાણા મળેલ છે. |
| ૨૦૨૧-૨૨ | ૫૩૩.૦૦ | ૫૩૩.૦૦ | એપ્રિલ-૨૦૨૧ થી ફેબ્રુઆરી-૨૦૨૨ સુધી કુલ ગ્રાન્ટની રકમમાંથી ગ્રાન્ટના નાણા મળેલ છે. |
| ૨૦૨૨-૨૩ | ૭૦૦.૦૦ | ૭૦૦.૦૦ | એપ્રિલ-૨૦૨૨ થી ફેબ્રુઆરી-૨૦૨૩ સુધી કુલ ગ્રાન્ટની રકમમાંથી ગ્રાન્ટના નાણા મળેલ છે. |
| ૨૦૨૩-૨૪ | ૧૨૫૦.૦૦ | ૯૪૦.૦૦ | એપ્રિલ-૨૦૨૩ થી ડિસેમ્બર-૨૦૨૩ સુધી કુલ ગ્રાન્ટની રકમમાંથી ગ્રાન્ટના નાણા મળેલ છે. |

**ગેમીની વિવિધ કામગીરીઓ માટે ચાલુ બાબત હેઠળ સને ૨૦૨૪-૨૫ના વર્ષમાં નીચેની વિગતે ગ્રાન્ટની દરખાસ્ત કરવામાં આવે છે.**

| ક્રમ નં | યોજનાનું નામ | વર્ષ ૨૦૨૪-૨૫ની ચાલુ બાબતની દરખાસ્ત (રૂ. લાખમાં) |
|---|---|---|
| ૧ | મુખ્ય સદર: ૨૭/૨૨૧૫ પાણી પુરવઠો અને સ્વચ્છતા<br>વિભાગ-૧: ‘ગેમી’ સંસ્થાનને સહાયક અનુદાન | ૮૦૫.૦૦ |

# ગુજરાત ઇકોલોજીકલ એજ્યુકેશન એન્ડ રીસર્ચ ફાઉન્ડેશન, ગાંધીનગર

ભાગ – ૧

**પ્રસ્તાવના :**

ગુજરાત ઇકોલોજીકલ એજ્યુકેશન એન્ડ રીસર્ચ ફાઉન્ડેશન એટલે કે “ગીર” ફાઉન્ડેશન ગુજરાત સરકારના વન અને પર્યાવરણ વિભાગ દ્વારા સ્થાપવામાં આવેલ એક સ્વાયત્ત સંસ્થા છે. જેની નોંધણી ઇન્ડીયન સોસાયટીઝ એક્ટ-1860 તથા પબ્લિક ટ્રસ્ટ તરીકે બોમ્બે પબ્લિક ટ્રસ્ટ એક્ટ-1950 હેઠળ થયેલ છે. “ગીર” ફાઉન્ડેશન ગુજરાત રાજ્યમાં પ્રકૃતિ શિક્ષણ અને સંશોધનના ક્ષેત્રમાં માહે ફેબ્રુઆરી-૧૯૮૩થી કાર્યરત છે.

“ગીર” ફાઉન્ડેશનના મુખ્ય ઉદ્દેશ પ્રકૃતિ, વન્યપ્રાણી, પર્યાવરણ અને સંલગ્ન વિષયોમાં શિક્ષણના માધ્યમથી જાહેર જનતા અને શાળા કોલેજના વિદ્યાર્થીઓને શિક્ષણ આપવાનો અને પરિસરીય સંશોધનોનો છે. “ગીર” ફાઉન્ડેશનનો ખાસ ઉદ્દેશ અને હેતુ નીચે મુજબ છે.

- પ્રજાજનો, બાળકો તથા યુવાનોમાં પ્રકૃતિ તેમજ વન્યપ્રાણી માટે પ્રત્યે પ્રેમ ઉત્પન્ન કરવો.
- પરીસરીય અંગેના સંશોધનમાં સક્રિય રીતે કામે લાગવું તથા ભવિષ્ય માટે કુદરતી સંપતિ જાળવી રાખવા સારૂ અને સામાન્ય પ્રજાને આ અંગે શિક્ષણ આપવા સહિત વન્ય વનસ્પતિ તથા પ્રાણી સુષ્ટિના સંરક્ષણના કાર્યને પૃષ્ટિ આપવી.
- વન્યપ્રાણી ઉદ્યાનો તથા સ્થાનિક જાતોના રોપવનો સ્થાપવા તથા જાળવવા તથા લોકોના શિક્ષણ તથા શિક્ષણપ્રદ આનંદ માટે બધા જીવંત નમુનાઓ તેના યોગ્ય વનસ્પતિય આવરણ સહિત પ્રદર્શિત કરવા અને જીવ વૈજ્ઞાનિક સંશોધન તેમજ સંલગ્ન પ્રવ્રતિ સાથે સંકળાયેલ પ્રાકૃતિક ઇતિહ્રાસની દરેક શાખાઓને પુષ્ટિ આપવી.
- ગુજરાતની અગત્યની પ્રાકૃતિક સંપતિ વિશે તથા તેની વિવેકપૂર્ણ અને વૈજ્ઞાનિક વ્યવસ્થા અને વિકાસ તરફ ધ્યાન કેન્દ્રીત કરવું.
- વિનાશને આરે ઉભેલી વનસ્પતિ તેમજ પ્રાણીઓની જાતોના પુનર્જનનનું આયોજન કરવું કે જેથી આવી જાતોને તેના પ્રાકુતિક સ્થાનમાં ફરીથી દાખલ કરી શકાય.
- ખાસ કરીને સ્થાનિય પ્રદેશો તથા તેની નજીક આવેલા પ્રાણી – ભૌગોલિક પ્રદેશોના પ્રાણી તથા વનસ્પતિ જીવનના અભ્યાસ સહિત પ્રાકૃતિક ઇતિહ્રાસ અંગેના જ્ઞાનને પૃષ્ટિ આપવી.
- પ્રાકૃતિક ઇતિહ્રાસની સર્વે શાખાઓમાં સંશોધન કરવાનો અને જરૂર જણાય ત્યાં આવા સંશોધનમાં જોડાયેલ બીજી સંસ્થાઓ તથા વ્યક્તિઓને જરૂરી માહિતી, સલાહ તથા નાણા પણ આપીને મદદ કરવી.

- એક અથવા તેથી વધુ સંગ્રહાલયો,ઉદ્યાનો તથા જીવંત અગર મૃત પ્રાણીઓ અને વનસ્પતિના સંગ્રહો જે પ્રાકૃતિક ઇતિહાસના અભ્યાસ માટે યોગ્ય હોય તેવા પુરા પાડવા, ખરીદ કરવા, બાંધવા, સજ્જ કરવા તથા ભરપુર કરવા વિગેરે.
- વનસ્પતિ તેમજ પ્રાણીના નમુનાઓની વ્યવસ્થિત જાળવણી તથા નોંધ રાખવાનું તથા તેને પ્રદર્શિત કરવાનું કાર્ય.

**ભાગ – ૨**

**એકંદર સંક્ષેપ:**

"ગીર" ફાઉન્ડેશન, ગાંધીનગર દ્વારા નીચેની સંશોધનાત્મક પ્રકુતિ, વન્યપ્રાણી તથા પર્યાવરણલક્ષી પ્રવુતિઓ હાથ ધરવામાં આવે છે.

❖ **પ્રકૃતિ તથા પારિસ્થિતિકીય શિક્ષણ**:

- **ઈન્દ્રોડા પ્રકૃતિ ઉદ્યાન તથા અરણ્ય ઉધાન:**

સાબરમતી નદીના પૂર્વકાંઠે બાસણ ૨૦૮.૫૦ હેક્ટર (અરણ્ય ઉધાન) અને પશ્ચિમ કાંઠે ૧૫૭ હેક્ટર વિસ્તારમાં ઇન્દ્રોડા પ્રકૃતિ ઉધાન વિક્સાવવામાં આવેલ છે. ઈન્દ્રોડા પ્રકૃતિ ઉદ્યાનમાં દર વર્ષ ૬ લાખથી વધુ મુલાકાતીઓ મુલાકાત લેતા હોય છે. આ મુલાકાતીઓના વ્યવસ્થાપન માટે ઓનલાઈન વેબસાઈટ તૈયાર કરવામાં આવેલ છે જેથી મુલાકાતીઓ ઓનલાઈન ટીંકીટ બુક કરાવી શકે અને ઓનલાઈન પેમેન્ટ કરી શકાય તેવી વ્યવસ્થા કરવામાં આવેલ છે. વર્ષ ૨૦૨૨-૨૩ દરમ્યાન ૫.૭૨ લાખથી વધુ પ્રવાસીઓએ ઉધાનની મુલાકાત લીધેલ હતી. જ્યારે ૨૦૨૩-૨૪ (માહે નવેમ્બર-૨૦૨૩) દરમ્યાન ૩.૨૧ લાખથી વધુ પ્રવાસીઓએ મુલાકાત લીધેલ છે.

ઇન્દ્રોડા પ્રકૃતિ ઉધાન ખાતે સને ૨૦૨૪-૨૦૨૫ના વર્ષમાં વિવિધ વિભાગોની જાળવણી તથા વિકાસલક્ષી કામોનું આયોજન હાથ ધરવામાં આવનાર છે. જેમાં મુખ્યત્વે ભારત સરકારશ્રી દ્વારા મંજુર કરાયેલ માસ્ટર પ્લાન મુજબ ઇન્દ્રોડા નેચર પાર્કના પ્રાણીસંગ્રહાલય ખાતે આવેલ તૃણાહારી વિભાગ ખાતે ચિત્તલ, કાળિયાર, સફેદ કાળિયાર, સાંભર, ચિંકારા, ચોશિંગા તથા ભેંખર તેમજ ધુડખર માટે નવીન આવાસોના નિર્માણ કરવાની કામગીરી, ફોસીલ પાર્ક, વેટરનરી હોસ્પીટલને અધ્યત્તન બનાવવી, સ્વદેશી વોકઇન એવિયેરી-૧ તથા પ્રજાતિ વિષેશ એવિયેરી-૩ના નવા નિર્માણ કરવાની કામગીરી હાથ ધરવામાં આવનાર છે. જે માટે સને ૨૦૨૪-૨૫ના વર્ષમાં કુલ ૨૦૦૦ લાખની દરખાસ્ત કરવામાં આવેલ છે.

ઉપરાંત અરણ્ય ઉધાન ખાતે મુખ્યત્વે ડે-નાઇટ લાયન સફારી પાર્કના નિર્માણની કામગીરી હાથ ધરવામાં આવનાર છે. આ માટે સને ૨૦૨૪-૨૫ના વર્ષમાં દરખાસ્ત કરવામાં આવેલ છે.

- **હિંગોળગઢ અભયારણ્ય:**

રાજકોટ જિલ્લાના જસદણ તાલુકામાં આવેલ હિંગોળગઢ અભયારણ્યનો વહીવટ અને વિકાસ રાજ્ય સરકાર તરફથી 'ગીર' ફાઉન્ડેશન હસ્તક મુકવામાં આવેલ છે. અહીં પ્રાકૃતિક શિક્ષણ સંકુલ વિક્સાવવામાં આવેલ છે. વર્ષ ૨૦૨૨-૨૩ દરમ્યાન ૧૮૧૩૬ જેટલા પ્રવાસીઓએ આ અભયારણ્યની મુલાકાત લીધી હતી. જ્યારે વર્ષ ૨૦૨૩-૨૪ (માહે નવેમ્બર-૨૦૨૩ સુધીમાં) ૧૩૩૫૦ જેટલા પ્રવાસીઓએ આ અભયારણ્યની મુલાકાત લીધેલ છે.

સને ૨૦૨૩-૨૪ના વર્ષમાં હિંગોળગઢ અભ્યારણ્ય ખાતે વિવિધ જાળવણી તથા વિકાસની કામગીરીઓ કરવામાં આવેલ છે. જેમાં મુખ્યત્વે અભયારણ્ય ફરતે દિવાલની કામગીરી, કેમ્પ સાઇટના રીનોવેશન, રેસ્ટ હાઉસના રીનોવેશનની કામગીરી હાલમાં ચાલુમાં છે. તેમજ સને ૨૦૨૪-૨૦૨૫ના વર્ષમાં હિંગોળગઢ અભયારણ્ય ખાતે વિવિધ વિકાસલક્ષી કામો હાથ ધરવામાં આવનાર છે.

- **સુષ્ટિ સામાયિકનું પ્રકાશન :**

"ગીર" ફાઉન્ડેશનનો મુખ્ય ઉદ્દેશ લોકોની પર્યાવરણ પ્રત્યે જાગૃતિ કેળવવાનો તથા પર્યાવરણ, વન, વન્યપ્રાણી અને અન્ય સંબંધિત શિક્ષણ આપવા માટેનો છે. આ કામગીરીના ભાગરૂપે સૃષ્ટિ નામના સામયિકનું પ્રકાશન કરવામાં આવે છે. જેમાં વન, પર્યાવરણ અને વન્યપ્રાણીના વિવિધ વિષયોને લઇ ખાસનોંધ, લેખો, પ્રકાશિત કરવામાં આવે છે. આ સામયિકનો મુખ્ય હેતુ ગુજરાતમાં વન્યજીવોને લગતી જાગૃતતા ફેલાવવાનો છે. આ સામયિકને ગુજરાતની વિવિધ શાળાઓ, નેચર કલબ તથા વિવિધ સરકારી તથા બિન સરકારી સંસ્થાઓ, સંગઠનોને મોકલવામાં આવે છે.

વર્ષ ૨૦૨૩-૨૪ (નવેમ્બર-૨૦૨૩ અંતિત) સૃષ્ટિ સામાયિકના "પ્રાણી સ્થળાંતર" "પક્ષી સ્થળાંતર" અને "સુંદર પુષ્પો ધરાવતા વૃક્ષો અને વનસ્પતિ વિશેષાંક" એમ ૩ (ત્રણ) વિશેષાંકો પ્રકાશિત કરવામાં આવેલ છે.

➢ **<u>પક્ષી દર્શન તાલીમ કાર્યક્રમ :</u>**

"ગીર" ફાઉન્ડેશન દ્વારા સને ૨૦૦૬-૦૭ થી દર વર્ષે માહે નવેમ્બર થી ફેબ્રુઆરી માસના દર રવિવારે ઇન્દ્રોડા પ્રકૃતિ ઉધાન ખાતે પક્ષી દર્શનના તાલીમ કાર્યક્રમનું આયોજન કરવામાં આવે છે. આ માટે દર માસે એક લેખે ચાર બેચનું આયોજન કરવામાં આવે છે. દરેક બેચમાં ૪૦-૪૫ તાલીમાર્થીઓને પક્ષીની ઓળખ,પક્ષીની વર્તણૂક, પક્ષી ઓળખવાની રીત વગેરે બાબતોથી માહિતગાર કરવામાં આવે છે. દરેક બેચને ચાર પૈકીના એક રવિવારે નજીકના પક્ષી અભ્યારણ્ય થોળ કે નળ સરોવરની પ્રત્યક્ષ મુલાકાત કરાવી સ્થાનિક તેમજ આયાવર પક્ષીઓની વધુ જાણકારી મળી રહે તેવું આયોજન કરવામાં આવે છે. વર્ષ ૨૦૦૬-૦૭ થી વર્ષ ૨૦૨૩-૨૪ (નવેમ્બર-૨૦૨૩ અંતિત) ૧૨૨ લાભાર્થીઓ સાથે વર્ષ ૨૦૦૬-૦૭ થી ૨૦૨૩-૨૪ સુધીમાં કુલ ૨૧૪૪ લાભાર્થીઓને જાણકારી આપેલ છે.હાલમાં પક્ષી દર્શન કાર્યક્રમ ચાલુમાં છે.

➢ **<u>પ્રકૃતિ શિક્ષણ શિબિર :</u>**

"ગીર" ફાઉન્ડેશનનો મુખ્ય ઉદ્દેશ પ્રકૃતિ, વન્યપ્રાણી, પર્યાવરણને સંલગ્ન વિષયોમાં શિક્ષણ અને સંશોધનના માધ્યમથી જાહેર જનતા અને ખાસ કરીને શાળા-કોલેજના વિદ્યાર્થીઓને શિક્ષણ આપવાનો છે. જેના ભાગરૂપે "ગીર" ફાઉન્ડેશન દ્વારા સને ૧૯૮૩ થી પ્રકૃતિ શિક્ષણ શિબિરનું આયોજન કરવામાં આવે છે. આ કાર્યક્રમના ભાગ રૂપે ઇન્દ્રોડા પ્રકૃતિ ઉધાન, અરણ્ય ઉધાન અને હિંગોળગઢ અભયારણ્ય એમ ત્રણ સ્થળો ખાતે પ્રકૃતિ શિક્ષણ શિબિરો યોજવામાં આવે છે. જેમાં બે રાત્રિ તથા ત્રણ દિવસની આ શિબિરોમાં રહેવાની તથા જમવાની વ્યવસ્થા "ગીર" ફાઉન્ડેશન દ્વારા વિનામૂલ્યે કરવામાં આવે છે. આ શિબિરાર્થીઓને પર્યાવરણ વિષયનું પુસ્તક પણ આપવામાં આવે છે. આ કેમ્પમાં તાલીમાર્થીઓ જંગલો, વન્યજીવન, પરિસ્થતિ વિજ્ઞાન અને પર્યાવરણ વગેરેનું વાસ્તવિક જ્ઞાન મેળવે છે. વર્ષ ૨૦૨૨-૨૩ના વર્ષમાં કુલ ૮૮ પ્રકૃતિ શિક્ષણ શિબિરોનું આયોજન કરવામાં આવેલ હતું. વર્ષ ૨૦૨૩-૨૪ દરમ્યાન પ્રકૃતિ શિક્ષણ શિબિર ચાલુ કરવામાં આવેલ છે. અત્યાર સુધીમાં કુલ ૧૦ શિબિરો પૂર્ણ કરવામાં આવેલ છે.

➢ <u>પર્યાવરણ શિક્ષણ કાર્યક્રમ:</u>

શાળાના બાળકોમાં પર્યાવરણ અંગે જાગૃતિ લાવવા તેમજ સંવેદનશીલતા લાવવા માટે સને ૨૦૦૧-૦૨માં 'નેશનલ ગ્રીન કોર' યોજના અમલમાં મુકવામાં આવેલ હતી. જેને સને ૨૦૨૨-૨૩ થી પર્યાવરણ શિક્ષણ કાર્યક્રમમાં રૂપાંતરિત કરવામાં આવેલ છે.

'ગીર' ફાઉન્ડેશન દ્વારા આ યોજનાનું સંચાલન ગુજરાત રાજ્ય વન વિભાગ તેમજ શિક્ષણ વિભાગની મદદથી કરવામાં આવે છે. હાલમાં ગુજરાત રાજ્યમાં ૧૫૦૦૦ થી વધુ શાળાઓ/કોલેજોમાં એન.જી.સી. ઇકો ક્લબ કાર્યરત છે. પર્યાવરણ શિક્ષણ કાર્યક્રમ હેઠળ આ ઇકો ક્લબને વધુ કાર્યશીલ બનાવવા પ્રયાસો કરવામાં આવે છે તેમજ આ કાર્યક્રમ થકી વિધાર્થીઓમાં નાનપણથી જ સાતત્યપૂર્ણ જીવનશૈલી અપનાવવાના ગુણો વિકસાવવા પ્રયાસો કરવામાં આવે છે.

➢ <u>**ચોમાસાની ઋતુમાં ટ્રેકીંગ અને પ્રકૃતિ શિક્ષણ કાર્યક્રમ:**</u>

**વર્ષ ૨૦૨૨-૨૩માં 'ગીર' ફાઉન્ડેશન દ્વારા લોકોને પ્રકૃતિની અને પરિસરની નજીક લાવવાના હેતુથી આ કાર્યક્રમ હાથ ધરવામાં આવેલ છે. રાજ્યના પરિસરીય મહત્વ ધરાવતા ચોક્કસ સ્થળો જેવા કે, વિજયનગર પોલો ફોરેસ્ટ, જેસોર, રતનમહાલ અને પદમડુંગરીમાં લોકોનેલઇ જઇ પર્યાવરણના મહત્વના પાસાનું જ્ઞાન અને અનુભવ આપવામાં આવેલ જેમાં અત્યાર કુલ ૧૧૨ લાભાર્થીઓએ આ કાર્યક્રમનો લાભ લીધો હતો.**

**વર્ષ ૨૦૨૩-૨૪માં 'ગીર' ફાઉન્ડેશન દ્વારા છોટા ઉદેપુર કેવડી, આંબાપાણી (તાપી) તથા દેવીનામાળ (ડાંગ) માં લોકોને લઇ જઇ પર્યાવરણના મહત્વના પાસાનું જ્ઞાન અને અનુભવ આપવામાં આવેલ જેમાં કુલ ૧૧૦ લાભાર્થીઓએ આ કાર્યક્રમનો લાભ લીધો હતો.**

➢ <u>**ઇન્ટર્નશીપ સર્ટીફીકેટ પ્રોગ્રામ:**</u>

'ગીર' ફાઉન્ડેશન દ્વારા સ્નાતક અને અનુસ્નાતક વિધાર્થીઓ માટે વર્ષ ૨૦૨૩-૨૪ માં 'ગીર' ફાઉન્ડેશન સંકુલ ખાતે પ્રકૃતિ શિક્ષણ, પરિસરીય સંશોધનો, વન્યપ્રાણી સંશોધનો અને વહીવટ, જળપ્લાવિત વિસ્તારોનું પરિસર, દરિયાઇ પરિસર, ક્લાઇમેટ ચેન્જ, પ્રાણી સંગ્રહાલયનો વહીવટ અને પ્રયોગશાળાને લગતી વિગેરેનો અનુભવ અને તે વિશેની માહિતી મળે તે હેતુથી આ કાર્યક્રમ ચાલુ

કરવામાં આવેલ છે. જેમાં લાભાર્થીઓ ફાઉન્ડેશનના વૈજ્ઞાનિકો અને સંશોધકો સાથે રહી આ વિષયો અંગે માહિતગાર થાય છે. **સને ૨૦૨૨-૨૩માં કુલ ૩૩ વિધાર્થીઓએ આ કાર્યક્રમનો લાભ લીધેલ હતો. સને ૨૦૨૩-૨૪ના વર્ષમાં સમર ઇન્ટર્નશીપમાં હેઠળ કુલ ૧૩ વિધાર્થીઓએ આ કાર્યક્રમનો લાભ લીધેલ છે.**

- **<u>ગીર' ફાઉન્ડેશનમાં અદ્યતન, સ્ટુડિયો:</u>**

જાહેર જનતાને પર્યાવરણ સંબંધિત વિવિધ માહિતી આપવા તેમજ જાગૃતિ લાવવા માટે આકાશવાણી, ઓલ ઇન્ડિયા રેડિયો પરથી દર રવિવાર રાત્રે ૦૮.૦૦ થી ૦૮.૩૦ દરમિયાન 'હરિયાળુ ગુજરાત' કાર્યક્રમનું પ્રસારણ કરવામાં આવે છે. વર્ષ ૨૦૨૩-૨૪ દરમિયાન કુલ ૪૧ એપિસોડનું અને વર્ષ ૨૦૨૪-૨૫ દરમિયાન કુલ ૪૦ એપિસોડનું પ્રસારણ કરવામાં આવશે. પર્યાવરણ જાગૃતિ માટે જાહેર જનતાને પર્યાવરણ સંબંધિત વિવિધ માહિતી આપતા તેમજ જાગૃતિ લાવવા માટે વિવિધ સાહિત્ય પ્રકાશનો આ બજેટ હેઠળ પ્રકાશિત કરવામાં આવશે. જેમાં "સૃષ્ટિ" ગુજરાતી ત્રિમાસિક સાહિત્ય પુસ્તિકાના કુલ ૪ અંક, રીસર્ચ પ્રકાશનો ગુજરાતી અને અંગ્રેજી વિગેરેમાં પ્રકાશિત થશે. તેમજ વિડિયો 'ડોક્યુમેન્ટરી' ફિલ્મોનું નિર્માણ અને પ્રસારણ પણ કરવામાં આવશે. સમાજના ખાસ વર્ગો જેમ કે તબીબો, વકિલો, પત્રકારો, કોલેજના વિદ્યાર્થીઓ વગેરે માટે પ્રકૃતિ શિક્ષણ શિબિર પક્ષી દર્શન તાલીમ કાર્યક્રમ વગેરે જેવા પર્યાવરણ પ્રત્યે સંવેદનશીલતા જગાડતા વિવિધ કાર્યક્રમ કરવામાં આવશે.

- **<u>વિવિધ પર્યાવરણ લક્ષી દિવસોની ઉજવણી:</u>**

"ગીર" ફાઉન્ડેશન હસ્તકના ઇન્દ્રોડા પ્રકૃતિ ઉદ્યાન તથા હિંગોળગઢ પ્રકૃતિ અભયારણ્ય ખાતે દર વર્ષે વિશ્વ પર્યાવરણ દિન, વન્યપ્રાણી સપ્તાહ, જૈવિક વિવિધતા દિન, ઓઝોન સંરક્ષણ દિન, વિશ્વ ભૂમિ દિન વિગેરે પ્રસંગોની ઉજવણી કરવામાં આવે છે. જેમાં શાળાના વિદ્યાર્થીઓ, પ્રકૃતિ પ્રેમીઓ, સ્વૈચ્છિક સંગઠનો, વિગેરેને આમંત્રિત કરી ચિત્ર-સ્પર્ધા, મૌખિક પ્રશ્નોત્તરી, કાર્યશાળાઓ, શિબિરો વિગેરેનું આયોજન કરવામાં આવે છે. જેમાં કુદરતી તત્વો, તેને લગતી સમસ્યાઓ તેમના અસ્તિત્વ સામે ઉભી થયેલ મુશ્કેલીઓ વિગેરે વિષયોની સમજ આપવામાં આવે છે.

**સંશોધન સંસ્થા :**

ગુજરાત ઇકોલોજીકલ એજ્યુકેશન એન્ડ રીસર્ચ ('ગીર') ફાઉન્ડેશન,ગાંધીનગરને ભારત સરકારના ડીપાર્ટમેન્ટ ઓફ સાયન્સ એન્ડ ટેકનોલોજી તરફથી "રીસર્ચ ઇન્સ્ટીટ્યુટ" તરીકે માન્યતા આપેલ છે.

**સંશોધન પ્રવૃતિઓ:**

ભારત સરકારના વિજ્ઞાન અને તકનીકિ વિભાગ દ્વારા 'ગીર' ફાઉન્ડેશનને સંશોધન સંસ્થા તરીકે માન્યતા આપવામાં આવી છે. સંશોધન સંસ્થા તરીકે આ સંસ્થા હેઠળ નીચેના સંશોધનાત્મક પ્રોજેક્ટો પર કામ કરી રહેલ છે.

- **મુખ્ય સદર: ૨૭/૩૪૩૫ પરિસ્થિતિ વિજ્ઞાન અને પર્યાવરણ: પર્યાવરણલક્ષી સંશોધન અને પરિસ્થિતિ વિજ્ઞાનલક્ષી પુનર્નિર્માણ અને પર્યાવરણલક્ષી શિક્ષણ / તાલીમ/ વિસ્તરણ:**

"ગીર" ફાઉન્ડેશન, ગાંધીનગર દ્વારા પર્યાવરણ જાગૃતિ અંતર્ગત કાર્યક્રમ યોજવા તથા ઇકોલોજીકલ મોનીટરીંગની કામગીરી માટે વન અને પર્યાવરણ દ્વારા મુખ્ય સદર ૨૭/૩૪૩૫ પરિસ્થિતિ વિજ્ઞાનના સદર હેઠળ વર્કશોપ સેમીનાર, રેડીયો કાર્યક્રમ હરિયાળુ ગુજરાત, ઇકોકલબ માટે સાહિત્ય તૈયાર કરવું, જલપ્લાવિત વિસ્તારોના મોનીટરીંગની કામગીરી કરવામાં આવે છે.

"ગીર" ફાઉન્ડેશન, ગાંધીનગર ૨૭/૩૪૩૫ પરિસ્થિતિ વિજ્ઞાન અને પર્યાવરણ સહાયક અનુદાન હેઠળ નીચે જણાવેલ વિવિધ કામગીરીઓ વર્ષ ૨૦૨૪-૨૫માં હાથ ધરશે.

- **ઈકોલોકોજીકલ રીસર્ચ એન્ડ મોનીટરીંગ ઓફ ઈમ્પોર્ટંટ વેટલેન્ડ ઓફ ગુજરાત:**

વર્ષ ૨૦૨૩-૨૪ દરમિયાન આ યોજના અંતર્ગત વર્ષ ૨૦૨૧-૨૨ અને ૨૦૨૨-૨૩ માટેનાં ત્રણ અલગ અલગ પ્રોજેક્ટસના અહેવાલ તૈયાર કરવાની કામગીરી ચાલી રહી છે જેમાં:

અ) નળસરોવર અભયારણ્ય તથા આંતરરાષ્ટ્રીય માન્યતા ધરાવતા જળપ્લાવિત વિસ્તારનું 'રામસર સાઇટ'પારિસ્થિતિકીય મોનિટરીંગ.

બ) દક્ષિણ ગુજરાતની મુખ્ય નદીઓના મુખ વિસ્તારોના પારિસ્થિતિકીય સંશોધન અને મોનિટરીંગની કામગીરીઓ (જેમાં નર્મદા તાપી અંબિકા અને પૂર્ણાનો સમાવેશ થાય છે).

ક) ગુજરાત રાજ્યના અગત્યના જળપ્લાવિત વિસ્તારોના પારિસ્થિતિકીય મોનિટરીંગ તથા સંશોધનની કામગીરી (ગોસાબારા- મોકરસાગર, છારીઢંઢ, કાજ-નાનાવાડા અને ખીજડિયા પક્ષી અભયારણ્ય નો સમાવેશ થાય છે).

તદઉપરાંત, યોજના અંતર્ગત સંશોધન અહેવાલો મહત્વની જનરલમાં પ્રકાશિત કરવામાં આવેલ છે.

વર્ષ ૨૦૨૪-૨૫ દરમિયાન યોજના અંતર્ગત અગત્યના વિવિધ જળપ્લાવિત વિસ્તારો, દક્ષિણ ગુજરાતની મુખ્ય નદીઓના મુખ વિસ્તારોના જૈવ વિવિધતાના અને પર્યાવરણીય પરિમાણો (પાણી, માટી અને સૂક્ષ્મપ્લવકો) અંગેની માહિતી એકત્રીકરણ અર્થે ક્ષેત્રિય મુલાકાતનું આયોજન છે. આગામી આંતરરાષ્ટ્રીય વેટલેન્ડ વર્કશોપ અંતર્ગત બે ડોક્યુમેન્ટરી ફિલ્મ બનાવવાનું આયોજન છે. જેમાં ૧) ગુજરાત –અ હેવન ફોર માઈગ્રેટરી વોટર બર્ડસ ૨) વેટલેન્ડ્સ ઓફ ગુજરાત ફોર ઈકો-બેલેન્સીંગ એન્ડ ઈકો સર્વિસ પ્રોવીઝનીંગ થીમ ઉપર ડોક્યુમેન્ટરી ફિલ્મ બનાવવામાં આવશે.

➢ <u>મધ્યસ્થ પ્રયોગશાળા તેમજ પાંચ દરિયાકાંઠા પરની ક્ષેત્રીય પ્રયોગશાળાઓનું સશક્તિકરણ</u>:

વર્ષ ૨૦૨૩-૨૪ દરમિયાન 'ગીર' ફાઉન્ડેશનની મધ્યસ્થ પ્રયોગશાળા તેમજ દરિયાકાંઠા પરની પાંચ ક્ષેત્રીય પ્રયોગશાળાનું સશક્તિકરણ, સંશોધન તેમજ વિકાસના કામો હાથ ધરવામાં આવશે. સરકારના 'રસાયણ-મુક્ત કુદરતી ખેતી' ક્ષેત્રના વિઝનને પરિપૂર્ણ કરવાના ભાગરૂપે , ઇકોલોજીકલ રિસર્ચ એન્ડ મોનિટરિંગ લેબોરેટરી, 'ગીર' ફાઉન્ડેશન દ્વારા વર્ષ ૨૦૨૩ દરમિયાન કૃષિ ઉપયોગ માટે વપરાતી માટી અને પાણીના નમૂનાઓનું વિશ્લેષણ ની કામગીરી કરવામાં આવી રહી છે. જે અંતર્ગત જમીનની ફળદ્રુપતા જાણવા માટે તેના ભૌતિક પરિમાણો, પ્રાથમિક, ગૌણ મેક્રો-પોષક તત્વો અને સૂક્ષ્મ પોષકતત્ત્વો માટે વિશ્લેષણ અને સિંચાઈ હેતુ માટે તેની યોગ્યતા ચકાસવા માટે પાણી પીએચમાં વાહકતાનું વિશ્લેષણ કરવામાં આવી રહ્યુ છે. વર્ષ ૨૦૨૪-૨૫ દરમિયાન 'ગીર' ફાઉન્ડેશનની મધ્યસ્થ પ્રયોગશાળા "ઇકોલોજીકલ રિસર્ચ એન્ડ મોનિટરિંગ લેબોરેટરી" તેમજ દરિયાકાંઠા પરની પાંચ ક્ષેત્રીય પ્રયોગશાળા નો ઉપયોગ હાલનાં કામ/પ્રોજેકટ માટે અને માટી / પાણીના નમૂનાઓનું વિશ્લેષણ કરવા

માટે થશે. 'ગીર' ફાઉન્ડેશનની મધ્યસ્થ પ્રયોગશાળા તેમજ દરિયાકાંઠા પરની ક્ષેત્રીય પાંચ પ્રયોગશાળાનું સશક્તિકરણ, સંશોધન તેમજ વિકાસના કામો હાથ ધરવામાં આવશે.

➢ **<u>‘વિશ્વ જળપ્લાવિત’ દિનની ઉજવણી/કાર્યશાળાઓ/સેમીનાર:</u>**

તા.૦૨/૦૨/૨૦૨૪ના રોજ ગુજરાત રાજ્યના જળપ્લાવિત વિસ્તારોમાં ‘વિશ્વ જળપ્લાવિત’ દિનની ઉજવણી કરવામાં આવશે. પ્રકૃતિવિદ્દોએ વકતવ્યો આપશે, “ગીર” ફાઉન્ડેશનના સંશોધકો દ્વારા કરવામાં આવેલ “ક્ષેત્રિય નિદર્શન” દરમ્યાન પાણીની ગુવણતા ચકાસણી, પક્ષીઓ, અન્ય પ્રાણીઓ અને જલજ વનસ્પતિઓની ઓળખ તેમનું મહ્ત્વ, લોકોનું જળપ્લાવિત વિસ્તારો પર અવલંબન વગેરે સંબંધી યોગ્ય સમજૂતી આપવામાં આવશે અને આંતરરાષ્ટ્રીય/રાષ્ટ્રીયસ્તરના નિષ્ણાતોને આમંત્રિત કરી કાર્યશાળાઓ, સેમીનાર અને ફીલ્ડમાં કામ કરતા કર્મચારીઓની ક્ષમતાવર્ધક તાલિમો વગેરે કામો હાથ ધરવામાં આવશે. વર્ષ ૨૦૨૪-૨૫ અંતર્ગત આંતરરાષ્ટ્રીય જળપ્લાવિત દિનની ઉજવણી તા.૦૨/૦૨/૨૦૨૫ અંતર્ગત વેટલેન્ડ સંરક્ષણની જાગૃતિ માટે કાર્યશાળા/સેમિનારનું આયોજન Ramsar Site/Important Bird Area (IBA)/Wetlands of National Importance site ખાતે આયોજન કરવામાં આવશે.

➢ **<u>નદીઓ સહિતના અગત્યના જળપ્લાવિત વિસ્તારો માટે આંતરરાષ્ટ્રીય સંસ્થાઓ તેમજ વિશ્વ વિધ્યાલયોના વૈજ્ઞાનિકોના વૈજ્ઞાનિક તથા તાંત્રિક સહ્યોગથી કાર્યક્રમોનું આયોજન:</u>**

વર્ષ ૨૦૨૩-૨૪ અંતર્ગત આંતરરાષ્ટ્રીય સંસ્થાઓ તેમજ વિશ્વ વિધાલયોના વૈજ્ઞાનિકોના વૈજ્ઞાનિક તથા તાંત્રિક સહ્યોગથી જળપ્લાવિત વિસ્તારો અંગેની કાર્યશાળા તથા સેમિનારનું રાજ્યની યુનિવર્સિટીઓના વિદ્યાર્થીઓ/સંશોધકો, વન વિભાગના અધિકારીઓ/કર્મચારીઓ તથા પર્યાવરણ ક્ષેત્રે કાર્યરત સંસ્થાઓના સંશોધકો/વૈજ્ઞાનિકો માટે જળપ્લાવિત વિસ્તારો અંગેની આંતરરાષ્ટ્રીય કાર્યશાળા તથા સેમિનારના આયોજન કરેલ છે.

- **<u>ગુજરાત સ્ટેટ  વેટલેન્ડ ઑથોરિટીની સલાહ મુજબ તેની નોડલ એજન્સી તરીકે નવી રામસર સાઈટ્સની દરખાસ્ત મુકવા રામસર ઈંફર્મેશન શીટની કાર્યવાહી કરવી તથા વેટલેન્ડસ સંદર્ભિત અન્ય કામગીરીનું આયોજન કરવું. :</u>**

વર્ષ ૨૦૨૩ -૨૪ દરમિયાન ગુજરાત સ્ટેટ વેટલેન્ડ ઓથોરિટી અંતર્ગત રાજ્યના કુલ 24 જળપ્લાવિત વિસ્તારોના દસ્તાવેજી કરણની કામગીરી ચાલુ છે. જેમાં હાલમાં કુલ 22 જળપ્લાવિત ક્ષેત્રોના લોકેશન મેપ અને LULC મેપ ની કામગીરી પૂર્ણ થયેલ છે. વધુમાં આ જળપ્લાવિત ક્ષેત્રોની આસપાસ આવેલા આજીવિકા અર્થે નામના કુલ 213 ગામોના સોશિયો ઇકોનોમિક સર્વેની કામગીરી પૂર્ણ થયેલ છે. વર્ષ ૨૦૨૪ -૨૫ દરમિયાન આ જળપ્લાવિત ક્ષેત્રોમાં બાયો-ડાઇવર્સિટી અને એનવાયરમેન્ટ સર્વેની કામગીરીનું આયોજન છે. સ્ટેટ વેટલેન્ડ ઓથોરિટી ની વેબસાઈટ બનાવવા માટેની કોમ્યુનિકેશનની કામગીરી ચાલુ છે.

- **<u>NISAR સાયન્સ પ્રોજેક્ટ</u>**:

(ISRO) ઇસરોના NASA ISRO Synthetic Aperture RADAR (NISAR) સિસ્ટમેટિક ઓબઝર્વેશન પ્રોગ્રામ હેઠળનો એક મહત્વ નો પ્રોજેક્ટ છે .NASA અને ISRO સંયુક્ત રીતે NISAR સેન્સર વિકસાવી રહ્યા છે, જે જાન્યુઆરી–૨૦૨૪માં લોન્ચ કરવાનું પ્રયોજન છે. ભારતમાં NISAR સિસ્ટમેટિક ઓબઝર્વેશન દ્વારા ઇકોસિસ્ટમ એપ્લિકેશન્સ માટે અભૂતપૂર્વ ટાઇમ સિરિઝ ડેટા પ્રદાન કરશે જેનાથી કૃષિ, વનસંવર્ધન અને વેટલેન્ડ્સ ઉપરાંત વિજ્ઞાનને લગતી અનેક પ્રવૃત્તિઓને લાભ મળશે. આ પ્રોગ્રામ અંતર્ગત, GEER ફાઉન્ડેશનને SAC- ISRO, અમદાવાદ તરફથી ફોરેસ્ટ વેજિટેશન ફિનોલોજી, બાયોમાસ ચેન્જ-, ફોરેસ્ટ  ઇન્વેન્ટરી પ્લોટ દ્વારા વનસ્પતિનું માપન કરી લાંબા ગાળાના સંશોધન માટે NISAR સાયન્સ પ્રોજેક્ટ મળેલ છે. આ પ્રોજેક્ટ ગુજરાત રાજ્યના બે મહત્વ ના વિસ્તારો, ગીર અભયારણ્ય (સાસણ) અને ઉમરપાડા/વડપાડા ના જંગલો (સુરત)ના પ્રદેશોમાં GEER ફાઉન્ડેશન અને SAC- ISRO, અમદાવાદના સહયોગથી અમલમાં મુકવામાં આવ્યો છે. આ પ્રોજેક્ટ હેઠળ, લાંબા ગાળાના ડેટા વિશ્લેષણ અને સંશોધન માટે ઉપરોક્ત બે જગ્યાએ કુલ ૨૪  ઇન્વેન્ટરી પ્લોટ સ્થાપિત કરી ને તેનું વૈજ્ઞાનિક એનાલીસીસ કરવું, તેમજ ડ્રોન- માઉન્ટેડ ઓપ્ટિકલ અને LIDAR સેન્સર્સનો ઉપયોગ કરીને હવાઈ સર્વેક્ષણ, ફેનો-કેમની સ્થાપના અને ફોટોગ્રાફિક દસ્તાવેજીકરણ ની કામગીરી થશે.

વર્ષ ૨૦૨૩-૨૦૨૪ દરમિયાન આ પ્રોજેક્ટ હેઠળ સુરત ના ઉમરપાડા/વડપાડા વિસ્તારમાં પ્રતિ પ્લોટ ૧ હેક્ટર-ના ૧૨ ઈન્વેન્ટરી પ્લોટનું પ્રસ્થાપન અને વૈજ્ઞાનિક સર્વેક્ષણની કામગીરી પૂર્ણ કરેલ છે. ગીર અભયારણ્યમાં ૧૨ ઈન્વેન્ટરી પ્લોટના પ્રસ્થાપન માટે પ્રાથમિક ફિલ્ડ વિઝીટ અને સુરત ના ઉમરપાડા/વડપાડા વિસ્તારમાં ટાવર માઉન્ટેડ ફિનોલોજી મોનિટરિંગ કેમેરા (ફેનો-કેમ સિસ્ટમ્સ) લગાવાની જગ્યા ફાઈનલ કરવા માટેની કામગીરી પૂર્ણ કરેલ છે. વર્ષ ૨૦૨૪-૨૦૨૫ દરમિયાન ગીર અભયારણ્યમાં પ્રતિ પ્લોટ ૧ હેક્ટર-ના ૧૨ ઈન્વેન્ટરી પ્લોટનું પ્રસ્થાપન અને વૈજ્ઞાનિક સર્વેક્ષણ, સુરત ના ઉમરપાડા/વડપાડા અને ગીર અભયારણ્યમાં ફેનોકેમ સિસ્ટમ-નું પ્રસ્થાપન અને બન્ને વિસ્તારોમાં ડ્રોન માઉન્ટેડ ઓપ્ટિકલ LiDAR સેન્સરનો ઉપયોગ કરીને ઇનસીટુ ફોરેસ્ટ ઇન્વેન્ટરી અને એરિયલ - સર્વે કામગીરી નું આયોજન કરવામાં આવેલ છે.

- **<u>લોંગ ટર્મ ઇકોલોજીકલ ઓબ્ઝર્વેટરીઝ (LTEO) પ્રોજેક્ટ :</u>**

આ પ્રોજેક્ટ હેઠળ વર્ષ ૨૦૨૩-૨૪ દરમિયાન હિંગોલગઢ અભયારણ્યના 3 કાયમી પ્લોટમાં, ગીર વન્યજીવ અભયારણ્યના 6માંથી 2 પ્લોટમાં લાકડાના દાંડીની પ્રથમ ગણતરી, ટેગીંગ, મેપીંગ અને માર્કિંગ , અભયારણ્યમાં કુલ 28 પ્રજાતિઓની કુલ 2224 વ્યક્તિગત સ્ટેમ ટેગ અને ગીર વન્યજીવ અભયારણ્યમાં કુલ 38 પ્રજાતિઓની કુલ 1475 દાંડીઓની ગણતરી, ટેગ, મેપ અને ચિહ્નિત વિગેરેની કામગીરી કરવામાં આવી છે. વર્ષ ૨૦૨૪-૨૦૨૫ દરમિયાન જેસોર વન્યજીવ અભયારણ્યમાં બીજી ગણતરી હાથ ધરવામાં આવશે જેમાં પ્રથમ ગણતરી દરમિયાન કુલ 4221 દાંડીઓને ટેગ કરવામાં આવ્યા હતા. કુલ સ્ટેશન (Survey tools) નો ઉપયોગ કરીને જંગલી ગધેડા અભયારણ્ય, બજાણામાં કુલ 3 કાયમી પ્લોટ નાખવા માટેની અને ઘુડખર અભયારણ્ય, બજાણામાં 3 પ્લોટની પ્રથમ પ્લાન્ટ ગણતરી હાથ ધરવા વિગેરે કામગીરીઓનું આયોજન કરવામાં આવેલ છે.

- **<u>Status Survey and Evaluation of Dugong (Sea cow) and other Marine Mammals (Dolphins and Porpoise etc.) around the Island near Narara:</u>**

દરિયાઈ રાષ્ટ્રીય ઉદ્યાન અને અભયારણ્ય, જામનગર ખાતેની કચેરી દ્વારા “ગીર” ફાઉન્ડેશન, ગાંધીનગરને દરિયાઈ રાષ્ટ્રીય ઉદ્યાન અને અભયારણ્યમાં આવેલ કેટલાક ટાપુઓ (જેવાકે, દેડકા-મુન્ડકા, ભેંસબીડ, પિરોટન, કાળુભાર, ધાની, ગાન્ધીયોકડો અને પાનેરો) અને તેમની આસપાસના વિસ્તારોમાં ડુગોંગ (દરીયાઈ ગાય), ડોલ્ફિન અને અન્ય દરિયાઈ સસ્તન પ્રાણીઓનાં વ્યાપ અને તેમની હાલની સ્થિતિ અંગેની સંશોધનાત્મક કામગીરી સોપવામાં આવેલ છે. ઉપરાંત, ઉપરોક્ત જણાવેલ અલગ-અલગ ટાપુઓ અને તેની આસપાસનાં વિસ્તારોમાં દરીયાઈ ઘાસની હાલની સ્થિતિ અને તેનાં વ્યાપ અંગેનો પણ સમાવેશ આ અભ્યાસ હેઠળ આવરી લેવામાં આવનાર છે. વધુમાં “ગીર” ફાઉન્ડેશન, ગાંધીનગરની સંશોધન ટીમ દ્વારા આ અભ્યાસ હેઠળની

કામગીરીની પ્રગતિમાં અમુક ટાપુઓ જેવાકે, નરારા, કાળુભાર અને પિરોટન ટાપુઓ અને તેમના આસપાસનાં વિસ્તારોમાં ઉપરોક્ત જણાવેલ પ્રાણીઓની સ્થિતિ અને તેમના વ્યાપ માટે ક્ષેત્રિય મૂલાકાત પણ લીધેલ છે. આ અંગે હવે નજીકનાં સમયમાં આગોતરું આયોજન કરવામાં આવશે. જે અંતર્ગત આ સંશોધનમાં દરિયાના તળિયાથી લઈને સપાટી સુધીનો વિસ્તાર આવરી લેવામાં આવશે.

- **<u>Project: Study of Biodiversity of Ahmedabad Metro Rail project Phase-II, Surat Metro Rail project Phase-I and its Data Sharing on GBIF Platform:</u>**

ગુજરાત મેટ્રો રેલ કોર્પોરેશનના પ્રોજેક્ટ અંતર્ગત અમદાવાદ જીએમઆરસી ફેસ ટુ અને સુરત જીએમઆરસી ફેસ વનના ટ્રેકને સંલગ્ન જૈવ વૈવિધ્યનું સંશોધન કરવાનું હોય, અમદાવાદ જીએમઆરસી ફેસ ટુ કુલ ૨૨.૨૬ કિલોમીટરના લાંબા મેટ્રો રેલ ટ્રેકના વિસ્તારમાં ક્ષેત્રીય મુલાકાત કરેલ છે.

ત્યાં બંને શહેરોમાં મળીને કુલ 80 સ્ક્વેર કિલોમીટરના વિસ્તારમાં મોજણી કરેલ છે જેના પરિણામે અમદાવાદમાં કુલ 101 જેટલા સજીવો જેમાં 82 પંખીની જાતો 13 સરિસૃપની જાતો તથા 6 સસ્તનની જાતો નોંધવામાં આવી છે. આ મુજબ સુરતમાં કુલ 61 જેટલી જાતો નોંધાઈ છે જેમાં 56 પક્ષીઓ ચાર સરિસૃપો તથા એક સસ્તનની જાતિ એમ મળીને કુલ 61 પ્રજાતિ નોંધવામાં આવી છે.

ઉપરાંત, અમદાવાદમાં કુલ ૨૮૫ જેટલી વનસ્પતિની જાતિઓ મળી આવેલ છે, જેમાં ૭૬ વૃક્ષ, ૩૭ ક્ષુપ, ૧૦૮ છોડ, ૩૯ વેલા અને ૨૫ ઘાસની પ્રજાતિઓનો સમાવેશ થાય છે. સુરત જીએમઆરસી ફેસ વન ના કુલ ૪૦.૩૫ કિલોમીટર મેટ્રો રેલ ટ્રેકના વિસ્તારમાં ક્ષેત્રીય મુલાકાત કરી માહિતિનુ એકત્રીકરણ કરવામાં આવેલ છે, જે માહિતિના વિશ્લેષણની કામગીરી હાલમા ચાલુ છે. આ સંશોધન કામગીરીને આગળ વધારતા અને તેના ભાગરૂપે આ તમામ માહિતી નું આંતરરાષ્ટ્રીય પ્લેટફોર્મ જીબીઆઈએફ એટલે કે ગ્લોબલ બાયો ડાઈવર્સિટી ઇન્ફોર્મેશન ફેસીલીટી પર પ્રકાશિત કરવામાં આવશે. વર્ષ ૨૦૨૩-૨૪નાં આગામી સમયમાં પ્રાણીઓ પંખીઓ શરીરરૂપ અને વેલાઓ ની માહિતી સુવ્યવસ્થિત રીતે જી બી આઈ એફ ની જરૂરિયાત મુજબ ગોઠવી તેના પોર્ટલ ઉપર અપલોડ કરવામાં આવશે.

- **<u>તાપી નદી વિસ્તારનો વિસ્તાર કે જે રૂંધ અને ભાઠા વચ્ચેના સૂચિત બેરેજ હેઠળ આવશે તે વિસ્તારમાં પ્રાણી સૃષ્ટિનું સર્વેક્ષણ:</u>**

સુરત મ્યુનિસિપલ કોર્પોરેશન (SMC) દ્વારા તાપી નદી પર રૂંધ અને ભાથા વચ્ચે એક બેરેજ બાંધવાનું કામ "યુનિક કન્સ્ટ્રક્શન"(સરકારમાં નોંધાયેલ"AA" વર્ગની સુરત સ્થિત બાંધકામ પેઢી)ને સોંપ્યું છે. બેરેજ બનાવાને કારણે તે વિસ્તારમાં એક વિશાળ જળાશય બનશે. યુનિક કન્સ્ટ્રક્શન, સુરત

દ્વારા આ સંભવિત જળાશયના વિસ્તારમાં વર્તમાન પ્રાણીસૃષ્ટિના સર્વેક્ષણની કામગીરી માટે“ગીર” ફાઉન્ડેશન, ગાંધીનગરને વિનંતી કરવામાં આવેલ. જેના અનુસંધાને“ગીર” ફાઉન્ડેશન, ગાંધીનગર દ્વારા આ કામગીરી હાથ ધરવામાં આવેલ છે. વર્ષ ૨૦૨૩-૨૪ દરમિયાન આ કામગીરીની ક્ષેત્રીય માહિતી એકત્રીકરણ, પૃથ્થકરણ અને અહેવાલ તૈયાર કરવાની કામગીરી હાથ ધરવામાં આવેલ છે. માહે નવેમ્બર–૨૦૨૩માં આ અભ્યાસની કામગીરી પૂર્ણ કરીને વિસ્તૃત અહેવાલ યુનિક કન્સ્ટ્રક્શન, સુરતને સાદર કરવામાં આવેલ છે.

- **<u>નળ સરોવર અને થોળ પક્ષી અભયારણ્યમાં પ્રવાસીઓની કેરિંગ કેપેસીટીનો અભ્યાસ:</u>**

સંરક્ષિત વિસ્તારો (PAs)માં સુચારુરૂપે પ્રવાસનના હેતુસર, “ગીર” ફાઉન્ડેશ દ્વારા વન સંરક્ષકશ્રી, વન્યજીવન વર્તુળ, ગાંધીનગરની વિનંતી ઉપર ગુજરાત રાજ્યના બે જળપ્લાવિત સંરક્ષિત વિસ્તારો (PAs) એટલે કે નળ સરોવર અને થોળ અભયારણ્ય કે જે "રામસર સાઇટ્સ" તરીકે આંતરરાષ્ટ્રીય માન્યતા ધરાવે છે, તેની માટે ‘પ્રવાસીઓને સમાવવા માટે વહન ક્ષમતા’ (ટુરિસ્ટ કેરીંગ કેપેસીટી)નો અભ્યાસ હાથ ધરવામાં આવેલ છે. આ પ્રકારનો અભ્યાસ જળપ્લાવિત સંરક્ષિત વિસ્તારો (PAs) ખાસ કરીને “રામસર સાઇટ્સ” માટે દેશનો પ્રથમ અભ્યાસ હશે. વર્ષ ૨૦૨૩-૨૪ દરમિયાન માહે મે-૨૦૨૩માં આ કામગીરીનો વિસ્તૃત અહેવાલ તૈયાર કરીને વન સંરક્ષકશ્રી, વન્યજીવન વર્તુળ, ગાંધીનગર અને અન્ય સંલગ્ન કચેરીઓને સાદર કરવામાં આવેલ છે.

- **<u>“અબન્ડસ સ્ટેટસ ઑફ સિલેકટેડ મેડિસનલ પ્લાન્ટસ ઑફ ગુજરાત સ્ટેટ”:</u>**

ગુજરાત ઔષધિય વનસ્પતિ બોર્ડ, ગુજરાત રાજય, ગાંધીનગર કચેરી દ્વારા ‘ગીર’ ફાઉન્ડેશનને રોજ “અબન્ડસ સ્ટેટસ ઑફ સિલેકટેડ મેડિસનલ પ્લાન્ટસ ઑફ ગુજરાત સ્ટેટ” પ્રોજેકટ ની કામગીરી સોંપવામાં આવેલ છે.

નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪ દરમિયાન આ પ્રોજેક્ટનો ટેકનિકલ રિપોર્ટ તૈયાર કરવામાં આવેલ છે, જે ગુજરાત ઔષધીય વનસ્પતિ બોર્ડ, ગાંધીનગરને પ્રકાશન તેમજ અંતિમ પ્રસ્તુતિ માટે સમીક્ષા અને મંજૂરી માટે સુપ્રત કર્યા બાદ રિપોર્ટ સ્વીકારવામાં આવ્યો હતો. ટેકનિકલ રિપોર્ટની ફાઈનલ ડીઝાઇન પૂર્ણ થઇ ચુકી છે. આ અભ્યાસ અનુસાર અંતિમ રિપોર્ટમાં પ્રસ્તુત કરવામાં આવેલ વિગતવાર માહિતી દ્વારા ગુજરાત રાજ્યમાં ૮૦૭ ઔષધીય વનસ્પતિ પ્રજાતિઓની વિપુલતા અને વિતરણ અંગે એકંદરે ખ્યાલ આવે છે. આ પ્રોજેક્ટના પરિણામ ગુજરાત રાજ્યમાં ઔષધીય

વનસ્પતિઓના સાતત્યપૂર્ણ વ્યવસ્થાપન માટે સહાયક દસ્તાવેજ સ્વરૂપે નીતિ ઘડવૈયાઓ જેવા કે રાજ્ય ઔષધીય વનસ્પતિ બોર્ડ, સંબંધિત સરકારી વિભાગો અને અન્ય હિતધારકો માટે મદદરૂપ રહેશે.

➢ **સ્ટેટ ક્લાઇમેટ ચેન્જ સેન્ટર(ગીર ફાઉન્ડેશન)ને વધુ અસરકારક બનાવવા અંગેની યોજના**

ભારત સરકારના વિજ્ઞાન અને ટેકનોલોજી મંત્રાલય, નવી દિલ્લી દ્વારા ગીર ફાઉન્ડેશન, ગાંધીનગરને IIT ગાંધીનગરના સહયોગથી એપ્રિલ ૨૦૧૯ થી માર્ચ ૨૦૨૪ સુધીના ૫ વર્ષના સમયગાળા માટે સ્ટ્રેટેજિક નોલેજ ફોર ક્લાઇમેટ ચેન્જ(NMSKCC)ના હેઠળ "ગુજરાત રાજ્ય કેન્દ્ર ક્લાઇમેટ ચેન્જ (GSCCC)"ની સ્થાપના કરવામાં આવી છે.

આ માટે ગુજરાતમાં મુખ્યત્વે કૃષિ, જળ સંસાધનો, જંગલો અને જૈવવિવિધતા, ઉર્જા કાર્યક્ષમતા અને નવીનીકરણીય ઉર્જા, શહેરી વિકાસ, દરિયાઈ સપાટીમાં વધારો અને કોસ્ટલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર, અને આરોગ્ય અને સંવેદનશીલ મુદ્દાઓ આ મૂલ્યાંકનો માટે IIT, ગાંધીનગર સાથે કામ કરી રહ્યું છે.

➢ **ઇકો સેન્સીટીવઝોનના ઝોનલ માસ્ટર પ્લાન તૈયાર કરવા અંગીની કામગીરી:**

અગ્ર મુખ્ય વન સંરક્ષકશ્રી, વન્યપ્રાણી, ગુજરાત રાજ્ય ગાંધીનગર દ્વારા ગુજરાત રાજ્યના રાષ્ટ્રીય ઉધાનો તથા અભયારણોના ઇકો સેન્સીટીવઝોનના ઝોનલ માસ્ટર પ્લાન તૈયાર કરવાની કામગીરી 'ગીર' ફાઉન્ડેશન, ગાંધીનગરને સોંપવામાં આવે છે. જે અનવ્યે હાલમાં નળ સરોવર પક્ષી અભયારણ્ય, વાંસદા નેશનલ પાર્ક, હિંગોળગઢ અભયારણ્ય, બરડા અભયારણ્ય, ગીરનાર અભયારણ્ય, પૂર્ણા અભયારણ્ય, નારાયણ સરોવર અભયારણ્ય, શૂળપાર્ણેશ્વર અભયારણ્ય, પોરબંદર પક્ષી અભયારણ્ય, જેસોર અભયારણ્ય, રામપરા અભયારણ્ય, ઘુડખર અભયારણ્ય તથા નારાયણ સરોવર અભયારણ્યના ઇકો સેન્સીટીવઝોનના ઝોનલ માસ્ટર પ્લાન તૈયાર કરવાની કામગીરી હાલમાં ચાલુમાં છે.

➢ **સેટેલાઇટ છબી (ઇમેજ)નો ઉપયોગ કરીને વિવાદિત પ્લોટ (દાવા) (FRA-2006)ની ચકાસણી:**

કમિશનરશ્રી, એફઆરએ સેલ, આદિજાતિ વિકાસની કચેરી, આદિજાતિ વિકાસ વિભાગ, ગાંધીનગર દ્વારા 'ગીર' ફાઉન્ડેશનના, જી.આઇ.એસ. સેલને ૧૩ આદિવાસી જીલ્લા (બનાસકાંઠા, સાબરકાંઠા, અરવલ્લી, મહીસાગર, પંચ મહાલ, દાહોદ, નર્મદા, સુરત, તાપી, નવસારી, ડાંગ, વલસાડ)

ના જંગલ વિસ્તારની જમીનના વિવાદિત દાવાઓની સેટેલાઇટ ડેટાનો ઉપયોગ કરીને ચકાસણી કરવાની કામગીરી સોપવામાં આવેલ છે. આ કામગીરીમાં જે દાવાઓની મંજૂરી ગ્રામ્ય, જીલ્લા કે રાજ્ય લેવલની કમીટીમાં નિર્ણય લઈ શકાય એમ નથી તેવા વિવાદિત દાવાઓની ચકાસણી વર્ષ-૨૦૦૫ના સેટેલાઇટ ડેટાનો ઉપયોગ કરીને તે જમીન પર ખેડાણ હતું કે કેમ? તે ચકાસણી કરવામાં આવે છે.

➢ **<u>નગરવન પ્રોજેક્ટ</u>**

ભારત સરકારસશ્રીના વન અને પર્યાવરણ મંત્રાલય, નવી દિલ્લી દ્વારા અમલમાં મૂકવામાં આવેલ નગરવન યોજના હેઠળ અત્રેના ઇન્દ્રડા પાર્ક, ગાંધીનગર ખાતે નગરવનના નિર્માણની કામગીરી હાથ ધરવામાં આવેલ છે. જે અન્વયે એન્ટ્રી ગેટ, ઇન્ટરનલ રોડ, ક્લામ્બર વેલી, ગ્રીન વેલી, ફ્લાવર વેલી, સ્વીંગ બ્રિજ, બામ્બુ હટ, રોક હાઉસ, ટ્રી હાઉસ, વુડન બ્રિઝ, સેલ્ફી પોઇન્ટ, પીવાના પાણીની વ્યવસ્થા વિગેરે કામગીરી હાલમાં ચાલુમાં છે.

**ભાગ- 3**

**<u>ખર્ચનું વર્ગીકરણ</u>:**

"ગીર" ફાઉન્ડેશન, ગાંધીનગરની સહાયક અનુદાનની યોજના હેઠળ ગ્રાન્ટની ફાળવણી કરવામાં આવે છે. તેમાંથી અધિકારી-કર્મચારીઓના પગાર, ભથ્થા, પ્રવાસ ખર્ચ, કચેરી ખર્ચ, વાહનોની નિભાવણી, કચેરી–મકાનની નિભાવણી, ઇન્દ્રોડા પ્રકુતિ ઉધાનની જાળવણી, વાઇલ્ડરનેસ પાર્કની જાળવણી, હિંગોળગઢ અભ્યારણ્યની જાળવણી, વિશ્વ પર્યાવરણ દિન, વિશ્વ વન દિન, વન્યપ્રાણી સપ્તાહની ઉજવણી કરવાની કામગીરી કરવામાં આવે છે.

ઉપરોક્ત કામગીરી માટે સને ૨૦૨૩-૨૪ના વર્ષમાં મુખ્ય સદર ૨૬/૨૪૦૬ ગ્રાન્ટ ઇન એઇડ હેઠળ રૂ. ૧૬૦૦.૦૦ લાખની ગ્રાન્ટ ફાળવવામાં આવેલ છે. જેમાં અધિકારીઓના પગાર ભથ્થા, કચેરી મકાન જાળવણી, વિવિધ પ્રસંગોની ઉજવણી, વાહનોની નિભાવણી, ઇન્દ્રોડા પાર્કના વિવિધ વિભાગોની જાળવણી તથા ઇન્દ્રોડા પાર્કના વિવિધ વિકાસના કામો માટે તેમજ મુખ્ય સદર ૨૬/૨૪૦૬ વન નિર્માણ અને વન્યપ્રાણી જીવન "ગીર" ફાઉન્ડેશનને સહાયક અનુદાનની યોજના હેઠળ ઇન્દ્રોડા પાર્ક ખાતે આવેલ પ્રાણીઓ માટે નવા આવાસો બનાવવાના હેતુસર રૂ. ૫૦૦.૦૦ લાખની ગ્રાન્ટ ફાળવવામાં આવેલ છે. તથા સને ૨૦૨૪-૨૦૨૫ વર્ષમાં મુખ્ય સદર ૨૬/૨૪૦૬ ગ્રાન્ટ ઇન એઇડ વિભાગ-૨ ચાલુ

બાબત હેઠળ રૂ. ૨૧૫૦.૦૦ લાખ તેમન વિભાગ-૧ નવી બાબત તરીકે રૂ. ૨૦૦૦.૦૦ લાખની દરખાસ્ત કરવામાં આવેલ છે.

"ગીર" ફાઉન્ડેશન, ગાંધીનગર દ્વારા પર્યાવરણ જાગ્રુતિ અંતર્ગત કાર્યક્રમ યોજવા તથા ઇકોલોજીકલ મોનીટરીંગની કામગીરી માટે વન અને પર્યાવરણ દ્વારા મુખ્ય સદર ૨૭/૩૪૩૫ પરિસ્થિતિ વિજ્ઞાનના સદરે ગ્રાન્ટની ફાળવણી કરવામાં આવે છે. જે માટે વર્કશોપ સેમીનાર, રેડીયો કાર્યક્રમ હરિયાળુ ગુજરાત, ઇકો ક્લબ માટે સાહિત્ય તૈયાર કરવું, જલ પ્લાવિત વિસ્તારોના મોનીટરીંગની કામગીરી માટે સને ૨૦૨૩-૨૪ના વર્ષ માટે (ચાલુ બાબતો માટે) રૂ. ૩૩૨.૮૨ લાખની ગ્રાન્ટ ફાળવવામાં આવેલ છે. તથા સને ૨૦૨૪-૨૫ના વર્ષમાં ચાલુ બાબતો માટે રૂ. ૩૮૩.૦૦ લાખ તથા નવી બાબતો માટે રૂ. ૭૫.૦૦ લાખની દરખાસ્ત કરવામાં આવેલ છે.

"ગીર" ફાઉન્ડેશન, ગાંધીનગરની ઉપરોક્ત કામગીરી માટે સરકારશ્રી દ્વારા નીચેની યોજનાઓ માટે ગ્રાન્ટ ફાળવણી કરવામાં આવેલ છે.

**(રૂ લાખમાં)**

| ક્રમ નં | યોજનાનું નામ | વર્ષ ૨૦૨૧-૨૨ | | વર્ષ ૨૦૨૨-૨૩ | | વર્ષ ૨૦૨૩-૨૪ (માહે ડિસેમ્બર-૨૩ [૧૧.૧૨.૨૩ અંતિત) | |
|---|---|---|---|---|---|---|---|
| | | ગ્રાન્ટ | ખર્ચ | ગ્રાન્ટ | ખર્ચ | ગ્રાન્ટ | ખર્ચ |
| ૧. | મુખ્ય સદર ૨૬/૨૪૦૬ વન નિર્માણ અને વન્યપ્રાણી જીવન "ગીર" ફાઉન્ડેશનને સહાયક અનુદાનની યોજના | ૯૦૦.૦૦ | ૯૦૯.૧૫ | ૧૧૦૨.૦૦ | ૧૧૦૨.૦૧ | ૨૧૦૦.૦૦ | ૯૪૮.૨૧ |
| ૨. | ૨૭/૩૪૩૫ પરિસ્થિતિ વિજ્ઞાન અને પર્યાવરણ | ૧૬૨.૦૦ | ૧૬૨.૦૦ | ૨૩૩.૨૫ | ૨૩૩.૨૫ | ૩૩૨.૮૨ | ૧૨૪.૩૭ |

| ક્રમ નં | યોજનાનું નામ | વર્ષ ૨૦૨૧-૨૨ | | વર્ષ ૨૦૨૨-૨૩ | | વર્ષ ૨૦૨૩-૨૪ (માહે ડિસેમ્બર-૨૩ |૧૧.૧૨.૨૩ અંતિત) | |
|---|---|---|---|---|---|---|---|
| | | ગ્રાન્ટ | ખર્ચ | ગ્રાન્ટ | ખર્ચ | ગ્રાન્ટ | ખર્ચ |
| | સહાયક અનુદાનની યોજના | | | | | | |

**ભાગ- ૪**

**નાણાંકીય જરૂરીયાત :**

'ગીર' ફાઉન્ડેશન, ગાંધીનગરની વિવિધ કામગીરીઓ માટે સને ૨૦૨૪-૨૫ના વર્ષમાં નીચેની વિગતે ગ્રાન્ટની દરખાસ્ત કરવામાં આવેલ છે.

(રૂ લાખમાં)

| ક્રમ નં | યોજનાનું નામ | વર્ષ ૨૦૨૪-૨૫ના વર્ષની દરખાસ્ત |
|---|---|---|
| ૧. | મુખ્ય સદર ૨૬/૨૪૦૬ વન નિર્માણ અને વન્યપ્રાણી જીવન " ગીર" ફાઉન્ડેશનને સહાયક અનુદાન (વિભાગ – ૨) ચાલુ બાબત | ૨૧૫૦.૦૦ |
| ૨. | મુખ્ય સદર ૨૬/૨૪૦૬ વન નિર્માણ અને વન્યપ્રાણી ગીર" ફાઉન્ડેશનને સહાયક અનુદાનની જોગવાઇ (વિભાગ – ૧) નવી બાબત | ૨૦૦૦.૦૦ |
| ૩. | ૨૭/૩૪૩૫ પરિસ્થિતિ વિજ્ઞાન અને પર્યાવરણ સહાયક અનુદાનની યોજના (વિભાગ-૨) ચાલુ બાબત | ૩૮૩.૦૦ |
| ૪. | ૨૭/૩૪૩૫ પરિસ્થિતિ વિજ્ઞાન અને પર્યાવરણ સહાયક અનુદાનની યોજના (વિભાગ-૧) નવી બાબત | ૭૫.૦૦ |

# ગુજરાત કલીનર પ્રોડક્શન

# સેન્ટર,

# ગાંધીનગર

**૧. ઔદ્યોગિક વસાહતોમાં ક્લીનર પ્રોડક્શન પ્રમોશન**

"સ્વચ્છ ઉત્પાદન" – ક્લીનર પ્રોડક્શન એટલે ઉત્પાદન ક્ષમતા વધારવાની સાથે-સાથે કચરો ઉત્પન્ન થયા પછી તેના પર પ્રક્રિયા કરવાને બદલે તેનો સ્ત્રોત પર જ નાબૂદ કરવો અથવા તેની માત્રાને લઘુતમ કરવી.
ઉદ્યોગોને ક્લીનર પ્રોડક્શનના અમલીકરણ માટે પ્રોત્સાહીત કરવા માટે નીચે મુજબની પ્રવૃતિઓ કરવામાં આવશે:

1. જન-જાગ્રુતિ માટે વિવિધ ઔદ્યોગિક વસાહતોમાં ક્લીનર પ્રોડક્શન પ્રમોશન પ્રોગ્રામ કરવા
2. ક્લીનર પ્રોડક્શન/ ક્લીન ટેક્નોલોજી નો વિવિધ પ્રસારણ માધ્યમો મારફતે પ્રચાર અને પ્રસાર કરવો.

આ કાર્યક્રમોનો હેતુ કાર્યરત ઉદ્યોગો તેમજ નવા સ્થાપીત થતા ઉદ્યોગોમાં પ્રદૂષણ નિવારણ કરી પર્યાવરણની નૈસર્ગિક સમતુલાની જાળવણી થાય તથા સ્વચ્છ પર્યાવરણનો હેતું સિધ્ધ થાય તે છે. આ ક્લીનર પ્રોડક્શન પ્રમોશન પ્રોગ્રામમા ઉદ્યોગકારોને ક્લીનર પ્રોડક્શન કોન્સેપ્ટ, ક્લીનર પ્રોડક્શન ટુલ્સ, કલીનર પ્રોડક્શન મેથેડોલોજી અને ગુડ હાઉસ કીપીંગ બાબતે માર્ગ દર્શન આપવામાં આવે છે. ઉદ્યોગકારોને પ્રદુષણના ઉદ્દભવ સ્થાનેથીજ તેના ઘટાડા પર વધારે મહત્વ આપવાનું અને તેની તકનીકોનું પણ માર્ગદર્શન આપવામાં આવશે. જુદા-જુદા સેક્ટરની કેસ સ્ટડી ઉદાહરણ સ્વરૂપે સમજાવવામાં આવશે. ઉદ્યોગકારોને પ્રદુષણને લગતા પ્રશ્નોનું નિવારણ માટે સલાહ સુચન પણ આપવામાં આવશે.

૧) જન જાગ્રૃતિ પ્રોગ્રામો અંતર્ગત ક્લીનર પ્રોડક્શન પ્રમોશન પ્રોગ્રામ દરમિયાન ક્લીનર પ્રોડક્શન પ્રમોશન અમલ કરવાના ફાયદા અને ગુજરાત સરકાર તરફથી મળતી નાણાકીય સહાય (subsidy) નું પણ માર્ગદર્શન પાઠવવામાં આવશે. તદ્ઉપરાંત, ક્લીનર પ્રોડક્શનની માહિતી આપતી બુકલેટકીટનું વિતરણ કરવામાં આવશે.

૨ ) ઓનલાઈન અથવા ઓફલાઈન પ્રસારણ માધ્યમો દ્વારા ગુજરાતમાં ક્લીનર પ્રોડક્શનનું વધુમાં વધુ પ્રચાર કરવો જેથી ગુજરાતના ઉદ્યોગોને પ્રદુષણ નિવારણ માટેનુ માર્ગદર્શન મળી રહે.

ઉદ્યોગોમાં આ વિષય પર જન-જાગ્રુતિ માટે કુલ ***૦૮*** ઔદ્યોગિક વસાહતો આવરી લેવામાં આવશે. ઉપરોક્ત દર્શાવેલ પ્રવૃત્તિ માટે, વર્ષ ૨૦૨૪-૨૫ દરમિયાન જીસીપીસી ને **રૂ. ૧૦.૦૦ લાખની** ફાળવણી કરવા માટે.

**<u>૨.ઇજનેરી કોલેજોમાં ક્લીનર પ્રોડક્શન પ્રમોશન પ્રોગ્રામ કરવા બાબતે</u>**

એન્જીનીયરિંગ કોલેજમાં "સ્વચ્છ ઉત્પાદન" (Cleaner Production- CP) વિષય પર જરૂરી માર્ગદર્શન પુરુ પાડવામાં આવતું નથી તેથી વિદ્યાર્થીઓને ઔદ્યોગિક એકમોમાં પ્રદુષણની સમસ્યાની માહિતી હોતી નથી. ગુજરાતમાં હાલમાં, કુલ ૧૬૩ ડિગ્રી એન્જીનીયરીગ કોલેજ છે. જે પૈકી ૪૧ કોલેજોમા કેમિકલ અને ૧૫ કોલેજોમા એન્વાયર્મેન્ટ શાખા છે અને ૧૦ એન્વાયર્મેન્ટલ સાયન્સ કોલેજો આવેલ છે તદ્ઉપરાંત કુલ ૧૪૮ ડિપ્લોમાં એન્જીનીયરીગ કોલેજ છે. જે પૈકી ૧૮ કોલેજોમાં કેમિકલ શાખા છે અને ૨ કોલેજમા એન્વાયરમેન્ટ શાખા છે. તેથી આ પ્રોજેક્ટના ભાગ સ્વરૂપે ગુજરાત ની કેમીકલ, એન્વાયરન્મેન્ટ એન્જીનીયરીંગ અને એન્વાયરન્મેન્ટ સાયન્સ સંલગ્ન કોલેજોમાં સ્વચ્છ ઉત્પાદનના પ્રચાર માટેનો કાર્યક્રમ "સ્વચ્છ ઉત્પાદન" વિષય પર પ્રસ્તુતિકરણ કરી માર્ગદર્શન પુરુ પાડવામાં આવશે.

આ પ્રસ્તુતિકરણ માં (presentation) નીચેનાં મુદ્દાઓ પર ચર્ચા કરી વિદ્યાર્થીઓને માર્ગદર્શન પૂરું પાડવામાં આવશે.

૧) ઉદ્યોગોમાં પ્રદુષણની સમસ્યા

૨) પ્રદુષણના નિવારણ માટે "સ્વચ્છ ઉત્પાદન" નું મહત્વ. (Importance of CP)

૩) "સ્વચ્છ ઉત્પાદન" કરવા માટેની કાર્યપધ્ધતિ (CP Methodology)

૪) "સ્વચ્છ ઉત્પાદન" કરવા માટેના ટુલ્સ (CP tools)

૫) પ્રદુષણના નિવારણ માટે જુદાં જુદાં આધુનિક સંશોધનો અને આધુનિક તકનિકો વિશે માહિતી

૬) અલગ અલગ ઉદ્યોગોમાં "સ્વચ્છ ઉત્પાદન" નાં અમલીકરણ કર્યાની case study વિશે માહિતી અને સમજણ

૭) "સ્વચ્છ ઉત્પાદન" કરવાના ફાયદા

૮) ગુજરાત સરકાર તરફથી મળતી નાણાસહાય (subsidy) નું માર્ગ દર્શન

અંતે "સ્વચ્છ ઉત્પાદન"ની માહિતી આપતી બુકલેટ કીટનુ વિતરણ કરવામાં આવશે. આ માટે ગુજરાતમાંથી વિવિધ ***<u>૧૫</u>*** જેટલી ડિગ્રી, ડિપ્લોમાં ઈજનેરી અને સાયન્સ કોલેજોમાં ક્લીનર પ્રોડક્શન પ્રમોશન પ્રોગ્રામ કરવામાં આવશે.

ઉપરોક્ત દર્શાવેલ પ્રવૃત્તિ માટે, વર્ષ **૨૦૨૪-૨૫** દરમિયાન જીસીપીસીને **<u>રૂ. ૧૨.૦૦ લાખની</u>** ફાળવણી કરવા અર્થે.

### <u>૩. વિદ્યાર્થીઓને રિસર્ચ માટે પ્રોત્સાહિત કરવા સરકાર, ઉદ્યોગો અને વિદ્યાર્થીઓનું સંકલન</u>

ગુજરાતએ દેશનું ઝડપ થી પ્રગતિ કરનારુ રાજ્ય છે. હાલમાં ગુજરાત સતત પ્રગતિશીલ વિકાસ પર ધ્યાન કેન્દ્રિત કરી રહ્યુ છે. બીજી તરફ આજના વિદ્યાર્થીઓ સમાજને આગળ વધારવા અને તેની કાર્યક્ષમતા વધારવામાં મહત્વનો ભાગ ભજવી રહ્યા છે. આજ કાલ વિદ્યાર્થીઓ પોતાના શૈક્ષણિક કાળ દરમિયાન એવા સંશોધન કરે છે કે જેનો ઉદ્યોગોમાં અમલ કરી શકાય છે. આ પ્રોગ્રામ આયોજીત કરવાનો મુખ્ય હેતુ સરકાર, ઉદ્યોગો અને વિદ્યાર્થીઓને એક પ્લેટ્ફોર્મ પૂરું પાડી વિદ્યાર્થીઓએ કરેલા સંશોધનોનો પ્રાયોગીકી કરી તે ઉદ્યોગોમાં અમલી કરણ થાય તથા ઉદ્યોગોને લગતી સંશોધન પ્રક્રિયા આગળ વધે અને ઉદ્યોગોની કાર્યક્ષમતા વધે અને પર્યાવરણની જાળવણી થાય તે છે. એ વિચારસરણીને ધ્યાનમાં રાખીને જીસીપીસી, વિદ્યાર્થીઓની કાર્યક્ષમતા વધે અને આજના યુગમાં સ્પર્ધાત્મક રહે તે માટે આ કાર્યક્રમ ડિગ્રી કેમિકલ અને એન્વાયરમેન્ટલ એન્જીનીયરીંગ તથા એન્વાયરન્મેન્ટલ સાયન્સમાં ભણતા વિદ્યાર્થીઓને સાથે રાખીને કરે છે.

**આ કાર્યક્રમ માટે કરવામાં આવતી કેટલીક પ્રવૃતિઓ નીચે મુજબ છે:**

૧. કોલેજોના ડિગ્રી (કેમિકલ અને એન્વાયરમેન્ટલ એન્જીનીયરીંગ તથા એન્વાયરમેન્ટલ સાયન્સમાં) છેલ્લા વર્ષના વિદ્યાર્થીઓના પ્રોજેક્ટનું એબસ્ટ્રેક્ટ (Abstract) મંગાવવુ કે જેનો મુખ્ય વિષય ક્લીનર પ્રોડક્શન (Cleaner Production)/ વેસ્ટ મીની માઈઝેશન (waste minimization)/ ઊર્જા, પાણી, તેમજ કાચામાલના વપરાશમાં ઘટાડો (Reduction in energy, water & raw material consumption)/પ્રક્રિયા પધ્ધતિમાં બદલાવ (Process change), આધુનિક તકનિકો ...વગેરે હોય .

૨. આ અંતર્ગત ગ્રેજ્યુએટ, પોસ્ટ ગ્રેજ્યુએટ અને પી.એચ.ડી. માંથી પાંચ- પાંચ એમ કુલ પંદર સારા એબસ્ટ્રેક્ટની (Abstract) નિષ્ણાતો (Experts) ની પેનલ મારફતે પસંદગી કરવી.

૩. પ્રથમ પાંચ એબસ્ટ્રેક્ટ (Abstract) બનાવનાર વિદ્યાર્થીઓને અને તેમના માર્ગદર્શક (Guide) ને પણ પ્રોત્સાહન આપવા રોકડ ઇનામ અને સર્ટિફીકેટ માટે એવોર્ડ વિતરણ સમારોહ રાખવો.

૪.પસંદ કરેલા એબસ્ટ્રેક્ટમાંથી નિષ્ણાતો (Experts) ની પેનલ દ્વારા પાંચ સારા research work ને pilot scale પર લઈ જવા માટે સ્ટાઈપેન્ડ (stipend) આપવું.

૫. બધા જ મળેલ એબસ્ટ્રેક્ટનું (Abstract) પુસ્તક (book) પ્રકાશિત કરવું અને તેને ગુજરાતની ઔદ્યોગિક વસાહતો અને શૈક્ષણિક સંસ્થાઓમાં મોકલવી.

ઉપરોક્ત દર્શાવેલ કામગીરી માટે જીસીપીસીને વર્ષ ૨૦૨૪-૨૫ માટે **<u>રૂ. ૧૨.૦૦ લાખ</u>** ની ફાળવણી કરવા અર્થે.

૪. <u>ગુજરાત રાજ્ય સ્વચ્છ ઉત્પાદન (ક્લીનર પ્રોડક્શન) એવોર્ડ (વર્ષ ૨૦૨૩-૨૪ માટે)</u>

વધતા જતા ઔદ્યોગિક પ્રદુષણને અટકાવવા માટે વન અને પર્યાવરણ વિભાગ, ગુજરાત સરકાર દ્વારા પગલાં ભરવામાં આવી રહ્યા છે. આ સંદર્ભે વન અને પર્યાવરણ વિભાગ, ગુજરાત સરકાર તેમજ ગુજરાત ક્લીનર પ્રોડક્શન સેન્ટર દ્વારા સ્વચ્છ ઉત્પાદનની કામગીરીનો ગુજરાતના ઉદ્યોગોમાં ફેલાવો કરવામાં આવી રહેલ છે.

જે અંતર્ગત, ગુજરાત રાજ્યના બધાજ નાના, મધ્યમ અને મોટી કક્ષાના ઔદ્યોગિક એકમો પાસેથી ગુજરાત રાજ્ય સ્વચ્છ ઉત્પાદન એવોર્ડ માટેની અરજીઓ મંગાવવામાં આવે છે. નાણાંકિય વર્ષ ૨૦૨૨-૨૩ દરમિયાન સ્વચ્છ ઉત્પાદનના અમલીકરણ અને ઉદાહરણરૂપ કાર્ય જેવાકે ઉર્જા અને પાણીની બચત, પ્રદૂષિત પાણી તથા ઘન કચરામાં ઘટાડો કરનાર એકમને રાજ્ય સરકાર દ્વારા નિમણુંક કરેલ સમિતિ દ્વારા "એવોર્ડ વિજેતા"નક્કી કરવામા આવશે.

કેન્દ્ર સરકાર દ્વારા હાલમાં માઈક્રો, સ્મોલ અને મિડીયમ એન્ટરપ્રાઈઝ ડેવલોપમેન્ટ એક્ટ ૨૦૦૬ મુજબ ઉદ્યોગોનું વર્ગીકરણ કરી તા. ૦૧.૦૬.૨૦૨૦ના અધિસુચનથી જાહેર કરેલ છે. જે તા. ૦૧.૦૭.૨૦૨૦ થી અમલમાં આવેલ છે. જેને અનુલક્ષીને એવોર્ડની અરજીઓનુ વર્ગીકરણ તેમના પ્લાન્ટ અને મશીનરીના રોકાણ મુજબ કરવામાં આવશે. આ એવોર્ડ રાજ્ય સરકાર સ્તરે વન અને પર્યાવરણ વિભાગ દ્વારા આપવામાં આવે છે અને જીસીપીસી એવોર્ડ માટેની પ્રક્રિયામાં વિભાગની સુચના પ્રમાણે વિભાગને મદદ કરે છે.

તે અંતર્ગત કુલ ચાર એવોર્ડ, જે માંથી બે એવોર્ડ (એક એવોર્ડ મોટી કક્ષાના અને એક એવોર્ડ નાના અને મધ્યમ કક્ષાના ઉદ્યોગોને) વધુ પ્રદુષણની માત્રા ધરાવતી ૧૭ કેટેગરી માંથી અને બે એવોર્ડ (એક એવોર્ડ મોટી કક્ષાના અને એક એવોર્ડ નાના અને મધ્યમ કક્ષાના ઉદ્યોગોને) ઓછી પ્રદુષણની માત્રા ધરાવતા એકમોને આપવામાં આવશે. પ્રથમ આવનાર બંને કક્ષાના એકમોને સીમા ચિન્હ, રોકડ રકમ અને સર્ટીફીકેટ આપવામાં આવશે. દ્વિતીય ક્રમે આવનાર બંને કક્ષાના એકમોને રોકડ રકમ અને સર્ટીફીકેટ આપવામાં આવશે.પ્રથમ અને દ્વિતીય ક્રમે આવનાર એકમને ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ તરફથી રોકડ રકમ આપવામાં આવશે. પ્રથમ ક્રમે આવનાર બંને કક્ષાના ઉદ્યોગોને ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ તરફથી એક વર્ષની વધારાની કન્સેન્ટની મંજુરી પણ આપવામાં આવે છે.

ઉપરોક્ત દર્શાવેલ પ્રવૃત્તિ માટે, ગુજરાત રાજ્ય સ્વચ્છ ઉત્પાદન (ક્લીનર પ્રોડક્શન) એવોર્ડ (વર્ષ ૨૦૨૩-૨૪) માટે જીસીપીસીને વર્ષ ૨૦૨૪-૨૫ માટે **<u>રૂ. ૧૦.૦૦ લાખની</u>** ફાળવણી કરવા અર્થે.

# ગુજરાત બાયોડાયવર્સિટી બોર્ડ,

# ગાંધીનગર

## પ્રસ્તાવના:

ઘટતી જતી જૈવિક વિવિધતાની જાળવણી અંગે જૂન, ૧૯૯૨માં બ્રાઝિલનાં રીયો-ડી-જાનેરો ખાતેના અર્થ સમીટ દરમ્યાન ભાગ લેનાર દેશો દ્વારા  કન્વેન્શન ઓન બાયોડાયવર્સિટી (CBD) કરાર ઉપર હસ્તાક્ષાર કરવામાં આવ્યા. આ કન્વેન્શનમાં૨૯/૧૨/૧૯૯૩ થી અમલમાં આવ્યું. ૧૯૯૪ માં ભારત આ કન્વેન્શનમાં જોડાયું.

**કન્વેન્શનનાં મુખ્ય ઉદ્દેશો:**

- જૈવિક વિવિધતાની જાળવણી કરવી.
- જૈવિક વિવિધતાનાં ઘટકોનો સાતત્યપૂર્ણ અને ટકાઉ ઉપયોગ કરવો.
- જૈવિક વિવિધતાનાં ઉપયોગથી મળતા લાભોની ન્યાયપૂર્ણ અને સપ્રમાણ વહેંચણી કરવી.

જૈવિક વિવિધતા કન્વેન્શનને ધ્યાને રાખી તથા હિત ધારકોને સાંકળતી બાહ્ય અને આંતરિક ચર્ચા વિચારણાની પ્રક્રિયા બાદ, ભારત સરકારે બાયોલોજીકલ ડાયવર્સિટી એક્ટ, ૨૦૦૨ અને બાયોલોજીકલ ડાયવર્સિટીરૂલ્સ, ૨૦૦૪નીસ્થાપના કરી.

## ઉદેશ્યો

- અધિનિયમ/નિયમોની જોગવાઇઓનો અમલ કરવો અને લાગતા વળગતા તમામને માર્ગદર્શન પૂરું પાડવું.
- તાંત્રિક સહાય જુથ (Technical Support Group-TSG)ને સામેલ કરીને  ૧૦૦% જૈવ વિવિધતા વ્યવસ્થાપન સમિતિની રચના કરવી તથા ૧૦૦% લોક જૈવ વિવિધતા રજીસ્ટરો તૈયાર કરવા.ગુજરાત માટે ખાસ કરીને અજોડ / સ્થાનવર્તી હોય અને રાષ્ટ્ર માટે ખુજ મહત્વ ધરાવતી જૈવ વિવિધતાની વસ્તુઓ અને જોખમમાં આવેલી પ્રજાતિની ઓળખ કરવી અને જૈવ વિવિધતા વારસાનાં સ્થળો જાહેર કરવા અને મુકરર કરવા.
- જૈવ વિવિધતા  સાથે જોડાયેલ જૈવ સંસાધનો અથવા તેની સાથે જોડાયેલ જાણકારીનું નિયમન કરવું અને  લાભો વહેંચણીનીની પ્રક્રિયાને પ્રોત્સાહન આપવું
- ગુજરાતના જૈવિક સંસાધનો અને તેની સાથેજ જોડાયેલ જાણકારી પર આઇપીઆરની યાદી તૈયાર કરવી અને તેના રક્ષણ માટે પ્રયત્નો કરવા.

- ૨૦૦૫ની રાજય જૈવ વિવિધતાની વ્યુહ અને યોગ્ય કાર્ય યોજનાની (State Biodiversity Strategy and Action Plan -SBSAP) સમીક્ષા અને સુધારણા હાથ ધરવી. પ્રાપ્તિ અને અવરોધનું પૃથ્થકરણ કરીને ખામી દુર કરવા અંગેની ભલામણ કરવી.

**વ્યુહ રચના**

- ૧૦૦% જૈવ વિવિધતા વ્યવસ્થાપન સમિતિઓ અને ૧૦૦% લોકજૈવ વિવિધતારજીસ્ટર માટે સ્થાનિક સંસ્થા સુધી પહોંચવું.
- જૈવ વિવિધતા વ્યવસ્થાપન સમિતિની રચના તથા લોકોના જૈવ વિવિધતા રજીસ્ટર બનાવવા.
- તાંત્રિક સહાય જૂથની પસંદગી
- જૈવ વિવિધતા વ્યવસ્થાપન સમિતિ અને તાંત્રિક સહાયજૂથ(TSG) નુંસશક્તિકરણ
- તમામ પ્રકારના જૈવ વિવિધતાનું દસ્તાવેજીકરણ
- જૈવ વિવિધતાનાં મહત્વના ઉદ્દેશ જાહેર કરવા
- લોક જાગૃતિ, વિજાણું ડેટાબેઝ, આંતર ક્રીયાસમ વેબસાઈટ અને પ્રચાર સાહિત્ય
- લાભોનીવહેંચણીમાં પ્રવેશ તંત્ર અંગેના માળખાનું તંત્ર
- સબંધિત ખાતાઓ સાથે સંકલન
- રાજ્યજૈવ વિવિધતાવ્યૂહ અને કાર્ય યોજના સુધારવી
- માનવ સંસાધન અને માળખાકીય સુવીધામાતે ભાવી વિસ્તરણ યોજના
- નાણાકીય જરૂરિયાતો અને નાણાનાં સ્ત્રોત.

**જૈવિક વિવિધતા અધિનિયમ માટેની સંસ્થાઓ:**

**૧. નેશનલ બાયોડાયવર્સિટી ઓથોરીટી:**

બી.ડી. એક્ટ, ૨૦૦૨ના અમલીકરણ માટે રાષ્ટ્રીય કક્ષાએ, રાજ્ય અને સ્થાનિક કક્ષાએ અલગ અલગ જૈવિક વિવિધતાની નિયમન સંસ્થાઓની રચના કરવામાં આવેલ છે.રાષ્ટ્રીય કક્ષાએ ભારત

સરકાર દ્વારા ઓક્ટોબર, ૨૦૦૩માં ચૈન્નાઈ ખાતે નેશનલ બાયોડાયવર્સિટી ઓથોરીટીની સ્થાપના કરવામાં આવી છે.

## ૨. <u>ગુજરાત બાયોડાયવર્સિટી બોર્ડ:</u>

બાયોલોજીકલ ડાયવર્સિટી એક્ટ-૨૦૦૨ની કલમ-૨૨ પ્રમાણે ગુજરાત સરકારના વન અને પર્યાવરણ વિભાગના જાહેરનામા નંબર:જીપીએન/૨૦૦૬/૮/ડબલ્યુએલપી/૨૦૦૩/૧૭૭૭/

જીઆઇ તા.૧૧/૦૫/૨૦૦૬ થી ગુજરાત રાજ્યમાં "ગુજરાત બાયોડાયવર્સિટી બોર્ડ"ની રચના કરવામાં આવે છે.

### <u>૨.૧ ગુજરાત બાયોડાયવર્સિટી બોર્ડનાં કાર્યો:</u>

- જૈવિક વિવિધતા સંરક્ષણને લગતી બાબતો, જૈવિક સંસાધનોનો સાતત્યપૂર્ણ ઉપયોગ તથા જૈવિક સંસાધનોનાં ઉપયોગથી મળતા લાભોની ન્યાયપૂર્ણ અને સપ્રમાણ વહેંચણી થાય તે બાબતમાં કેન્દ્ર સરકાર દ્વારા જાહેર કરેલ માર્ગદર્શક નીતિ મુજબ રાજ્ય સરકારને સલાહ આપવી.
- ભારતીયો દ્વારા જૈવિક સંસાધનોનાં વાણિજ્ય ઉપયોગ, જૈવિક વિવિધતાના સંરક્ષણ, મોજણી અને જૈવિક ઉપયોગીતા માટેની પ્રક્રિયાનું નિયમન કરવું.
- બી.ડી. એક્ટ, ૨૦૦૨માં કરેલ જોગવાઈઓનાં અમલ કરવા માટે તથા રાજ્ય સરકાર દ્વારા નિર્દિષ્ટ કરવામાં આવે તે અંગે જરૂરી તમામ કાર્યો કરવા.

### ૨.૨ ગુજરાત બાયોડાયવર્સિટી બોર્ડ દ્વારા કરવામાં આવેલા કાર્યો

- હાલ સુધીમાં બોર્ડ દ્વારા <u>કુલ-**૧૪,૫૮૬**</u> જૈવવિવિધતા વ્યવસ્થાપન સમિતિ(બીએમસી)ની રચના થયેલ છે.
- હાલ સુધીમાં <u>કુલ-૩૦૬૧</u> લોકોના વિવિધતા રજીસ્ટર(PBR)ને મંજૂરી આપવામાં આવેલ છે જયારે <u>૪૬૭૨</u> લોકોના વિવિધતા રજીસ્ટર(PBR)નું કાર્ય પ્રગતિ માં છે.

- BHS - રાજ્ય માં જોવા મળતી વિશિષ્ટ જૈવવિવિધતા ના વરસના સ્થળો તરીકે ૦૨ સ્થળો ને જાહેર કરવાનું કાર્ય પ્રગતિ માં છે.

  **1. ઇનલેન્ડ મેન્ગ્રુવ, ગુનેરી લખપત કચ્છ**

  **2. નેચરલ મેંગો ફોરેસ્ટ ચીંચલી, ડાંગ**

- ગુજરાત બાયોડાયવર્સીટી બોર્ડ દ્વારા સ્ટેટ બાયોડાયવર્સીટી એક્શન પ્લાન ૨૦૧૬ને સરકાર દ્વારા મંજૂરી લેવામાં આવેલ છે
- પીર ટૂ પીર લર્નિંગ હેઠળ કુલ ૦૬ મુલાકાતો - 03 રાજ્યમાં અને 03 રાજ્ય બહાર કરવામાં આવેલ છે
- બોર્ડ દ્વારા રાજ્ય ની ૧૬ વનસ્પતિ ની જાતોને અને૦૮ પ્રાણી ની જાતોને ભયગ્રસ્ત જાહેર કરવામાં આવેલ છે.
- ગુજરાતના જૈવિક વિવિધતાના દસ્તાવેજીકરણ માટે ૦૮ વનસ્પતિઅને ૦૫ પ્રાણીઓના સંશોધન પ્રોજેક્ટ યુનિવર્સિટી અને રીસર્ચ કરતી સંસ્થાને આપેલ છે.

**૨.3 પરિસ્થિતિકીયસ્ત્રોતોના ઉપયોગોથી ઉદ્ભવતા લાભોની યોગ્ય તથા સમાન ભાગે વહેંચણી.**

- જૈવિકવિવિધતાના વ્યવસાયિક ધોરણે ઉપયોગ કરતા એકમો/કંપનીઓ કુલ-૧૩૨ વિવિધ કંપનીઓ/એકમોએ બોર્ડ માં નોંધણી કરાવેલ છે, જેમાથી ૧૦ કંપનીઓ/એકમો સાથે એબીએસ માટે કરારો(MOU)નેશનલ બાયોડાયવર્સિટી બોર્ડ, ચેન્નઇ એ ઇસ્યુ કરેલ ગાઇડલાઇન પ્રમાણે કરવામાં આવેલ છે
  - કંપની / એકમો જે જૈવિક સ્ત્રોતોનું વ્યવસાયિક ધોરણે ઉપયોગ કરતા હોય તેને ઓળખી લેવામાં આવ્યા છે.

## 3. ચાલુ નાણાંકીય વર્ષ ૨૦૨૩-૨૪ ની ભૌતિક સિધ્ધીઓ.

ચાલુ નાણાંકીય વર્ષમાં માંગણી નંબર-૨૬, મુખ્ય સદર ૨૪૦૬-વન નિર્માણ અને વન્ય પ્રાણી જીવન, પેટા સદર : ગુજરાત બાયોડાયર્વસિટી બોર્ડ ગ્રાન્ટ ઇન એઇડ જનરલ ટુ અધર્સ હેઠળ વિભાગ-ર ચાલુ બાબત હેઠળ **રૂા. ૧૧૮૦.00** લાખની બજેટ જોગવાઇ મંજુર થયેલ છે. સદર નાણાંકીય જોગવાઇમાં વહિવટી સ્ટાફનો પગાર, કચેરી ખર્ચ, વાહન ખર્ચ તેમજ બોર્ડની અન્ય પ્રવૃતિઓ માટેની રકમનો પણ

સમાવેશ થાય છે. સદર મંજુર થયેલ નાણાંકીય જોગવાઇ અન્વયે  હાંસલ કરવામાં આવેલ મુખ્યત્વે ભૌતિક સિધ્ધીઓની વિગત નીચે મુજબ છે.

1) ૬,૬૬૬ જૈવ વિવિધતા વ્યવસ્થાપન સમિતિઓના પુન: નિર્માણની કામગીરી પૈકી ૨,૩૪૩ ની રચના પુર્ણ થઈ ગયેલ છે તથા ૪,૩૨૩ બી.એમ.સીની કામગીરી પ્રગતિમાં છે.
2) લોકોના જૈવ વિવિધતા રજીસ્ટરો (People Biodiversity Registers) બનાવવાના કુલ-૪૬૭૨ ભૌતિક લક્ષ્યાંક અન્વયે આ અંગેની કાર્યવાહી ગતિમાં છે.

**<u>૪. ચાલુ બાબત હેઠળના ભૌતિક લક્ષાંકો</u>**

(૧) રાજ્યમાં આવેલ સ્થાનિક સંસ્થાઓમાં ૪,૬૭૨ ગ્રામ પંચાયતોમાં લોકોનું જૈવવિવિધતા પત્રક (PBR)તૈયાર કરવા અંગેની કામગીરી

(૨) ૬,૬૬૬ જૈવ વિવિધતા વ્યવસ્થાપન સમિતિઓના પુન: નિર્માણની કામગીરી પૈકી ૨,૩૪૩ ની રચના પૂર્ણ  થઈ ગયેલ છે તથા ૪,૩૨૩ બી.એમ.સીની કામગીરી પ્રગતિમાં છે.

(૩) જૈવિક વિવિધતા અધિનિયમ ૨૦૦૨, તેમજ જૈવિક વિવિધતા સંરક્ષણ, ટકાઉ ઉપયોગ અને ABS અંગે ટ્રેનીંગ/વર્કશોપનું આયોજન

વર્ષ ૨૦૨૪-૨૫ માટે **<u>રૂ. ૧૩૫૦.૦૦ લાખની</u>** જોગવાઈ કરવામાં આવેલ છે.

---

**સરકારી મુદ્રણાલય અને લેખન સામગ્રી, રાજકોટ.**